શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા પ્રકાશિત પ્રત્યેક કચ્છી પરિવારનું મુખપત્ર
આજીવન લવાજમ : રૂા. ૧૫૦૦/-

# કચ્છશ્રુતિ

વર્ષ : ૩૩મું
ઓગસ્ટ : ૨૦૧૯ ● અંક : ૨
પાના નં. ૧ ● કુલ પેજ : ૫૬

૧૫ ઓગસ્ટ, ૨૦૧૯ પ્રસિદ્ધ કર્યા તા. ૧૦-૦૮-૨૦૧૯ કિંમત : રૂા. ૧૮/-




આ અંકનું સૌજન્ય

## વિનોદ કુલ સ્ટોર પ્રા. લિ.
ગાંધીનગર

તંત્રી મંડળ : અશોક મહેતા (મુખ્ય તંત્રી) ● દિનેશભાઈ આર. મહેતા ● ભોલાભાઈ ગોલીબાર

મુખ્ય કાર્યાલય : **શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**
૭૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, એલિસબ્રિજ, અમદાવાદ - ૩૮૦ ૦૦૬. ● ફોન : ૦૭૯-૨૬૫૭૬૧૮૪, ૪૦૦૭૬૧૮૪
Email : kutchhisamaj@gmail.com • Website : www.kutchisamajahmedabad.org.

Sunil R. Suthar, SID, CEPT : 97237 50005
Mansukh R. Suthar : 98250 14528
Ratilal M. Suthar : 93742 04600



**HOME DESIGN**
**FURNITURE**
Showroom & Mfg. of Wooden Furniture

Specialist for
Dining Table
Sofa Set
Bedroom Set

Office : Shop No. 102, 1st Floor, Sarthak-II, Opp. Rajpath Club, S.G. Highway, Ahmedabad-380 051.
Factory : Plot No. 64-65-66, Swagat, 3, Industrial Estate, Kuha - Kanbha Road, Kuha, Ta. : Dascroi, Dist. : Ahmedabad.
E-mail : homedesign3202@gmail.com

**જીવદયા પ્રેમીઓ.... દાનવીર દાતાઓ.....**

શ્રી કચ્છ જિલ્લા પાંજરાપોળ ગૌશાળા સંગઠન
માતુશ્રી મેઘબાઈ અને પિતાશ્રી પાલશી માલશી બેદા-મોખા (બાળા)
કાર્યાલય શ્રી આશાપુરા રીંગરોડ, સોનીવાડ, સોનીવાડ કોમ્પલેક્ષ, પહેલો માળ, ઓફિસ નં. ૧૨૭ / ૧૩૦
ભુજ - કચ્છ (ગુજરાત), ૩૭૦ ૦૦૧ ફોન : ૦૨૮૩૨ - ૨૨૭૩૦૪ મો. : ૦૯૯૦૪૮૩૧૫૧૪
મુંબઈ ઓફિસ :
માતુશ્રી મેઘબાઈ અને પિતાશ્રી પાલશી માલશી બેદા-મોખા (બાળા)
૩૦૭ / ૩૧૧ સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, ૧૩ કાનજી મેન્શન, ગોકુલ ધામ હોટલની બાજુમાં, મુંબઈ ૪૦૦ ૦૦૪
૨૩૮૧૩૭૩૩, ૬૬૩૮૦૫૦૦, ૯૮૨૦૨ ૯૮૭૨૬, ૯૭૧૩૯ ૫૩૮૫૬

મૂકેશભાઈ સાવલા : ૯૮૨૫૦ ૩૪૫૬૯
સાગર સાવલા : ૯૪૭૯૧ ૧૩૦૯૪

**શ્રી કચ્છી સમાજ - અમદાવાદને તથા તેના મુખપત્ર 'કચ્છશ્રુતિ'ને શુભેચ્છા....**

**શ્રી મૂકેશભાઈ એમ. સાવલા**
૧૦, શૈલરાજ બંગ્લોઝ, આમ્રપલાસ બંગ્લોઝ,
ફન રીપબ્લિકની પાછળ,
રામદેવનગર, સેટેલાઇટ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.

Maheshbhai M. : 92272 11715
SGI
Parag Kataria M. : 99247 19527

**SWASTIK GUM INDUSTRIES (INDIA)**
Manufacturers & Exporters of
Premium Quality Gluten Free Rice Flour,
Guar Gum Powder, Guar Meal & its Variants
Spices & Other Agro Products

Registered Office
328, G.V.M.S.A.V., Odhav, Ahmedabad-382 415, Gujarat, India.
Tel. : +91 79 22900063/64 Fax : +91 79 22900065
E-mail : swastikgum@gmail.com Web : www.swastikgum.com

**iolite**
**SCHOOL MANAGEMENT SOFTWARE**
**IOLITE SOFTWARES PRIVATE LIMITED**
406, Tilakraj Complex, B/h Center Point, Panchavati,
Ellisbridge, Ahmedabad - 380 006, Gujarat, India.
T +91-79-2646 4846, 2644 1050, M +91-92270 00105
E rahul@iolitesoftwares.com, www.iolitesoftwares.com

**INDOTEX PAINTS**
• DURABLE • DECORATIVE • PROTECTIVE
Regd. Office : "Indotex House" Nr. GNFC Info Tower, S.G. Highway, Bodakdev, Ahmedabad-380 054.
Ph. : (0) 26853279 • M. : 9909444598 • Telefax : 079-26857412
E-mail : indotexpaints@yahoo.co.in • Website : www.indotexpaints.com
Ahmedabad - Kunal N. Shah : 98250 33598 • Mumbai : Punit N. Shah : 98205 14143
Gujarat, Rajasthan, Maharashtra, Karnataka, Goa, Andhra Pradesh

જીવદયા કરુણા અહિંસા ગુંદાલા પાંજરાપોળ
**શ્રી વર્ધમાન જીવદયા કેન્દ્ર**
(ગુંદાલા - મુંબઈ) પૂ. જ્યોતિ અહિંસાધામ
પંચગવ્ય આયુર્વેદીક ઓષધીઓનું નિર્માણ
પંચગવ્ય આયુર્વેદીક ઔષધીઓનું નિર્માણ અને ટ્રેનીંગ સેન્ટર
બિમાર પશુ-પક્ષીઓનું દવાખાનુ
એક થી દસ વર્ષ બાળકો માટે પીગી બેંક
બેસ્ટ પાંજરાપોળ, ગૌશાળા, મહાવીર જીવદયા એવોર્ડ, કચ્છગૌરવ-અહિંસારત્ન
કાર્યાલય : ૩૧૫, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, કાનજી મેન્શન, ગોકુલધામ હોટલની બાજુમાં, અલંકાર સિનેમાની પાસે, મુંબઈ - ૪ ફોન : ૨૩૮૧૩૭૩૩, ૬૬૩૮૦૫૦૦
કાર્યક્ષેત્ર : ગામ - ગુંદાલા, તાલુકા - મુંદ્રા, જિલ્લો - કચ્છ - ૩૭૦ ૪૧૦
ફોન : ૦૨૮૩૮ - ૨૮૧૧૩૬ • ફેક્સ : ૦૨૮૩૮ - ૨૮૧૨૪૦

**INSTA-POWER**
Humble Efforts to Provide Quality Power
ISO 9001:2008, Certified Company
www.comfortinstapower.com



DISTRIBUTION TRANSFORMER
11 KV, 22 KV & 33 KV Class
upto 7000 KVA, Conforming to
IS-2026, IS-1180, 2014

OTHER PRODUCTS
■ Furnace Transformer ■ Lighting Transformer ■ Isolation Transformer
■ Online UPS ■ Servo Voltage Stabiliser from 1 KVA to 1000 KVA
WE ALSO UNDERTAKE TRANSFORMER MAINTENANCE, REPAIRING & OIL FILTRATION JOB

**COMFORT INSTA-POWER LTD.**
Corp. & Regd. Office Vadodara. Mo. : 9825374323
Works 1 (Anjar - Kutch) Mo. : 9925293489
Works 2 (Waghodia - Vadodara)


www.artnirman.com
A Project by: ART Nirman Ltd.
श्री विष्णुधारा GARDENS
2&3 BHK | SHOPS | OFFICES
WITH ALL BRANDED FITTINGS
FOR THOSE WHO CARE FOR QUALITY
The Limitless Luxury Living
The landmark housing project @ Gota.
SAMPLE HOUSE READY
100%* LOAN PAPERS AVAILABLE
ALL USEFUL AMENITIES
Lush Green Landscaping | Affordable Luxury | Blissful Living
WITH ALL USEFUL LUXURIOUS AMENITIES
Attractive Garden
Kids Play Area
Club House
Community Hall
Jogging Track
4 Star Guest House
Basement Parking
Multi Purpose Court
SITE OFFICE : BEHIND EULOGIA HOTEL, OFF. S.G. HIGHWAY, GOTA, JAGATPUR, AHMEDABAD.
FOR BOOKING / INQUIRY CALL ▸ 88 66 71 44 99 | 88 66 38 44 99

# 'નવનીત'નાં જનરલ નોલેજ માટેનાં શ્રેષ્ઠ પ્રકાશનો

શૈક્ષણિક, વૈજ્ઞાનિક, વ્યાપારિક, રાજકીય, માનવીય, શારીરિક, માનસિક, બૌદ્ધિક, વ્યાવસાયિક, સ્વાસ્થ્યલક્ષી, વાસ્તુલક્ષી, ખેચર-ભૂચર-જળચર, પશુ-પંખી-જીવ-જંતુ-કીટાણુ, વાનસ્પતિક, જૈવિક, ભૌગોલિક, ખગોળીય, બ્રહ્માંડીય / વૈશ્વિક – તમામ વિષયો માટે 'ગાગરમાં સાગર' સમાં ને જ્ઞાનના ખજાના જેવાં આ પ્રકાશનો દરેક ઘરમાં અવશ્ય હોવાં જ જોઈએ. આજે જ વસાવી લેશો. આબાલ-વૃદ્ધ સૌ માટે ખૂબ જ ઉપયોગી નીવડશે !




NAVNEET

દરેક બુકસેલરને ત્યાં મળે છે.

॥ જય શ્રી સ્વામિનારાયણ ॥

*With Best Compliments From*

**Shashikant Pindoria**
**M. : +91 94276 09013, +91 97141 09013**

# VINOD

**ISO 9001 : 2015 Certified Company**

**COOL STORES PVT. LTD.**

Nr. Narmada Canal Over Bridge, Ahmedabad-Himmatnagar Highway, N.H. No.-8,
Outside Nana Chiloda Ring Road Circle, Post : LIMBADIA, Dist. Gandhinagar.
**Phone : +91 94266 77561, E-mail : vinodcool1999@gmail.com**

# JAY AMBE

**ISO 9001 : 2015 Certified Company**

**HIMGHAR PVT. LTD.**

**Cold Storage :** Dehgam - Modasa Road, Post - SAMPA, Tal. Dehgam., Dist. Gandhinagar.
**Phone : +91 98251 96562, E-mail : jayambehimghar1994@gmail.com**

# Madhusudan

**COOL STORES PVT. LTD.**

Nr. Ranasan Char Rasta, Ranasan - Dhansura Road, Post. Ramosh,
Tal. Dhansura, Dist. Arvalli, Gujarat.
**E-mail : madhusudancool2015@gmail.com**

વર્ષ-૩૩ ● અંક - ૨
૧૫ ઓગસ્ટ, ૨૦૧૯

**માનદ્ સલાહકાર**
શ્રી હંસરાજ કંસારા

**તંત્રી મંડળ**
અશોક મહેતા - મુખ્ય તંત્રી
મો. ૯૮૨૫૩૨૨૬૮૯/૯૮૭૯૦૬૩૧૦૦
દિનેશ આર. મહેતા
મો. ૯૯૨૪૩૪૨૬૨૮
ભોલાભાઈ ગોલીબાર
ફોન : (૦૭૯) ૨૬૬૦૬૮૮૮

**વ્યવસ્થાપક સમિતિ/જાહેરાત સમિતિ**
શ્રી મનુભાઈ કોટડિયા - કન્વીનર
મો. ૯૬૦૧૨ ૭૫૦૭૮
શ્રી ભરત ઓઝા - સભ્ય
મો. ૯૮૨૫૭ ૧૪૮૩૩
શ્રી સુનીલ દાવડા - સભ્ય
મો. ૯૮૨૫૦ ૨૧૪૨૩

**વિભાગીય સંપાદન**
વતનના વાવડ - ભરત ઓઝા
ગાંધીનગર ગાથા - વર્ષા મહેતા
મહિલા વિશ્વ - રેખાબેન શુકલ
કલરવ - દિનેશ માંકડ
શબ્દ-શોધ - પ્રદીપ જોશી-આદિપુર

**પત્ર વ્યવહારનું સરનામું**
શ્રી કચ્છી સમાજ - અમદાવાદ
૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૬૧૮૪, ૪૦૦૭૬૧૮૪
Email : kutchhisamaj@gmail.com

●

Kutchshruti Available on
www.kutchisamajahmedabad.org
www.asanjokutch.com
www.hellokutchis.com

**કચ્છ શ્રુતિ લવાજમ**
૨ વર્ષ : રૂા. ૫૦૦/-
૫ વર્ષ : રૂા. ૧૦૦૦/-
આજીવન : રૂા. ૧૫૦૦/-
ચેક/ડ્રાફ્ટ : 'શ્રી કચ્છી સમાજ-અમદાવાદ'ના નામનો મોકલવો.

'કચ્છશ્રુતિ'માં પ્રકાશિત રચના-લેખ આદિમાં અભિવ્યક્ત વિચારો, માહિતી ઈત્યાદિ સાથે 'કચ્છશ્રુતિ' તંત્રી મંડળનું સહમત હોવું આવશ્યક નથી. - મુખ્ય તંત્રી

## આ અંકમાં....

**તંત્રી લેખ**
- નર્મદા નદીના પાણીના પ્રશ્ને કચ્છને થતા અન્યાયનું નિવારણ શું? ........... **અશોક મહેતા**....૭

**કચ્છ**
- અણમોલ કચ્છી સંગીતકાર બેલડી : કલ્યાણજી - આણંદજી ........................ **યુસુફ મીર**...૯
- કચ્છની કલ્પવૃક્ષ ખારેક મરણ પથારીએ જઈ રહી છે ................ **અશ્વિન ઝિંઝુવાડિયા**...૧૧
- કચ્છ માંડવીની ગોકુલદાસ તેજપાલ હાઈસ્કૂલની સુવર્ણ યાદ – (૨) ........................ **ચિત્રસેન શાહ**...૧૩

**સત્ય ઘટના**
- કોને કહું દલડાની વાત? ........................ **પારુલ આર. પટેલ**....૧૫

**પ્રતિભાવ**
- પ્રતિભાવ ........................ ....૧૯

**સંસ્થા સમાચાર**
- કચ્છી નૂતન વર્ષ મિલન સમારંભનો અહેવાલ ........................ ....૨૨
- કચ્છી નૂતન વર્ષ મિલન સમારંભ, સરસ્વતી સન્માન તથા મનોરંજન કાર્યક્રમના ફોટાઓ......... ૨૫
- મિલન સમારંભના સમયે વહેલ દાનની સરવાણી ........................ ....૩૩
- 'વૈજ્ઞાનિક માહિતી વિશેષાંક'ના સૌજન્ય દાતાશ્રીઓની નામાવલી ........................ ....૩૪
- સરસ્વતી સન્માનના તેજસ્વી તારલાઓની યાદી ........................ ....૩૫
- મિલન સમારંભના કાર્યકરો તથા મનોરંજન કાર્યક્રમના કલાકારો સાથે ગેટ-ટુ-ગેધર ........... ....૩૭
- ગુજરાત ચેમ્બર ઑફ કોમર્સની સમિતિના પ્રમુખપદે શ્રી કૈલાસદાન ગઢવીની વરણી .......... ....૩૭
- ટ્રસ્ટ મંડળ તથા કારોબારી સમિતિના સભ્યોની મીટિંગની હાજરી ........................ ....૩૮

**સમાજ**
- અવસાન નોંધ ........................ ૩૯
- ખુશી જીત શાહે મ્યુનિ. શાળાના ૭૦૦ વિદ્યાર્થીઓને ફ્રી માં ગોળા ખવડાવ્યા........................ ૩૯
- પૂર્વ મુખ્યમંત્રી શ્રી સુરેશચંદ્ર મહેતાના ધર્મપત્નીનું અવસાન ........................ ૩૯
- 'દિવ્ય ભાસ્કર'ની કોફી ટેબલ બુકમાં અમદાવાદ સ્થિત કચ્છી ઉદ્યોગપતિનો સમાવેશ ............ ૪૧

**અન્ય સંસ્થાના સમાચાર**
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ ........................ ૪૨
- મોમ્બાસાના કચ્છી દાતા ત્રણસો દીકરીઓના પાલક પિતા બન્યા ........................ ૪૨
- 'કચ્છ શક્તિ' દ્વારા ૨૦ નેશનલ એવોર્ડનું વિતરણ ........................ ૪૩
- બે વર્ષના અનુભવ બાદ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્ષ (જી.એસ.ટી.) પર ફોકિયાનો સેમિનાર .......... ૪૪
- ભચાઉમાં નિર્માણ પામ્યું કનકસૂરી અહિંસાધામ ........................ ૪૪

**કાવ્યો**
- કાવ્યો ........................ ૪૭

**વિવિધતા**
- અજબ સવાલના રમૂજી જવાબ ........................ **ભાવના એ. ઝવેરી**...૪૯
- શબ્દ શોધ : ક્રમાંક-૮૬ ........................ **પ્રદીપ જોષી - આદિપુર**....૫૦

**સમાજ સમાચાર**
- શ્રી કચ્છી સમાજ - અમદાવાદનો દૈનિક અહેવાલ ........................ ...૫૧

તંત્રીલેખ

# નર્મદા નદીના પાણી પ્રશ્ને કચ્છને થતા અન્યાયનું નિવારણ શું?



અશોક મહેતા

કચ્છને વર્ષ ૧૯૭૯ બાદ ફાળવવામાં આવેલ નર્મદા નદીના ૦.૫ એમ.એ.એફ. નિયમિત પાણી માટેની ૩૫૩ કિ.મી. લાંબી કચ્છ બ્રાંચ કેનાલના કાર્યો વર્ષ ૨૦૦૬માં શરૂ કરવામાં આવેલ, કે જે આજે વર્ષ ૨૦૧૯માં એટલે કે ૧૩ વર્ષ બાદ પણ પરિપૂર્ણ કરીને માંડવીના મોડકુવા સુધી તેના પાણી પહોંચાડવામાં આવેલ નથી. તે માટે સરદાર સરોવર નર્મદા નિગમ જેટલી જવાબદાર છે તેટલા જ જવાબદાર કચ્છના જાહેર જીવનમાં પડેલ મહાનુભાવો પણ જવાબદાર છે. કોઈ પણ પ્રકારના જાહેર જીવનમાં પડેલ મહાનુભાવો પોતાના પ્રદેશ માટે કેટલા નાકામિયાબ છે તેનો આ જીવંત પુરાવો છે.

એ જ રીતે વર્ષ ૨૦૦૬માં ફાળવવામાં આવેલ નર્મદા નદીના વધારાના ૧.૦૦ એમ.એ.એફ. પાણીની કેનાલોના કામ આજ દિવસ સુધી જળસિંચાઈ વિભાગ તરફથી શરૂ કરવામાં આવેલ નથી. તેના માટે જળસિંચાઈ વિભાગની જવાબદારીની સાથે સાથે કચ્છના જાહેર જીવનના મહાનુભાવો પણ તેટલા જ જવાબદાર છે. એક જ સમયે ગુજરાત સરકારશ્રી દ્વારા સમાન જાહેરાતો થયેલ હોવા છતાં ઉત્તર ગુજરાતના આ પ્રકારના કાર્યો 'સુજલામ્ સુફલામ્ યોજના' અંતર્ગત પરિપૂર્ણ કરી દેવામાં આવેલ છે. 'સૌની યોજના' અંતર્ગત સૌરાષ્ટ્રના મોટાભાગના કાર્યો પૂર્ણ થવાના આરે આવેલ છે. જ્યારે ગુજરાતના સૌથી વધારે અસરગ્રસ્ત કચ્છ જિલ્લાની મૂળ રૂપિયા ૪૮૦૦ કરોડની યોજનાના (હાલે કદાચ એ અંદાજિત રકમ રૂપિયા ૧૦,૦૦૦ કરોડ પહોંચશે) કાર્યો પાછળ માત્ર રૂા. ૩ કરોડનો ખર્ચ કરવામાં આવેલ છે. આર.ટી.આઈ. અંતર્ગત જળસિંચાઈ વિભાગે આપેલ આ જવાબ છે. જાહેર જીવનમાં પડેલ કચ્છી મહાનુભાવોની નાકામિયાબીનો આ બીજો જ્વલંત ઉદાહરણ છે.

જો કચ્છના ખેતરમાં નિયમિત અને વધારાના પાણી વહેવા લાગે અને કચ્છના ખેડૂતોને ચોમાસા કે ત્યાર પછીના શિયાળામાં આ પાણીનું વિતરણ કરવામાં આવે તો હાલે કચ્છના ખેડૂતોની વાર્ષિક આવક જે કંઈ પણ હોય તેમાં ઓછામાં ઓછા રૂા. ૨૫૦૦ કરોડનો વધારો સંભવિત બની શકે. કચ્છનો ખેડૂત આબાદીના પંથે ચડી શકે. ગત સીઝનમાં વાગડ વિભાગના ખેડૂતોએ કચ્છ બ્રાંચ કેનાલમાંથી જાતે પાણી લઈ જઈ રૂા. ૪૦૦ કરોડના જીરાનો મબલખ પાક મેળવેલ હતો. એ સમાચાર એ સમયે કચ્છના વર્તમાનપત્રોમાં પ્રસારિત થયેલ જ હતા. આ પરિસ્થિતિમાં સમગ્ર કચ્છમાં આ પાણી આપવામાં આવે તો કચ્છના ખેડૂતોની આબાદીમાં અનહદ વધારો થઈ શકે એ નિર્વિવાદ હકીકત છે.

જ્યારે કચ્છના જાહેર જીવનમાં પડેલ શ્રેષ્ઠીઓ આ પ્રશ્ને નાકામિયાબ રહેલ છે ત્યારે જેમને આ પ્રશ્ને મુખ્યત્વે અસર થવાની છે એ કચ્છના કિસાન વર્ગના અવાજ અને તેનો અસંતોષ જાહેર જીવનમાં જોઈએ તેવો પડઘા પાડી શકેલ નથી એ હકીકત છે. કચ્છના આ કિસાનો પોતાના પ્રાણ પ્રશ્નને બાજુ પર રાખી અન્ય ઉલજનમાં પડ્યા હોય તેમ દેખાય છે. ભારતીય કિસાન સંઘની કચ્છ શાખા આ પ્રશ્નની ગંભીરતા સમજતી હોવા છતાં ખોંખારીને બહાર આવી શકેલ નથી એ હકીકત છે.

આ પ્રશ્નના વિશ્લેષણમાં ઉતરતા ખ્યાલ આવે છે કે ભારતીય કિસાન સંઘની કચ્છ જિલ્લાની શાખા બે ભાગમાં વહેંચાઈ ગયેલ છે : (૧) ભારતીય કિસાન સંઘ - પૂર્વ કચ્છ વિભાગ અને (૨) ભારતીય કિસાન સંઘ - પશ્ચિમ કચ્છ વિભાગ. ભારતીય કિસાન સંઘના પશ્ચિમ કચ્છ વિભાગમાં મુંદ્રા અને માંડવી તાલુકા આવે છે. જ્યારે પૂર્વ

**એક મિનિટમાં જીવન બદલાતું નથી, પરંતુ એક મિનિટ વિચારીને લીધેલો નિર્ણય આખું જીવન બદલવાની ક્ષમતા રાખે છે.**

*કચ્છ વિભાગમાં બાકીના ૬ તાલુકા આવે છે. બંને વિભાગના કિસાન સંઘમાં આ મુદ્દે અજંપો તો પ્રવર્તી રહેલ છે પરંતુ તેમના બે વિભાગ પડી ગયેલ હોવાથી અને તેમાં પણ બંને વિભાગને અસરકર્તા સર્વમાન્ય કેન્દ્રિય નેતાગીરી ન હોવાથી બંને વિભાગો ઉલજનમાં છે અને સરકારમાં જે-તે જગ્યાએ નિવેદનો આપવાથી વધુ આગળ વધી શકેલ નથી. વિશેષમાં ભારતીય કિસાન સંઘની પ્રદેશ શાખાએ તેના કેટલાક કારણોસર તાજેતરમાં પૂર્વ કચ્છ વિભાગની કારોબારીને સસ્પેન્ડ કરી દીધેલ છે અને જિલ્લામાં ૪ જેટલા સંયોજકોની નિમણૂંક કરેલ છે. તેનાથી કોકડું વધુ ગૂંચવાઈ ગયેલ છે અને પોતાના પ્રાણપ્રશ્ન એવા નર્મદાના પાણીની લડત માટે કચ્છ કિસાન સંઘના આગેવાનો જોઈએ તેવા પ્રમાણમાં આ પ્રશ્નને હાથ પર લઈ શકતા નથી.*

*આજથી થોડા વર્ષ અગાઉ કચ્છના કેટલાક શ્રેષ્ઠીઓએ જાતે પ્રયાસ કરીને કચ્છને નર્મદાના પાણી પ્રશ્ને થતા અન્યાય સામે ગુજરાત સરકાર સામે પોતાના કેસની રજૂઆત કરવા અને જરૂર પડે તો લડતના મંડાણ કરવા કચ્છના પ્રબુધ્ધ નાગરિકો દ્વારા "કચ્છ જળસંકટ નિવારણ સમિતિ"ની રચના કરેલ હતી. બરાબર તેજ પરિસ્થિતિનું હાલે ફરી નિર્માણ થતું હોય તેવું દેખાય છે.*

*ભારતીય કિસાન સંઘની કચ્છ શાખા જો આ પ્રશ્ને ગુજરાત સરકારશ્રી પાસે રજૂઆત કરવા અને જરૂર પડે તો ખોંખારીને લડત કરવા તૈયાર ના થઈ શકે તો કચ્છના પ્રબુધ્ધ નાગરિકો આગળ વધી, આ પ્રકારની કોઈ સર્વગ્રાહી સમિતિની રચના કરી, કચ્છને અન્યાય કરતાં આ પ્રશ્નને હાથ પર લેવાનો સમય આવી ગયેલ છે. આ સમિતિને કચ્છના કિસાનોનો પૂરેપૂરો સહયોગ સાંપડી રહેશે તેમાં કોઈ શક નથી.*

*કચ્છના જાહેર જીવનના આગેવાનોની નાકામિયાબી અને ભારતીય કિસાન સંઘની કચ્છ શાખાના કિસાનોની અવઢવ બાદ કચ્છના બુદ્ધિજીવીઓએ અને આ પ્રશ્ને જાણકાર તજજ્ઞોએ આગળ આવી, સર્વપક્ષીય સમિતિ બનાવી આ પ્રશ્ને આગળ વધવું જોઈએ એ સ્પષ્ટપણે ભાષિત થાય છે. આ પ્રશ્ન કચ્છના ખેડૂતોની સાથે સાથે કચ્છની સમગ્ર જનતા માટે પણ તેટલો જ અગત્યનો છે.*

*આ પ્રશ્ને કચ્છનું હિત જોનાર તજજ્ઞો અને શ્રેષ્ઠીઓએ આગળ આવી કાર્યવાહીની શરૂઆત કરે, તેની કચ્છનો એક એક નાગરિક રાહ જોઈ રહેલ છે.*

***૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગ્લોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે,***
***બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫. મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯***

**શ્રી કચ્છી સમાજ - અમદાવાદ : માસિક મુખપત્ર 'કચ્છશ્રુતિ' માટે જાહેરાતના માસિક દર**

| ક્રમ | વિગત | કલર | આખુ પાનું રૂા. | અડધું પાનું રૂા. | ૧/૪ પાનું રૂા. | અંદર બોટમ પટ્ટી |
|---|---|---|---|---|---|---|
| ૧. | અંકની અંદરનું પાનું | મલ્ટી કલર | ૫,૦૦૦/- | ૩,૦૦૦/- | ૨,૦૦૦/- | — |
| ૨. | અંદરનું સાદુ પાનું | બ્લેક એન્ડ વ્હાઈટ | ૨,૦૦૦/- | ૧,૫૦૦/- | ૧,૦૦૦/- | — |
| ૩. | અંદર બોટમ પટ્ટી ૭" x ૧" | બ્લેક એન્ડ વ્હાઈટ | — | — | — | ૫૦૦/- |

(૧) એક સાથે **૧૨** મહિનાની જાહેરાત આપનારને **૧૦ ટકા** ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.
(૨) એક સાથે **૦૬** મહિનાની જાહેરાત આપનારને **૭.૫ ટકા** ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.
(૩) એક સાથે **૦૩** મહિનાની જાહેરાત આપનારને **૫ ટકા** ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.

**વિઝિટિંગ કાર્ડ સાઈઝ જાહેરાતની વિગત** — **જાહેરાતની સાઈઝ** : ૯૦ mm x ૬૦ mm ● **કલર** : મલ્ટી કલર

■ કવર પેઈજ નં.-૪ : રૂા. ૨૦,૦૦૦/- (વિઝિટિંગ કાર્ડ સાઈઝ)
■ કવર પેઈજ નં.-૩ : રૂા. ૧૫,૦૦૦/- (વિઝિટિંગ કાર્ડ સાઈઝ)
■ કવર પેઈજ નં.-૨ : રૂા. ૧૫,૦૦૦/- (વિઝિટિંગ કાર્ડ સાઈઝ)
■ અંદરનું પાનું : રૂા. ૧૦,૦૦૦/- (વિઝિટિંગ કાર્ડ સાઈઝ)

***માણસ એટલો શક્તિશાળી નથી કે તે પોતાને ઘડી શકે, છેવટે તો પરિસ્થિતિ જ તેને ઘડતી હોય છે.***

કચ્છ

# અણમોલ કચ્છી સંગીતકાર બેલડી : કલ્યાણજી - આણંદજી



યુસુફ મીર

લૌકિક અર્થે કારમાં માંડવી જતો હતો. જેવી અમારી કારે સૂરજબારીના પૂલ ઉપર પ્રવેશ કર્યો કે દરિયાની ખાડીની ખારાશે દિલો દિમાગને તરબતર કરી દીધું. અધૂરામાં પૂરું ડ્રાઈવરે ટેપ ચાલુ કરી તો 'જોહર મહેમુદ ઇન ગોવા'માં મૂકેશે ગાયેલું અવિસ્મરણિય ગીત 'અખિયોંસે દૂર હો તુમ દિલ કે કરીબ હો તુમ, ફિર ભી પુકારે ચલે જાઈએ...' એ વાતાવરણે ઔર મદહોશ બનાવી દીધું. હજુ એમાંથી બહાર આવું, એ પહેલા ખાડીની તોડ ઉપર આધોઈના ખોરડા દેખાણા અને દિમાગમાં કચ્છ ઉભરાવા લાગ્યું.

***તળ ઉંડા જળ છીછરા, કામન લંબે કેશ***
***નરપટાધર નીપજે, ડોલરિયો કચ્છ દેશ.***
***શિયાળે સોરઠ ભલો, ઉનાળે ગુજરાત;***
***ચોમાસે વાગડ ભલો, કચ્છડો બારે માસ.***

કચ્છ એટલે નોતિયાર જમાદાર ફતેહ મહંમદ (ફતિયા તારી ફોજનો ડંકો બારી)નો દેશ, રામસિંહ રાઠોડ અને રામસંગ માલમનો દેશ, સંત મેકરણ દાદા, જેસલ તોરલ, સુંદરજી સોદાગરનો દેશ, કચ્છ એટલે કચ્છી મેઘાણી દુલેરાય કારાણીનો દેશ, કચ્છ એટલે અજોડ સારંગી વાદક (સારંગી ઉપર છત્રીસ શાસ્ત્રીય રાગો વગાડી જાણનાર) સુલેમાન જુમ્માનો દેશ, કચ્છ એટલે વિખ્યાત ફોટોગ્રાફર એલ. એમ. પોમલ, શ્યામજી કૃષ્ણવર્મા, સામ પીત્રોડા, દેવેન વર્મા અને પોતાની બીન ઉપર બોલીવુડની સાથે સાથે ફિલ્મી રસીયાઓને ડોલતા કરી દેનાર અદ્‌ભુત સંગીતકાર બેલડી કલ્યાણજી - આણંદજીનો દેશ. કચ્છને તેના આ નર રત્નો ઉપર નાઝ છે, ગૌરવ છે. મૂળ તો કચ્છ તેના નરપુંગવોની શૂરવીરતા માટે જ પ્રખ્યાત હતું અને એટલે જ કચ્છ માટે કહેવાતું હતું કે :

***વંકી ધરણી કચ્છજી, રણવંકી તલવાર***
***વાણી વંકડી કચ્છજી, વંકા રણ તોખાર***
***રણડંકા વંકા અને રણબંકા સરદાર***
***વંકા જેજા રાજવી, વંકા રાજકુમાર.***

આવા સંતો, શૂરવીરો, કલાકારો અને સાહસિકોથી અભરે ભરેલા કચ્છના છેવાડાના ગામ કુંદરોડીમાં ગામના વણિક વીરજી શાહના ઘેર કલ્યાણજી - આણંદજીનો જન્મ. તેમાં કલ્યાણજી મોટા (જન્મ : ૩૦મી જૂન, ૧૯૨૮) આણંદજી નાના (જન્મ : ૨જી માર્ચ, ૧૯૩૩). બંનેની છઠ્ઠીના સમયે બંનેના ભાગ્યમાં વિધાતાએ જાણે કે તેલ પળીના બદલે સંગીતના વાજિંત્રો અને ખાસ તો બીન નસીબમાં લખી દીધી હતી. એટલે વીરજી શાહ તો વેપાર કરતા રહ્યા, કિંતુ આ બંને ભાઈઓ સંગીતની સાધના કરતા રહ્યા.

કચ્છી માડુ નાનપણથી જ સાહસને વરેલા હોય છે, એ ન્યાયે વીરજી શાહને કુંદરોડી નાનું પડવા લાગ્યું એટલે કુટુંબ કબીલા સાથે વતન છોડી મુંબઈની વાટ પકડી અને ગીરગાંવમાં કરિયાણાની નાનકડી હાટડી ખોલી. કલ્યાણજી - આણંદજીને તો જાણે કે બગાસું ખાતા પતાસું મળ્યું. એ બંને ભાઈઓ માટે સંગીત સાધના માટે મોકળું મેદાન મળ્યું!

એમાં પણ કલ્યાણજીએ ઇંગ્લીશ ઇલેક્ટ્રોનિક ક્લેરોનેટ બીન ઉપર માસ્ટરી મેળવી અને હેમંતકુમારની સંગીત પ્રધાન ફિલ્મ 'નાગીન'માં તેમના આસિસ્ટન્ટ બની એમણે એવી તો અદ્‌ભુત બીન વગાડી કે લોક હેમંતકુમાર અને વૈજયંતીમાલાને ભૂલીને કલ્યાણજીના દીવાના થઈ ગયા. 'નાગીન'ના માઇલ સ્ટોન જેવા ગીતો 'મેરા મન ડોલે, મેરા તન ડોલે...' તથા 'જાદુગર સૈયાં છોડો મેરી બૈયાં, હો ગઈ આધી રાત...'માં પાછળ વાગતી કલ્યાણજીની બીને લોકોને પાગલ બનાવી દીધા હતા.

બોલીવુડમાં કલ્યાણજી - આણંદજીના આગમનની સાથે પહેલેથી જ ધરખમ સંગીતકારો જેવા કે નૌશાદ, સી. રામચંદ્ર, મદન મોહન, એસ.ડી., એસ.જે. અને રવિ દાદુઓ ધામા નાખીને પડ્યા હતા. એ બધા વચ્ચે આગવું સ્થાન જમાવી આ કચ્છી બેલડીએ સંગીતના અદ્‌ભુત કામણ પાથર્યા હતા. બંને વચ્ચે અહમ્ નો ટકરાવ કે ઈર્ષ્યાને લગીરેક પણ સ્થાન નહોતું. બંને વચ્ચે અદ્‌ભુત ટીમ વર્ક હતું.

૧૯૭૯માં આવેલી ફિલ્મ 'સમ્રાટ ચંદ્રગુપ્ત' જેમાં ભારત ભૂષણ અને નિરૂપા રોય હતા. તેનું આ ગીત 'ચાહે પાસ હો, ચાહે દૂર હો, મેરે જીવન કી તુમ તસ્વીર હો...' બેહદ સફળતાને વર્યું હતું. જેનું અદ્‌ભુત સંગીત આ ગુજ્જુ બેલડીએ આપ્યું હતું. જેના પરિણામે આ બેલડીને પોસ્ટ બોક્સ ૯૯૯, સટ્ટા બજાર અને મદારી જેવી ફિલ્મો મળી હતી. એમાં પણ હેમંત દા ના દિલમાં કલ્યાણજીના બીને કબજો જમાવી દીધો હતો. તેમણે 'તુમ્હે યાદ હોગા કભી હમ મિલે થે...' ઝુમી

*દિવસની તમારી પહેલી નિષ્ફળતા ત્યારે શરૂ થાય છે, જ્યારે તમે પાંચ મિનિટ વધુ ઊંઘવાનું નક્કી કરો ચો.*

ઝુમીને ગાયું હતું, તો પછી લતાજી કેમ પાછા પડે? તેમણે 'દિલ લૂટનેવાલે જાદુગર, અબ મૈંને તુઝે પહેચાના હૈ' આ ગીત પાછળ બેક ગ્રાઉન્ડમાં વાગતી બીને અદ્‌ભુત વાતાવરણ સર્જ્યું હતું. 'જબ જબ ફૂલ ખીલે'નું 'એક થા ગુલ ઔર એક થી બુલબુલ' કેટલા ભૂલી શક્યા છે?

એ પછી આ બેલડીના હાથમાં આવેલું બીજું અણમોલ ચિત્ર 'છલીયા'માં પણ એમની કલાના કામણ ઠેર ઠેર વેરાયેલા નજરે ચડે છે. એમાં પણ વિષાદી ચહેરા એન વિષાદી આંખોવાળા રાજના મુખે 'મેરે તુટે હુએ દિલ સે કોઈ તો આજ યે પૂછે કે તેરા હાલ ક્યા હૈ?...'માં કે.એ.ની બેલડી આપણને આપણી વિફળ પ્રેમગાથા વાગોળવા મજબૂર કરે છે. 'છલીયા'માં એક બે નહીં પણ આખી ફિલ્મ કે.એ.ના સંગીતથી સંઘેડા ઉતાર બને છે.

ગાયક મૂકેશ માટે તો કે.એ.ની જોડીએ સફળતા અને લોકચાહનાના દરવાજા ખોલી દીધા હતા. મૂકેશે તેના અધિકતમ હૃદયંગમ ગીતો કે.એ.ના સાજ અને હાથ નીચે જ ગાયા છે. 'હિમાલયકી ગોદ મેં'નું 'મૈં તો ઈક ખ્વાહ હૂં...' તથા 'જી ચાહતા હૈ'નું 'હમ છોડ ચલે હૈ મહેફિલ કો' તથા ક્યારેક ગાતા નજરે ચડતા જાની રાજકુમારનું 'પથ્થર કે ફૂલ'નું 'ચાંદ આહે ભરેગા, ફૂલ દિલ થામ લેંગે' તથા સરસ્વતી ચંદ્રનું 'હમને અપના સબ કુછ ખોયા તેરા પ્યાર પાને કો...' તથા 'દિલ ભી તેરા હમ ભી તેરે'નું 'રોશની હો ન સકી, દિલકો જલાયા મૈંને, કોઈ ભૂલા નહીં લાખ ભૂલાયા મૈંને, મૈં પરેશાં હું મુઝે ઔર પરેશાં ન કરો' અને 'વક્ત કરતા જો વફા આપ હમારે હોતે' ગવડાવીને મૂકેશને સરળતાથી સફળતાની સીડીઓ આ ગુજ્જુ બેલડીએ ચડાવી દીધો હતો.

કે.એ.ની જોડીએ લતા માટે ૨૯૭ ગીતો કંપોઝ કર્યા છે તો આશા માટે ૨૯૫ ગીતો કંપોઝ કર્યા છે. સંગીતની આ અનુપમ જોડી નસીબની બાબતમાં 'મુકદ્દર કા સિકંદર' સાબિત થઈ હતી અને તેમની ઝોળીમાં સોનાની લગડી સમાન ફિલ્મો જ આવી હતી. જેમાં સમ્રાટ ચંદ્રગુપ્ત, જબ જબ ફૂલ ખીલે, ઉપકાર, છલીયા, કોરા કાગઝ, સફર, બ્લફ માસ્ટર, વિશ્વાસ, રાઝ, પથ્થર કે ફૂલ, હિમાલય કી ગોદમેં, સરસ્વતીચંદ્ર જેવી મુખ્ય છે. તેમણે તેમની યશસ્વી કારકિર્દી દરમિયાન ૨૭૫થી વધુ ફિલ્મોમાં સંગીત આપ્યું છે. જેમાં ૧૭ ફિલ્મોએ ગોલ્ડન જ્યુબીલી ઉજવી છે. ૪૦ ફિલ્મોએ સિલ્વર જ્યુબીલી ઉજવી છે. કે.એ. પાછા એટલા કરમના કાઠા કે એમના ભાગે 'બી' ગ્રેડના ગીતકારો જ જેવા કે ઈંદિવર, ગુલશન બાવરા, વર્મા મલીક, અન્જાન, નીરજ, માયા ગોવિંદ અને એમ.જી. હસમત જેવા જ આવ્યા છે. છતા તેમની પાસેથી પણ લોકોએ ધાર્યા ના હોય એવા સોનાની લગડી જેવા ગીતો લખાવડાવ્યા છે. બાકી 'મેરા જીવન કોરા કાગઝ, કોરા હી રહ ગયા' વાળા 'કોરા કાગઝ'ના એમ.જી. હસમતને ભોજીયોભા ઓળખતો હતો? આ જ પિક્ચર માટે કે.એ.ને ૧૯૭૫નો ફિલ્મ ફેર ઍવોર્ડ મળ્યો હતો.

કલ્યાણજી આણંદજી બોલીવુડમાં આદર પૂર્વક લેવાતું નામ છે. એમની સુદીર્ઘ કારકિર્દી દરમિયાન તેમને 'હિમાલય કી ગોદમેં' માટે 'સિને મ્યુઝીક ઍવોર્ડ', 'સરસ્વતીચંદ્ર' માટે 'નેશનલ ઍવોર્ડ' (ચાંદ મિલતા નહીં સબકો સંસારમેં, હૈ દિયા હી બહુત રોશનીકે લિયે), એચ.એમ.વી. તરફથી પ્લેટીનમ ઍવોર્ડ તથા ભારત સરકાર તરફથી પદ્મશ્રી અને અમેરિકાનો ગ્રેમિ ઍવોર્ડ મળેલ છે.

કે.એ.ના મૂકેશ સાથેના નાતાએ આપણને કેટલાય અવિસ્મરણીય ગીતોનો રસથાળ ભેટ ધર્યો છે. 'આપસે હમકો બિછડે હુએ એક જમાના બીત ગયા', 'રાઝ'નું 'અકેલે હૈં... ચલે આઓ, કહાં હો...'; 'ઈમાનદાર'નું 'ઔર ઈસ દિલ મેં ક્યા રખ્ખા હૈ...' તથા 'હસીના માન જાયેગી'નું 'બેખુદીમેં સનમ ઉઠ ગયે જો કદમ' તથા ઉપકારનું મન્નાડેએ ગાયેલું 'દેતે હૈં ભગવાન કો ધોખા, ઈન્સાન કો ક્યા છોડેંગે' જેવા અમર ગીતો આપણને આપ્યા છે.

કલ્યાણજી આણંદજીએ સ્વરબધ્ધ કરેલા ગીતોની યાદી ઘણી લાંબી છે અને આપણે રહ્યા 'લીમીટેડ' થાળીના ઘરાક, એટલે પટ છોડતા પહેલા એટલું કહી દઉં કે ચલચિત્ર જગતના વિશાળ ફલક પર ગુજ્જુ સંગીતકારો કેટલા? તો કે આંગળીના વેઢે ગણાય એટલા. એમાં પણ આ બે કચ્છી માડુઓ આપણા માટે ગૌરવ લેવા જેવી બાબત છે. સંગીતકાર બેલડીમાંથી એકની પણ વિદાય દુઃખદેણ હોય છે. શંકર પછી જયકિશન એકલા પડ્યા હતા, લક્ષ્મી-પ્યારેમાંથી લક્ષ્મી ગયા પછી પ્યારે એકલા પડ્યા હતા. એમ કે.એ.માંથી કલ્યાણજી મોટા હતા. એટલે એ વહેલા વિદાય થયા (૨૪મી ઓગસ્ટ, ૨૦૦૦ના રોજ). કચ્છના કુંદરોડીથી મુંબઈના કાંદિવલી સુધી સાથે રહેલા હમ કદમના જવાથી એકલા પડેલા આણંદજી કહેતા હશે કે –

***જિંદગી કો બહુત પ્યાર હમને કિયા,***
***મૌત સે ભી મહોબ્બત નિભાયેંગે હમ.'***

ઠીક તંઈ હાલવા દીયો. બાકી આપણે તો મોબત ખપે.

**તબ્બરૂક (પ્રસાદી)**

*ઉજાલે ગર્મીએ રફ્તાર કા ભી સાથ દેતે હૈં*
*બસેરા થા જહાં અપના વહીં તક માહતાબ આયા*
*'શકીલ' અપની મજાકે એ દિલ કે તકામિલ ક્યા હોતી,*
*ઈધર નજરોંને હિંમત કી, ઉધર રૂખ પર નકાબ આયા.*
*– (શકીલ બદાયુની)*

***૨, રહેમાની સોસાયટી, રોયલ અકબર ટાવર પાછળ, સરખેજ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૫૫.***
***મો. ૬૩૫૧૮૧૨૭૮૮***

*કોઈને પણ આપણે આપેલું દુઃખ, એ જ આપણા દુઃખનું કારણ છે.*

# કચ્છની કલ્પવૃક્ષ ખારેક મરણ પથારીએ જઈ રહી છે

• અશ્વિન ઝિંઝુવાડિયા •

મુંદ્રા તાલુકાનો મહત્ત્વનો બાગાયતી પાક ખારેક આઈ.સી.યુ.માં છે. સતત નીચા ઊતરતા પાણી અને દરિયાના પાણી જેટલી ખારાશ જ્યાં આવી ગઈ છે એવા ઝરપરાના દક્ષિણ ભાગમાંથી છેલ્લા એક દાયકા દરમિયાન ધરતીપુત્રો પોતાના રહેણાકના ઘર-મકાનને નોંધારા છોડી હિજરત કરી ગયા છે. જ્યારે બાકી બચેલી ખેતી પણ નાભિ શ્વાસ લઈ રહી છે. અપૂરતા અને અનિયમિત વરસાદે ઝરપરાનો આગડિયા વિસ્તાર, છછ વિસ્તાર અને કુબા વિસ્તાર સહિતના વિસ્તારના કિસાનોએ ખારેકને નરવાની (ફલીકરણ) તસ્દી લેતા નથી. જેથી ખારેકની આવક ઉપર આ વિસ્તારના કિસાનો આખું વર્ષ આરામથી પસાર કરતા હતા, ઉપરાંત બચત થતી હતી ત્યાંથી ઉચાળા ભરીને સ્થળાંતર થઈ ચૂક્યા છે. **જો સમયસર નર્મદાનું પાણી નહીં મળે તો ઝરપરાનો બાકીનો વિસ્તાર અને ખારેકનું જન્મસ્થળ ધ્રબ પણ ખારેકની ખેતીમાંથી હાથ ધોઈ નાખશે તેવું બિહામણું ભવિષ્ય આ વિસ્તારની 'કચ્છમિત્ર'ની ટીમે કરેલા પ્રવાસ બાદ ચિત્ર દેખાય છે.**

વરસાદની ઘટ અને અનિયમિતતાનાં કારણે તળમાં જળ રહ્યા નથી. વીરમ નારાણ ગઢવી (કિસાન સંઘ અગ્રણી)ની વાડીમાં આગેવાન કિસાનો કિશોરભાઈ વાસાણી (પશ્ચિમ કચ્છ જિલ્લા કિસાન સંઘ પ્રમુખ), પરસોત્તમભાઈ પટેલ (માંડવી કિસાન સંઘ પ્રમુખ), ધ્રબના આગેવાન કિસાન હુસેનભાઈ તુર્ક (તલાટી), ઈશાક યાકુબ તુર્ક સાથે ચર્ચા કરતા એવી વિગત સાંભળવા મળી કે અબડાસા - લખપતના કિસાનો જેમ હિજરત કરી ગયા તેમ છેલ્લા એક દાયકા દરમિયાન પાણીના બદલાયેલા પરિમાણોના કારણે કંઠીપટના મુંદ્રા - માંડવીના ખેડૂતોએ પાણી ન મળવાથી સ્થળાંતર કરવાની ફરજ પડશે તેમ ખેતી અને બાગાયતને બચાવવાનો અંતિમ આશરો માત્ર નર્મદાનાં જળ હોવાનું આ આગેવાનોએ જણાવ્યું હતું.

છછ વિસ્તારના પ્રગતિશીલ ખેડૂત અને એક સમયની લીલી કુંજાર વાડીના માલિક નારાણભાઈ લધા ગઢવીની વાડીએ પહોંચ્યા ત્યારે બપોરનો દોઢ વાગ્યો હતો. નારાણભાઈએ વલોપાત વ્યક્ત કરતાં જણાવ્યું કે રૂા. ૩૫૦૦/-નો એક એવા **ટીસ્યુ કલ્ચરના ૫૦ રોપા વાવ્યા હતા, તેમાંથી માત્ર ૧૪ રોપા ઊભા છે, બાકીનાનું બાળમરણ થયું છે. તેઓ આઠ હજાર ટી.ડી.એસ.નું પાણી ઝાડીને પાય છે.** પોતાની 'વાડી' બતાવતાં આ મહેનતકશ ખેડૂતે આપવીતી જણાવતા કહ્યું કે, વાડીમાં ખારેકના ૨૦૦ ઝાડ હતા, તેમાંથી ૧૦૦ ઝાડ કાઢી નાખ્યા. આ ૧૦૦ ઝાડ પૈકી ૫૦થી ૬૦ ઝાડમાં ફાલ આવે છે. ૫ રૂા. મજૂરી લાગે અને ભાવ બે રૂપિયા મળે. મોટર ચાલુ કરી પાણી પીવડાવ્યું જે તદ્દન ખારું હતું. વાડીમાં ઊન નામનું ઘાસ ઊગી નીકળ્યું હતું અને જમીન ઉપરનો ક્ષાર સ્પષ્ટ જોઈ શકાતો હતો. ખારેકની ખેતીના અનુસંધાને આ કિસાન છેક ઇઝરાયેલ પણ જઇ આવ્યા છે. **તેમણે મહત્ત્વપૂર્ણ વાત કરતા જણાવ્યું કે, આઠ હજાર ટી.ડી.એસ.ના પાણી મારી વાડીને ભરખી ગયા.** ૧૧ ભેંસો હતી, અત્યારે એકેય ભેંસ નથી. તેમણે પોતાની લાચારીને શબ્દમાં ઢાળી વ્યક્ત કરવાનો પ્રયાસ કરતા જણાવ્યું કે, 'હું જાઉં તો ક્યાં જાઉં?'

ત્યાંથી આગળ વધી 'કચ્છમિત્ર'ની ટીમ કુબા વિસ્તાર - છછ વાડી મધ્યે મેઘરાજ વિશ્રામ ગાગિયાની ઉજ્જડ વાડી જોઈ. રસ્તાની બંને બાજુની વાડીઓમાં ખારેક ઊભી છે પણ ઉપર ફાલ નહિંવત લાગ્યો હતો. જ્યારે રાણશી કરશન શેડાની વાડીએ પહોંચ્યા ત્યારે ચોતરફ ભેંકાર પરિસ્થિતિ જોવા મળી. વાડી માલિક પોતાની ઓરડી છોડી વાડીને રેઢી મૂકી ક્યાંક જતા રહ્યા છે. તેની આસપાસની વાડીમાં ઊભેલા ખારેકની ઝાડની વાત કરતાં નારાણભાઈએ જણાવ્યું કે **આ એક ઝાડ ઉપરથી એક ઊંટ ગાડી ભરાય એટલી ખારેક ઊતરતી હતી. ખારા પાણીએ આવી તો સેંકડો વાડીને તેના જડબામાં દબોચી નાખી છે.**

આ વિસ્તાર આસપાસની સેંકડો નદી હજારો એકર જમીન કે જેમાં લાખો ટન ખારેકનો ફાલ થતો હતો એ વિસ્તાર ભેંકાર - સૂમસામ અને ઉજ્જડ થઈ ગયો છે. બહુ વર્ષો પહેલાં ઝરપરના આગેવાન પ્રાગનાથજી ગુંસાઈ સાથે દક્ષિણના કેટલાક વિસ્તારમાં પ્રવાસ કર્યો ત્યારે આ વિસ્તાર લીલો હતો. **બધું છેલ્લા ૧ દાયકામાં બરબાદ થઈ ગયું કારણ માત્ર પાણી...**

*અશક્ય છે પતન એનું, જેને ચાલતા જ ઠોકરોએ શીખવાડ્યું છે.*

ક્યાંક ૬ તો ક્યાંક ૭ કે ૮ હજાર ટી.ડી.એસ.ના પાણીએ ખારેકની ઉત્પાદન ક્ષમતાના મૂળમાં ઘા માર્યો છે. **આવા નપુંસક બનેલા ઝાડને દર વર્ષે ૫૦થી ૧૦૦ની સંખ્યામાં વાડીમાંથી હટાવવામાં આવે છે, તો બીજા વર્ષે પાછા એટલા જ દૂર કરવાની ફરજ પડે છે. ઉત્પાદનમાં ક્વોલિટી અને ક્વોન્ટીટી (ગુણવત્તા અને જથ્થો) સતત ઊતરતા જાય છે.**

પ્રવાસ દરમિયાન સાથે રહેલા હુસેનભાઈ તુર્કે કહ્યું, જે હાલત ઝરપરાની છે એવી હાલતથી ધ્રબ પણ દૂર નથી. ૪ હજાર ટી.ડી.એસ.નું પાણી થઈ ગયું છે અને ધ્રબ પણ આફતમાં સપડાય એવું ચિત્ર જોવા મળે છે.

વરસાદ આવે તો તો જળ સંચયના કામો ઉપરાંત માટી - રેતીની લાયમાં ખોદાયેલા વિશાળકાય ખાડાઓ ભરાઈ જાય, મોટા મોટા ઠામ-વાસણ વરસાદી પાણીને સંગ્રહવા તૈનાત જ છે. પણ સતત ત્રણ વર્ષના અપૂરતા વરસાદે ભૂતળના પાણીને ઉલેચી નાખ્યા છે. જેનું સ્થાન દરિયાના પાણીએ લઈ લીધું છે.

**માત્ર મુંદ્રા તાલુકાના રૂા. ૩૦ કરોડના ખારેક ઉત્પાદન ઉપર પ્રશ્નાર્થ ચિહ્ન મૂકાઈ ગયું છે.** કુલ ૧૧ હજાર હેક્ટરમાં ખારેકનું વાવેતર મુંદ્રા તાલુકામાં થયું છે. ખારેક સંશોધન કેન્દ્રના વૈજ્ઞાનિક સી.એમ. મુરલીધરન જણાવે છે કે ખારેકની ખેતીની આદર્શ સ્થિતિ એ છે કે વધીને ૧ હજાર ટી.ડી.એસ.નું પાણી મળે. ખારેકને નબળું કે સાધારણ ખારું પાણી તો ચાલે જ્યારે ૪ હજારથી વધુ ટી.ડી.એસ.નું પાણી જોખમી છે. તેમણે આગળ જણાવ્યું કે ખારેકને તે તાજાં ફળ તરીકે ખાવાના વિકલ્પો પીણું-જામ વગેરેમાં જે સફળતા પ્રાથમિક ધોરણે મળી છે તેને વિશાળ ફલક ઉપર લઈ જવાની જરૂર છે.

મંગારના કિસાન અગ્રણી ચાંદુભા દાદુજી જાડેજા પરિસ્થિતિનો ચિતાર આપતાં જણાવે છે કે, પાણી ઘાએ ઘા નીચે ઊતરી રહ્યાં છે. **ખેતીને બચાવવાનું સૂચન કરતાં તેમણે જણાવ્યું કે નર્મદાના પાણી તાત્કાલિક નહીં મળે તો મુંદ્રાની ખેતી પૂરી થઈ જશે.**

નાની સિંચાઈના ડેમને ટપ્પર ડેમમાંથી ‘સૌની યોજના’માં સમાવિષ્ટ કરીને ભરવામાં આવે. દર વર્ષે ૫૦ ફૂટ પાણી નીચે ઊતરે છે તેવું તેમણે કહ્યું હતું.

દીર્ઘદૃષ્ટાઓ એમ જણાવે છે કે જે હાલત લખપત, અબડાસાની થઈ તેવી હાલત કંઠીપટની થશે જો નર્મદાનું પાણી સમયસર નહીં મળે તો... બિદડા વિસ્તારના દેશી આંબાના બાગાયતી પાકને ગ્રહણ લાગી ગયું છે. તો ખારેકના હજારો ઝાડ ઉપર ચોકડીના નિશાન લાગી ચૂક્યા છે. કંઠીપટમાં ખારેકના વૃક્ષો ૩થી ૭૦ વર્ષની ઉંમરના જોવા મળે છે. પણ સરાસરી ૨૫થી ૩૦ વર્ષથી વેંઢારવામાં આવતો ખારેકનો બાગાયતી પાક પાણી વગર બચાવી શકાશે નહીં તેવો સ્પષ્ટ મત વિષયના તજજ્ઞો આપે છે. ઊભેલી અને પાક આવક આપતી ઝાડીને પણ ઊંચા ટી.ડી.એસ.વાળા પાણીએ (ખારા પાણીએ) ઝાંખપ પહોંચાડી છે.

**અત્રે નોંધવું બહુ જરૂરી છે કે સમગ્ર વિશ્વમાં સૌથી શ્રેષ્ઠ જાતવાન ખારેક કચ્છની છે. પાણીનો ઉકેલ નહીં આવે તો આ જાતવાન ખારેક કાયમના માટે આપણી વચ્ચેથી વિદાય લેશે.** એની ખોટ પૂરી શકાશે નહીં. ટપક સિંચાઇ પદ્ધતિ હવે કિસાન સ્વીકૃત બની છે. પણ નળીમાં વહેતું કરવા માટે પાણી ક્યાં? અત્યારે ૨૫ વર્ષ જૂનું ઝાડ સૂનું થઈ ગયું છે.

‘તમે જાવ અમે આવીએ છીએ’નો વિકરાળ સિલસિલો શરૂ થયો છે. રખોપા વગરની ભેંકાર વાડીઓ આપણા નેતાઓને બતાવવા જેવી છે. ■

*માંગવું તે પામરતા છે, મળવું તે લાયકાત છે.*


**Parbatbhai Patel**
**M. : 98240 62711**

# Shivam Packaging

# Shiv Packing Industries

**સ્ટીફ બોર્ડસ / ગ્રે બોર્ડસ ● પી.વી.સી. પી.પી. રોલ અને રીમ**
**પી.પી. સુતળી, વુડન રોલ ● વાંસની પટ્ટી**
**H.M., L.D., P.P. Bags**
**ક્રાફ્ટ પેપર, સેલો ટેપ, કોરૂગેટેડ રોલ બોક્સ**

Opp. Dwarkadhish Estate,
Outside Chandola Old Tol Naka,
Near Bombay Hotel, Narol Road,
Ahmedabad-382 405.
**Ph. : (O) 25394011, 25394311**


*ન્યાયમાં એક ઘરે દીવો થાય અને બીજા ઘરે અંધારું; જ્યારે સમાધાનમાં બંને ઘરે દીવા થાય.*

કચ્છ

## કચ્છ - માંડવીની
# શ્રી ગોકુલદાસ તેજપાલ હાઈસ્કૂલની સુવર્ણ યાદ – (૨)



ચિત્રસેન આર. શાહ

શ્રીમતી કિશોરીબેન (અલકાબેન) સંઘવીએ કચ્છશ્રુતિના જુલાઇ-૨૦૧૯ના અંકમાં માંડવીની જી.ટી. હાઈસ્કૂલના ભૂતકાળના સુવર્ણ દિવસોને સરસ રીતે રજૂ કર્યા છે. જે વાંચીને આ લખનારના દિમાગમાં પણ એ દિવસોની યાદ આવી ગઈ કારણકે આ લખનારે પણ પાંચમા ધોરણથી ૧૧મા ધોરણ (જૂની એસ.એસ.સી.) સુધી એક વર્ષને બાદ કરતા એ જ સ્કૂલમાં અભ્યાસ કર્યો છે (દસમું ધોરણ - ભુજની ઑલ્ફ્રેડ હાઈસ્કૂલમાં અભ્યાસ કરેલ.)

તો હવે ફ્લેશ બેકમાં જઇ સુવર્ણ યાદોને ડાયમંડ યાદોમાં પલટીએ! ૧૯૫૦ના વર્ષમાં સ્કૂલને ૬૦ વર્ષ પૂર્ણ થતા હાઈસ્કૂલની ડાયમંડ જ્યુબિલી ઉજવાઈ હતી અને તે પ્રસંગે ગુજરાતીના વરિષ્ઠ લેખક અને તેમાં પણ ખાસ કરીને હિમાલયની ગિરીમાળાઓના પ્રવાસ વર્ણનોના બેતાજ બાદશાહ સ્વ. કાકાસાહેબ કાલેલકર પધારેલ હતા, તે યાદ તાજી થઈ.

એ સમયે પ્રિન્સિપાલ તરીકે શ્રી ભોગીન્દ્રભાઈ નાનાલાલ વૈદ્ય સાહેબ હતા જે પોતાની ટૂંકી સહી ભો.ના. વૈદ્ય તરીકે કરતા! બીજા શિક્ષકોમાં શ્રી જયેન્દ્રભાઈ બુચ સાહેબ હતા જે બહુ કડક સ્વભાવના હતા પરંતુ સારું ભણાવતા હતા. શ્રી મનસુખલાલ માસ્તરના પીરિયડમાં તોફાન મસ્તી કરવાની મજા આવતી. શ્રી બચુભાઈ ધોળકિયાનો FACE સિને સ્ટાર દિલીપકુમારને ઘણો મળતો આવતો હોવાને કારણે કોઈ કોઈ વિદ્યાર્થિનીઓને તેમનામાં દિલીપકુમારના દર્શન પણ થતા હતા એવું સાંભળવા મળતું!

શ્રીમતી અલકાબેને લખ્યું છે તે પ્રમાણે દર શનિવારે અઠવાડિક રેન્ક અને દર મહિને માસિક રેન્ક અપાતી. માસિક રેન્કમાં જૈનોમાં જે પ્રથમ કે પ્રથમ અને દ્વિતીય (ચોક્કસ યાદ નથી) રેન્ક જેમને મળતી તેમને માંડવીના જાણીતા દાનવીર શ્રી મેઘજી થોભણ પરિવાર તરફથી રૂા. ૩ કે ૪ની 'રકમ' ભેટ અપાતી. એ ૩ કે ૪ રૂપિયા મળતા ત્યારે અલૌકિક આનંદ થતો!

રીસેસમાં સ્કૂલની સામે જ બેસતા મીઠુ કે મોહનની ખારી સીંગ ખાવાની મજા આવતી! ક્યારેક થોડે દૂર આવેલ ગાભા









*દીવાને પોતાનું કોઈ ઘર નથી પરંતુ જ્યાં મૂકો ત્યાં તે અજવાળું કરે છે.*

પેંડાવાળાના માળિયે જઇ નાસ્તો પણ કરતા હતા!

એકવાર અમે ૮ દિવસના શૈક્ષણિક પ્રવાસે ગીરનાર ગયેલા અને તે પણ ફક્ત ૧૨ રૂપિયામાં!

(યોગાનુયોગ અહીં જણાવવાની ઇચ્છા થાય છે કે ભુજની ઑલ્ફ્રેડ હાઈસ્કૂલમાંથી પણ અમે ૮ દિવસના પ્રવાસે આબુ ગયેલા અને તે પણ ફક્ત ૧૮ રૂપિયામાં!)

આવી વાતોને વાગોળવાની મજા આવે અને આને કહેવાય પ્લેટીનમ યાદો!

જી.ટી. હાઈસ્કૂલને ગૌરવ લેવા જેવી એક બાબત એ છે કે જી.ટી. સ્કૂલમાં ભણેલા એક ભૂતપૂર્વ વિદ્યાર્થી માનનિય શ્રી સુરેશભાઈ મહેતા એક સમયે ગુજરાતના ચીફ મિનિસ્ટર પણ બન્યા. વળી અમારા કુટુંબને પણ એ વાતનું ગૌરવ છે કારણકે આ લખનારના મોટા ભાઈ સ્વ. વિજયસેનભાઈ પણ તેમની સાથે ભણતા. તેથી અમારા કુટુંબને પણ તેમનું ગાઈડન્સ મળતું રહેતું. 'કચ્છ ગુર્જરી'ના સંપાદક ડૉ. મહેન્દ્રભાઈ બુધ્ધિચંદ શાહ પણ જી.ટી. સ્કૂલના ભૂતપૂર્વ વિદ્યાર્થી છે.

***હવે છેલ્લે :*** શ્રીમતી અલકાબેન સંઘવીએ અમને વૉટ્સએપ પર જી.ટી. સ્કૂલના કેટલાક ફોટા ટ્રાન્સફર કરેલ (તે બદલ અલકાબેનનો આભાર.) તેમાંથી ૩ ફોટા અહીં રજૂ કરું છું. ૨ ફોટામાં સ્કૂલના શિક્ષકો, કેટલાક વિદ્યાર્થીઓ અને અન્ય સ્ટાફ પણ છે. સ્કૂલના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓમાંથી કોઈ જો એ બે ફોટામાંના શિક્ષકોના નામ કે સરનેમ પત્ર દ્વારા જણાવી શકે તો વધારે સાચા નામ જણાવનાર ૩ વ્યક્તિને આ લખનાર તરફથી એક-એક પુસ્તક ભેટ સ્વરૂપે આપતા આનંદ થશે.

જવાબ આ લેખ પ્રગટ થયા પછીના મહિનાની પાંચ તારીખ સુધી નીચેના સરનામે મોકલી શકાશે.

**ચિત્રસેન શાહ**
**'વ્હાઈટ હાઉસ', પ્લોટ ૩૧૪/એ, સાબર ટ્રાવેલ્સની બાજુમાં, સેક્ટર-૨૦, ગાંધીનગર.**

તો ચાલો હવે છૂટા પડીએ ફોટામાંના ભૂતપૂર્વ શિક્ષકોનાં નામ લખવા!

---

**"કચ્છશ્રુતિ" : અગત્યની જાહેરાત**

*સ્થળ સંકોચને કારણે કેટલાક નિયમિત વિભાગો તથા નિયમિત લેખકોના લેખોનો આ અંકમાં સમાવેશ થઈ સકેલ નથી તેની નોંધ લેવા સૌને વિનંતી.*

*– તંત્રી મંડળ*

Splendid

**P & G Enterprise**

***Kitchenware, Household Products & Corporate Gifts***

157, Titanium City Centre Mall,
Opp. Seema Hall, Prahladnagar Road,
Ahmedabad-380 015.
**(M) : 9106682565, 9724932540**
**E-mail : pandgenterprise@gmail.com**

**• PACKED & MARKETED BY •**

**P & G Enterprise**
Sundha Estate, Sarkhej, Ahmedabad.
**M. : 91066 82565**

*Mahalaxmi*
**INFRACONTRACT PVT. LTD.**

***Mining for Better Tomorrow***

**• CORPORATE OFFICE •**
B-21, Corporate House, Opp. Pakvan-2,
S.G. Highway, Bodakdev, Ahmedabad-380 054.
Phone : 079-26856711, 26856712
Fax : +91-79-26856713
**CIN No. : U14200GJ2010PTC060146 Dt. 05-04-2010**

**• REGD. OFFICE •**
102, Shanti Chambers, Nr. Bank of Baroda,
Station Road, Bhuj, Kutch, Gujarat, INDIA.
Phone : (02832) 256059
E-mail :mahalaxmi@miplgroups.com
E-mail : mahalaxmi_1994@hotmail.com
Website : www.miplgroups.com

સત્ય ઘટના

## સત્ય ઘટના પર આધારિત લેખ શ્રેણી

# કોને કહું દલડાની વાત?



પારુલ આર. પટેલ

મારા માસીબા જ્યારે પણ અમારા ઘરે આવતા ત્યારે હંમેશાં પોતાના બાળપણના દિવસોને યાદ કરતા અને ખૂબ જ ઊંડા દુઃખ સાથે પોતાની નજર સામે જ બની ગયેલ એક દર્દનાક બનાવની વાત કરતા. ત્યારે તેઓ એટલા તો ભાવુક બની જતા કે હું ત્યારે દસ-બાર વર્ષની હતી, છતાં પણ માસીની આ વ્યથાને સમજી શકતી હતી. તે બાબત આ પ્રમાણે ઘટેલી હતી.

શ્રાવણ મહિનો હતો. આ મહિનો એટલે આધ્યાત્મિક તહેવારોનો મહિનો. જન્માષ્ટમીના દિવસો નજીકમાં જ હતા. કચ્છમાં સાતમ-આઠમનું ખૂબ જ મહત્ત્વ. લોકો દેશ-પરદેશ ગમે ત્યાં કમાવા ગયા હોય, તો પણ પોતાના વતનમાં કચ્છમાં, પોતાના ગામમાં અને પરિવારની સાથે સાતમની ઉજવણી કરવા આવી પહોંચતા. તે સમય હતો રાજા-રજવાડાનો. જામ લાખાનું રાજ્ય સોળે કળાએ ફૂલેલું ફાલેલું હતું. તેથી તેના રાજ્યમાં દરેક કોમના લોકોની ભરતી થતી. તેમાં પઠાણોની પણ ભરતી કરવામાં આવતી. પઠાણો પ્રજા સાથે ખૂબ જ કડકાઈથી પેશ આવતા. પોતાના જ ખેતરમાં ખેતી કરતા ખેડૂતો રાજની રજા સિવાય લીલી કળી પણ તોડી ના શકે તેવા આ પહેરેગીરો હતા. તેમાં રાજાને તો તેની જાણ પણ થવા દેતા ન હતા. ક્રૂરતાપૂર્વક આ પઠાણો દ્વારા વ્યવહાર કરવામાં આવતો. પરંતુ તેની સામે ફરિયાદ કરવાની કોઈની હિંમત ચાલતી નહીં.

તેવા સમયે કચ્છના આ અંતરિયાળ ગામમાં સાતમ - આઠમના દસ દિવસ ઢોલે રમવું તેવું કહેવામાં આવે છે. આનંદ અને ખુશીના આ દિવસોમાં સરખી - સરખી જેડલો (બહેનપણીઓ) ગામને ચોરે કે પાદરે ઢોલે રમતી. ખૂબ જ ખુશીપૂર્ણ વાતાવરણ વચ્ચે આખું ગામ હિલોળે ચડતું.

તેવા સમયે એક દિવસ સાંજનો સમય હતો અને મારા માસી અને તેમની બહેનપણીઓ ગામના ગોંદરે વડના ઝાડમાં બાંધેલા હીંચકે હીંચી રહી હતી. ગોધૂલીનો સમય હતો. બધા જ પોતપોતાની રીતે કામમાં કે રમવામાં મશગુલ હતા.

સૂરજદાદા નમવાની તૈયારીમાં હતા ત્યારે એક સાંઢણી પર બેસીને બે ઈસમો જ્યાં આ છોકરીઓ રમતી હતી તેમની પાસે આવ્યા અને તેમાંથી એક જણે સાંઢણી પર બેઠા બેઠા એક લાકડી નીચે પાડી નાખી અને છોકરીઓને ઉદ્દેશીને તે લાકડી આપવા જણાવ્યું. એક છોકરી ઝડપથી દોડીને લાકડી ઉઠાવી, સાંઢણીવાળાને આપવા લાગી. સાંઢણીવાળાએ ઘડીના છઠ્ઠા ભાગમાં તે છોકરીનો હાથ લાકડી સાથે પકડી લીધો અને તેને સાંઢણી પર ખેંચી લીધી. આ છોકરી અને બીજી છોકરીઓ કંઈ સમજે તે પહેલાં એ છોકરીને ઉપાડીને સાંઢણીને પવનવેગે ઉપાડી, તેઓ ગામ બહાર નીકળી ગયા. સંધ્યા સમયે છોકરીઓની બૂમાબૂમ લોકોના કાને તો પડી પરંતુ તેઓને એવું લાગ્યું કે છોકરીઓ રમતાં રમતાં શોર મચાવે છે! જ્યારે ગામના લોકોને સાચી હકીકતની જાણ થઈ ત્યાં સુધીમાં તો સાંઢણીવાળા ઈસમો ક્યાંય દૂર ભાગી જવામાં સફળ થયા હતા. સાંઢણીના પગ દાબતા આગળ જવા ગામના લોકોએ પ્રયત્ન કર્યો પરંતુ રાત્રીનો અંધકાર અને વરસાદના કારણે પગેરું મેળવી શકાયું નહીં.

માતા-પિતાનું રૂદન અને નિઃસહાયતા એટલી બધી હતી કે પથ્થર પણ પીગળી જાય. ઘણા દિવસો સુધી તે દીકરીના વાવડ મેળવવા પ્રયત્ન કર્યા પરંતુ કોઈ જ પરિણામ મળ્યું નહીં.

દિવસો વીતતા ગયા. ઉપાડી ગયેલી દીકરીના માથે શું વિતી હશે તેની કલ્પના પણ લોકોને કંપાવી જતી હતી.

સાંઢણી પર તે દીકરીનું કલ્પાંત આ પથ્થર દિલના માણસો ઉપર કોઈ જ અસર કરી શક્યું નહીં. તેઓએ તેને શાંત કરવા અફીણ પાણીમાં ઓગાળીને જબરદસ્તી પીવડાવી દીધું. તેથી તે ઊંડી નિદ્રામાં સરી પડી. બે-ત્રણ દિવસે તેઓ સિંધમાં થઈને બલુચિસ્તાન પહોંચી ગયા. આ દીકરીને સતત અફીણના ઘેનમાં રાખવામાં આવતી હતી.

બલુચિસ્તાન પહોંચ્યા પછી આ છોકરી ભાનમાં આવી. છોકરીનું મગજ કામ કરતું બંધ થઈ ગયું હતું. તે સુનમુન થઈ ગઈ હતી. ઘણા જ દિવસો પછી તેને ખ્યાલ આવ્યો કે તેને જે પરિવારમાં રાખવામાં આવી છે, તે પોતાના દેશના તો નથી જ. તેમનો પહેરવેશ અને દેખાવ, ભાષા પરથી તેને ક્યાંક મુસ્લિમ પરિવારમાં લાવવામાં આવી છે તેવો ખ્યાલ તેને આવી ગયો. તે ખૂબ જ દુઃખી થઈ ગઈ. પોતાના દેશમાં અને પોતાના સગા પાસે જવા માટે તે પેલા લોકોને કરગરવા લાગી. પરંતુ જે ઉઠાવી લાવ્યું હોય તેને દયા થોડી આવે? તે છોકરીએ ખાવાપીવાનું છોડી દીધું. આથી ઉઠાવી લાવનાર પુરુષ તેને ખૂબ જ મારતો.

*કંઈક છીનવાઈ જાય તો ચિંતા ન કરશો, બુધ્ધિ અને અનુભવ કોઈ છીનવી નહીં શકે.*

તે ચીસો પાડતી. પરંતુ તેનું પોતાનું કોઈ જ ન હતું કે તેને બચાવે. આ પરિવારની એક વૃધ્ધ સ્ત્રીને જ્યારે આ બાબતની જાણ થઈ ત્યારે તેણે તેમના ઘરના પુરુષોનું આ કૃત્ય પસંદ ન પડ્યું. પરંતુ સામી છાતીએ લડવાની તેની પણ હિંમત ન હતી. પરંતુ સમય મળે તે એ છોકરીની પાસે આવતી. માથે હાથ ફેરવીને તેને પાણી પીવા અને ખાવા સમજાવતી અને જણાવતી કે તું ભૂખી રહીશ તેથી તારું આ દુઃખ ઓછું નહીં થાય અને તને તે લોકો વધારે તકલીફ આપશે. હું તને વચન આપું છું કે યોગ્ય સમયે હું તને વતન પાછી મોકલવા કાંઈક ગોઠવણ કરીશ. પરંતુ હમણાં એક વખત તું એ લોકોનો વિશ્વાસ મેળવ, પછીથી હું જોઈ લઈશ.

છોકરીને પણ તેણીની વાત યોગ્ય લાગી. તેથી જમવામાં તે ફક્ત ચણા, ગોળ અને ખજૂર જ લેશે તેવું જણાવ્યું અને તે પ્રમાણે દિવસો પસાર થવા લાગ્યા.

૧૩ વર્ષની આ દીકરી રાતોની રાતો રડતી. ઊગતા સૂર્યને પ્રાર્થના કરતી કે મારો સંદેશો મારા મા-બાપને પહોંચાડો કે તમારી આ દીકરી મરતા મરતા જીવી રહી છે. ચંદ્રને જોઈને વાતો કરતી કે તમે મારા ગામ પર પણ અજવાળું આપતા હશો, તો મને મારા દેશમાં જવાનો કંઈક રસ્તો તો બતાવો! પરિવારની વૃધ્ધ સ્ત્રી એક જ તેના માટે સાંત્વના સ્વરૂપ હતી. તે જાણતી હતી કે તેના ઘરના પુરુષો આ છોકરી ૧૫ વર્ષની થશે એટલે તેની સાથે નિકાહ કરી લેશે. તે પહેલા તેના માટે કાંઈક કરવું જ જોઈએ તેવું તે સતત વિચારતી.

એક દિવસ એક ફકીર તેના ઘર આગળ આવી પહોંચ્યો. વૃધ્ધ સ્ત્રી તેને કાંઈક આપવા બહાર આવી ત્યારે ઘરની બારીમાંથી તેણે આ છોકરીને જોઈ અને તેને જોતાં જ તે આ દેશની નહીં પરંતુ કચ્છની હોવાનું તેણે અનુમાન કર્યું. પંરતુ હાલ તુરત આ સ્ત્રીને તેને પૂછવાનું યોગ્ય ન લાગતાં આગળ વધી ગયો.

બીજે દિવસે ફરીથી તે આવ્યો. પરંતુ કોઈ જ વાતચીત કરતો ન હતો. તેની નજર બારીમાં બેઠેલ તે છોકરી પર જતી અને તે હાથ ઊંચો કરીને છોકરીને ઉપર અલ્લાહ છે તેવું જણાવતો.

વૃધ્ધ સ્ત્રી પણ ફકીરની આ ચેષ્ટાને જોઈ શકતી હતી. તે સ્ત્રીને જ્યારે વિશ્વાસ પડ્યો કે આ ફકીર સામાન્ય ફકીર નથી પરંતુ એક સાચો ઓલિયો લાગે છે. તેથી એક દિવસ તેણે ફકીરને જમવા માટે જણાવ્યું. આ ફકીરને પણ વાત કરવાનો મોકો જોઈતો હતો. તેથી તેણે જમવા આવવા સંમતિ આપી.

ઘરના સઘળા માણસો એક દિવસ બહાર ગયેલ તે વખતે ફકીરને જમવા બોલાવ્યો અને તે ફકીરને આ છોકરીના વિશે સઘળી હકીકત જણાવી અને તેને કચ્છ પહોંચાડવામાં કોઈ મદદ કરી શકશે કે નહીં તે વિશે પૂછતા ફકીરે જણાવ્યું કે હું તો ફકીર છું. પગે ચાલીને સિંધ અને કચ્છ પણ ગયો છું પરંતુ આ છોકરી સાથે જવા માટે તો કોઈ સાંઢણી હોય તો જ શક્ય બને. આપણા મજહબમાં પણ કહેવામાં આવ્યું છે કે જબરદસ્તી કોઈની સાથે પણ ન કરવી અને કોઈને સતાવીને મેળવેલ કોઈ જ બાબત વિનાશ વેરે છે. તેથી હું તમારી સાથે સહમત છું કે હું મારાથી બનતો બધો જ પ્રયત્ન કરીશ.

યોગ્ય સમય અને યોગ્ય પળની રાહ જોવામાં ફરીથી દસ મહિના પસાર થઈ ગયા. આ દીકરીની વ્યાકુળતા દિવસે દિવસે વધી રહી હતી. તેની ભૂખ અને ચેન બંને હણાઈ ગયા હતા. રાતોની નીંદ ઊડી ગઈ હતી. આ દસ મહિનાનો સમય તેને દસ વર્ષ જેવો લાગી રહ્યો હતો.

અને એક રાત્રીએ તેને તે વૃધ્ધ સ્ત્રીએ ખાનગીમાં સમાચાર આપ્યા કે તારા દુઃખના દિવસોનો અંત આવી રહ્યો છે. આવતા પૂર્ણ ચંદ્રમાને દિવસે તને લેવા માટે ફકીર આવશે અને તને તારા દેશમાં પહોંચાડી દેશે. તે છોકરીના આનંદનો કોઈ પાર ન રહ્યો. તેની ખુશી એટલી બધી હતી કે તે અમ્માએ તેને ચૂપ રહીને કોઈને પણ આ વાતની ખબર ન પડે તે રીતે પહેલાના જેવો જ વ્યવહાર કરવા સમજાવી. તેણી પોતાના વતન પહોંચીને માતા-પિતાને અને ભાઇ-ભાંડુઓને મળવાના સ્વપ્ના જોવા લાગી. પોતાની બહેનપણીઓની સાથે મનોમન વાર્તાલાપ કરવા માંડી કે હું થોડા સમયમાં જ તમને મળીશ. એક પળનો વિલંબ સહન કરી શકતી ન હતી. અને એ રાત આવી પહોંચી.

રાત્રે ત્રીજા પહોરમાં ફકીર નદીને કિનારે બે ઊંટડીઓને લઇને ઊભો હતો અને નક્કી કર્યા પ્રમાણે આ વૃધ્ધ સ્ત્રી આ છોકરીને લઈને કોઈને ગંધ ન આવે તે રીતે નદીના કિનારે લઈ ગઈ. તે છોકરી પણ આવી ભલી બાઈને, પોતાના માટે આવું જોખમ ઉઠાવીને પોતાના વતન મોકલવાનું સાહસ કરતી જોઈને આંખમાં આંસુ સાથે "અમ્મા" કહીને ભેટીને તેમની વિદાય લીધી. એક સાંઢણી પર ફકીર અને બીજી પર તે છોકરીને બેસાડીને ફકીરે બંને સાંઢણીઓને દોડાવી મૂકી. સવારનો સૂરજ ઊગતા તો કેટલાયે માઇલનું અંતર કાપી નાખ્યું હતું. આ છોકરીએ ત્યાંના એટલે કે બલુચિસ્તાનનો જ પોષાક પહેરેલો હતો. જેથી કોઇને તેના પર વહેમ ન પડે. અને ફકીરે પૂરા શરીર પર કામળો વીંટી લઇને પોતાનો ફકીરીનો વેશ છુપાવી દીધો હતો. તેથી દિવસના જ્યારે સિંધને પસાર કરવાનું આવ્યું ત્યારે પણ કોઈએ શંકાથી તેમને રોક્યા કે ટોક્યા નહીં. સાંઢણીઓ પણ આ છોકરીના મનના ભાવો જાણે કે જાણી ગઈ હોય તેમ પવનવેગે દોડી રહી હતી. રણ પ્રદેશમાં લક્ષદ્વીપનો થોડો ભાગ આવ્યો ત્યાં પોરો ખાવા માટે સાંઢણીઓને રોકી અને બંને અસવારો પણ થોડો વિસામો ખાવા નીચે ઉતર્યા. સાંઢણીઓને ચારો ચરવા આપ્યો અને પોતે બંનેએ થોડા

*કોઈને હરાવવું એ હજુ પણ સહેલું છે, પરંતુ તેના દિલને જીતી લેવું એ મુશ્કેલ છે.*

ખજૂર અને ચણા ગોળ ખાધા. થોડા સમયના આરામ પછી ફરીથી સફર શરૂ કરી. ચાર રાત્રી અને ત્રણ દિવસનો અવિરત પ્રવાસ કરી સાંઢણીઓ કચ્છ પ્રદેશમાં આવી પહોંચી. તે છોકરીના આનંદનો પાર ન રહ્યો. તેણે પોતાના વતનની હવાને પોતાના ફેફસામાં મન ભરીને ભરી લીધી. મીઠી લાગણી સાથે તેણે પોતાના ગામના ઝાડવા દૂરથી જોયા. હૈયુ હાથ ન રહ્યું. પોક મૂકીને રડી પડી. ફકીરે તેને શાંત રહેવા સૂચન કર્યું. તેને પણ એટલો જ આનંદ થતો હતો જેટલો તે છોકરીને થયો હતો. કેમકે તેણે એક માનવતાનો ધર્મ પાળી બતાવ્યો હતો. સાંઢણીને ગામને ગોંદરે જ ઊભી રાખીને ફકીરે તેને એકલીને જ પોતાના ઘરે જવા માટે જણાવ્યું. તેણી આ ફકીરનો આભાર માની, પગે લાગી ને ખુશીના આંસુ સાથે ફકીરથી જુદી પડી. તે લગભગ હર્ષાવેશમાં કિકિયારી કરતી પોતાના ઘરના આંગણામાં દાખલ થઇ. તેનો અવાજ સાંભળી તેની મા બહાર આવી અને દીકરીને પાછી આવેલી જાણી તેને ગળે લગાવવા દોડીને સામે જવા લાગી. પરંતુ પિતાનો કઠોર અવાજ "ત્યાંજ થોભી જાવ..." એવો ખૂબ જ આક્રોશયુક્ત હુકમ કર્યો. તેને અડકવાની પણ ના પાડી અને જણાવ્યું કે જે મલેચ્છ (મુસ્લિમ)ના ઘરે આટલા મહિના રહી હોય અને તેના હાથનું રાંધેલું ખાધું હોય તેના માટે ઘરના દરવાજા હંમેશને માટે બંધ છે. તેની હવે પછી આ ઘરમાં કે ગામમાં કોઈ જ જગ્યા નથી.

ખૂબ જ હરખ સાથે આવેલી દીકરીને આવી કલ્પના જ નહીં કે તેને આવકારને બદલે આવો જાકારો મળશે. તેણી ખૂબ જ દુઃખી થઈ. પોતે ગંગા જેવી પવિત્ર છે તેવા સોગંદ ખાધા, રાંધેલા અનાજને તેણે હાથ પણ નથી લગાવ્યો, ફક્ત ખજૂર અને ચણા-ગોળ ખાઈને જ આટલો ટાઈમ કાઢ્યો છે અને કેટલા લોહીના આંસુએ રડી છે તેની આપવીતી રડતા રડતા પોતાના પરિવારને જણાવતી રહી. પરંતુ તેની એક પણ વાત સાંભળવા તેની મા સિવાય કોઈ તૈયાર ન થયું. તેણીએ ખૂબ જ કાલાવાલા કર્યા અને ઘરમાં નહીં તો આંગણામાં પડી રહેવાની કાકલૂદી કરી. પરંતુ પિતાએ દિલને પથ્થર જેવું બનાવી નાખ્યું હતું. તેનું બીજું કારણ સમાજ તેને નાત બહાર કે ગામ બહાર મૂકી દેશે તે દહેશતે અનરાધાર રોતી, પોતાની એક સમયની વહાલસોયી દીકરીના માટે ઘરના દરવાજા હંમેશ માટે બંધ કરાવી દીધા.

રોતી-કકળતી આ છોકરી પોતાના બધા સગાવહાલાના ઘરના દરવાજા ખટખટાવી જોયા, પરંતુ સમાજના ડરે બધાએ જાકારો આપ્યો અને જ્યારે તેણીએ પૂછ્યું કે હું હવે ક્યાં જાઉં, ત્યારે કેટલાકે તો "કૂવો પૂર" તેવા જવાબ આપીને ખૂબ જ તોછડાઈ સાથે તેણીને કાઢી મૂકી. રોતી-કકળતી આ છોકરી માટે ઉપર આભ અને નીચે ધરતી સિવાય હવે કોઈ આરો-ઓવારો બાકી રહ્યો ન હતો. ખૂબ જ આશા સાથે આવેલી અને તેની આવી દશા થશે તેની તો તેણે કલ્પના પણ નહોતી કરેલ. અચાનક વાતાવરણ પોતાની વિરુધ્ધનું થઈ ગયેલ હોઈ તે હતાશ થઈ ગઈ. તેણે કૂવો પૂરવાનું નક્કી કરી નાખ્યું અને ખૂબ જ દુઃખ અને પીડા ભોગવતી તેણી ગામના ગોંદરે આવેલ કુવા પર આવી પહોંચી અને ગામ ભણી નજર કરીને ઊંડા તિરસ્કાર સાથે, કૂવામાં ઝંપલાવવાનું નક્કી કર્યું. જેવું તેણે શરીરને કૂવામાં ઝંપલાવવા નમાવ્યું કે પાછળ ઊભેલા પેલા ફકીરે તેનો હાથ ઝાલી લીધો. તેને તેણે કૂવામાં ઝંપલાવતી રોકી લીધી. આ છોકરી પણ આવી ઓચિંતાના કોઈએ પકડી લીધી તેથી શોક સાથે આશ્ચર્યથી તેણે પાછળ ફરીને જોયું. તો તેને વતન પહોંચાડનાર ભલો ફકીર જ તેને ઉગારનાર હતો. તેણી ફકીરને ભેટી પડી. ફકીર જમાનાની તાસીરને બરાબર જાણતો હતો. તેને સંસારના લોકોની ફિતરતનો ખ્યાલ હતો. તેને અંદાજ હતો કે આટલા બધા મહિના બહાર રહીને આવેલ હોઈ રૂઢીચુસ્ત સંસાર આ છોકરીને રખેને ન સ્વીકારે તો આ છોકરીને આપઘાત કર્યા સિવાય છૂટકો નહીં રહે. તેથી તેણે ત્યાં જ રહેવાનું ઉચિત માન્યું હતું અને તેની ધારણા સાચી પડી હતી.

છોકરી ચોધાર આંસુએ રડી પડી અને 'બાબા, હવે હું ક્યાં જાઉં? કોને કહું મારા દલડાની વાત.' તેવું રડતા રડતા ફકીરને પૂછ્યું. ફકીરે પ્રેમથી તેના માથે હાથ મૂકીને આશ્વાસન આપ્યું અને તેણીને જણાવ્યું કે હવે તને તારા પરિવાર કે સગા-વહાલા કે ગામના કોઈ સ્વીકારવા તૈયાર નથી. હું તને ફરીથી પાછી ત્યાં પણ નહીં લઇ જાઉં કે જ્યાંથી તને છોડાવીને લાવ્યો છું. છોકરી નીચી નજરે ફકીરની વાત સાંભળી રહી.

થોડીવાર પછી ફકીરે જણાવ્યું કે આજથી તું મારી દીકરી અને હું તારો બાપ. આજથી તારી જવાબદારી મારી. ચાલ મારી સાથે સંસારથી પરની દુનિયા કે જ્યાં ખુદાની બંદગી દ્વારા સંસારને તરવાનો પ્રયત્ન કરીએ. છોકરી માટે અન્ય કોઈ રસ્તો ન રહેતાં તેણી પણ ફકીરની સાથે ગામને આંસુભરી આંખે અલવિદા કરીને ચાલવા લાગી.

મારા માસીએ જણાવ્યું હતું કે અમને બહેનપણીઓને ઘણું જ દુઃખ થતું હતું પરંતુ અમારામાંથી કોઇનામાં પણ સમાજ સામે બાથ ભીડવાની હિંમત ન હતી. રૂઢીચુસ્ત સમાજમાં સ્ત્રીઓની દશા દુઃખદાયક તો હતી જ, તેમાં આ પ્રકારના બનાવ બનવો તે તો આભ ફાટી પડવા બરાબર હતું. તે છોકરીનું પછી શું થયું, તેની કોઈને કાંઈ જ ખબર ન પડી. પરંતુ એટલું ચોક્કસ હતું કે ફકીરને સાચો બાપ થતાં આવડ્યું પરંતુ સગા બાપને સાચો બાપ થતાં ન આવડ્યું.

આજે પણ તે બહેનપણીને યાદ કરીએ છીએ ત્યારે દિલમાં એક કસક ઉપડે છે અને તેની યાદમાં આંખ આંસુ સારી નાખે છે. ■

*માળાની તારીફ તો બધા જ કરે છે કેમકે તેઓને મોતી દેખાય છે; પરંતુ હું તો તારીફ દોરાની કરીશ, જેણે બધાને જોડી રાખ્યા છે.*

**૧૯૭૫ થી વ્યવસાયલક્ષી તાલીમ આપતી એકમાત્ર સંસ્થા**



આપ પણ ફેશન ડીઝાઈનર બની શકો છો ?

**ફેશન ડીઝાઈનીંગ, ગારમેન્ટ મેકિંગ અને બ્યુટી પાર્લર ક્ષેત્રે**

કારકીર્દી બનાવવાની અમૂલ્ય તક...

**S.S.C. - H.S.C.**

પાસ-નપાસ અને ગ્રેજ્યુએશન પછી શું ?

એન્જીનીયરીંગ ક્ષેત્રે

કારકીર્દી બનાવવાની અમૂલ્ય તક...

ડીપ્લોમા એન્જી. થઈ શકો છો.
સરકાર માન્ય તેમજ ખાનગી

ટી.વી. - ડી.વી.ડી., ઈલેક્ટ્રોનીક્સ, મોબાઈલ રીપેરીંગ, વાયરમેન, ઈલે. મોટર રીવાન્ડીંગ, ઈલેક્ટ્રીશીયન, રેફ્રીજરેશન એન્ડ એસી. રીપેરીંગ, ડ્રાફ્ટમેન સીવીલ, મિકેનિકલ, ટર્નર, ફીટર શીખો.

**ડી. એન. પોલીટેકનીક**

સંપર્ક :
પટેલ વાડી, બાપુનગર. : મો. ૮૧૨૮૮૪૧૭૮૦ | નરોડા : ફોન : ૦૭૯-૨૨૮૧૪૨૩૫ | મેઘાણીનગર : મો. ૯૬૦૧૧૭૭૪૮૯
રાયપુર : ફોન : ૦૭૯-૨૨૧૬૧૪૦૩ મો. ૯૬૦૧૬૦૫૬૩૧ | મણીનગર : મો. ૭૮૭૪૦૩૧૮૬૦ | દેહગામ : ૮૧૨૮૮૪૧૫૬૪

**કચ્છી સમાજ - અમદાવાદ પરિવારને ૨૫% ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.**

# પ્રતિભાવ

## જુલાઈ માસના 'કચ્છશ્રુતિ'ના વિશેષાંક અંગેનો પ્રતિભાવ

આ અંક એવો તો માહિતીપ્રદ બનેલ છે કે જો વિગતે લખીએ તો એ લખાણ માટે બીજો વિશેષ અંક બહાર પાડવો પડે! એટલે ટૂંકમાં લખવું હોય તો એમ લખી શકાય કે – 'માહિતી અંક નહીં દેખા તો કુછ નહીં દેખા!' (જેમ અમિતાભ કહે છે – 'કચ્છ નહીં દેખા તો કુછ નહીં દેખા! તે જ પ્રમાણે! કારણકે અહીં પણ કચ્છના અંક વિશેની જ વાત છે ને!)

અંકમાં જાણે માહિતીનો ખજાનો મૂકી દીધો છે અને અંક વાંચ્યા પછી વાચક 'માહિતી કુબેર' બની જાય છે!

- શ્રી અશોકભાઈ મહેતાનો તંત્રીલેખ તેમની આગવી શૈલી પ્રમાણેનો અને આ વિશેષાંકને અનુરૂપ રસપ્રદ છે. આ વિશે કોઈએ કદાચ વિચાર્યું પણ નહીં હોય. તેમને અભિનંદન.
- ઢગલાબંધ માહિતીને ટૂંકમાં પણ સર્વાંગસુંદર રીતે રજૂઆત કરવાની કળા શ્રી દિનેશભાઈ મહેતાને હસ્તગત છે, જે આ અંક પણ સાબિત કરે છે. તેથી જ તેમની મહેનત અને કુશળતાને 'કચ્છી સમાજ'ના માનદ્ મંત્રીશ્રી હિમાંશુભાઈ ઠક્કર દ્વારા સ્ટેજ પરથી બિરદાવાયા.
- **'વૈજ્ઞાનિક શોધોના શોધક' અંગેનો લેખ** : આ અંગેની વિગતોની માહિતીનું સંપાદન ખૂબ જ મહેનત અને કુશળતાની કસોટીરૂપ છે. તે બદલ પણ અભિનંદન.
- **'ઇતિહાસ'**ના વિભાગમાં તાજમહેલ વિશે સામાન્ય માન્યતા છે તેમ તેને મોગલ સ્થાપત્યના ઉત્તમ નમુના તરીકે ગણાવાયું છે. હવે આ અંગે એક વાત અહીં જણાવવાની આ લખનારને ઈચ્છા થાય છે. જાણીતા ઈતિહાસકાર અને પુરાતત્ત્વવિદ્ શ્રી પી.એમ. ઑક તેમના એક પુસ્તક 'The Taj Mahal is TEJO MAHALAYA – A Shiv Temple'માં જણાવે છે કે તાજમહેલ એ શિવ ટેમ્પલમાંથી કન્વર્ટ કરાયેલું સ્થાપત્ય છે. બહારના દેશોના મુસ્લિમ આક્રમણખોરોએ હજારો હિંદુ ટેમ્પલ તોડીને કે કન્વર્ટ કરીને મસ્જિદોનું નિર્માણ કરેલ છે તે જ રીતે. જે રીતે હિંદુ રામ મંદિરને તોડી બાબરી મસ્જિદમાં રૂપાંતર કરાયાના વિવાદાસ્પદ કેસ છે તે જ રીતે.

*ચિત્રસેન શાહ - ગાંધીનગર*
***મો. ૯૪૦૯૫ ૪૧૫૫૧***

## 'કચ્છશ્રુતિ' : વૈજ્ઞાનિક માહિતી વિશેષાંક

જુલાઈ-૨૦૧૯ 'કચ્છશ્રુતિ'ના અંકને 'વૈજ્ઞાનિક માહિતી વિશેષાંક' રૂપે સંકલિત કરી પ્રગટ કરવા બદલ અંતઃકરણપૂર્વક ધન્યવાદ પાઠવું છું.

આપશ્રીએ આ અંક દ્વારા પ્રાચીનથી અર્વાચીન વૈજ્ઞાનિક શોધો ક્યારે અને કેવા સંજોગોમાં થઈ, તેમનો માનવ સમાજ માટે ઉપયોગીતા વગેરેનું ધ્યાન રાખી સંક્ષિપ્ત છતાં સચોટ આલેખન કરી મેગેઝીનને ચાર ચાંદ લગાવી દીધા છે. તમારી તથા તંત્રી મંડળની આગવી સુઝબુઝ કાબિલે દાદ રહી છે. ખરેખર વાચક વર્ગને નવું નવું પીરસવાની આપની આંતરસુઝ, થોડામાં ઘણું કરી બતાડવાની આવડત ખરેખર અભિનંદનને પાત્ર છે. આવા અભ્યાસપૂર્ણ લેખો આજની પેઢી વાંચવા પ્રેરાય તેવા પ્રેરણારૂપ છે. આવા વિચારોને મેગેઝીનમાં આવરી લઈ આજના નાના મોટા સર્વે માટે આશિર્વાદરૂપ છે.

સંપૂર્ણ અંક મુખપૃષ્ઠથી લઈ બધી બાબતે ગુણવત્તાસભર છે. બધી ઘટનાઓની ગુંથણી, સરળ ભાષામાં વર્ણન, કલાસુઝ માટે ફરીથી અભિનંદન.

આવા લેખોથી આવતો અંક હાથમાં આવે તેની ઈંતેજારી રહે છે. 'કચ્છશ્રુતિ' માસિક ઉત્તરોત્તર પ્રગતિ સાધે એ જ અભ્યર્થના.

***મણિભાઈ વી. પટેલ***
***ઉપપ્રમુખશ્રી, અ.ભા.ક.ક.પા. સમાજ - અમદાવાદ ઝોન***
***મો. ૯૮૨૫૦ ૪૩૫૫૭***

★

## 'કચ્છશ્રુતિ' : વૈજ્ઞાનિક માહિતી વિશેષાંક

શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા પ્રકાશિત 'કચ્છશ્રુતિ' પ્રત્યેક કચ્છી પરિવારનું મુખપત્ર જણાય છે.

જુલાઈ-૨૦૧૯ના અંકમાં, અંકની મુખ્ય માહિતી "A" થી "N", વિસ્તૃત માહિતી વૈજ્ઞાનિક શોધો અને કારણો – ખરેખર તમારા બધા અંકો સુંદર સમજણ આપે તેવા તથા માનસિક શાંતિ આપે તેવા લખાયેલ હોય છે. પરંતુ આ અંકમાં 'A' થી 'N'ની બધી જ વિગતો સમજવા જેવી છે અને કંઈક નવું લાગે છે. વિદ્યાર્થી વર્ગને – જે ભણતા હોય તેમને સમજવી જરૂરી છે. આ બધી શોધો ભારતની નથી, જેથી દુઃખ પણ થાય. આપણે હજી એવું માળખું પ્રસ્થાપિત કરી શક્યા નથી, જેથી ભારત દેશે

તેમાં આગળ આવવું જરૂરી છે.

આપણા વિદ્યાર્થી વિદેશમાં જઈ આ દિશામાં આગળ વધે છે, જેની સમજણ સવિસ્તારથી આપેલ છે (તંત્રી લેખમાં). તમારો તંત્રીલેખ વાંચવાથી સમજાય છે કે વૈજ્ઞાનિક શોધખોળોના ક્ષેત્રે ભારત દેશનું યોગદાન કેટલું? તથા કચ્છનો પાણીનો પ્રશ્ન જે ખરેખર તમે વર્ષોથી જેની ચળવળ ચલાવી રહ્યા છો, જે હવે વધારે પ્રમાણમાં ચાલી રહી છે એવું જણાય છે.

આ મુખપત્ર (કચ્છશ્રુતિ)માં આવા લેખો આપવાવાળા તથા છાપવાવાળાને ધન્યવાદ ઘટે છે.

ફરીથી કચ્છશ્રુતિને ખૂબ ખૂબ ધન્યવાદ.

***પ્રભુલાલ સંઘવી - ઘાટકોપર (ઇસ્ટ), મુંબઈ***
***મો. ૯૮૨૦૦ ૩૭૪૭૬***

★

## 'કચ્છશ્રુતિ' : વૈજ્ઞાનિક માહિતી વિશેષાંક

'કચ્છશ્રુતિ'ના લીસા લીસા રેપર નીચે અજાયબ ગ્રંથના દર્શન થયા અને ઉદ્ગાર નીકળી ગયા ઓ...હો...હો...

વાહ! આપના આ વિચારને ધન્યવાદ. પેઢી દર પેઢીને કામ આવે એવો 'વૈજ્ઞાનિક માહિતી વિશેષાંક' ખરેખર અભૂતપૂર્વ છે. આ પ્રકાશન માટે ઓ...હો...હો... શબ્દો પૂરતા નથી.

એક અન્ય વિચાર : **કચ્છના તમામ વિષયો, ઘટનાઓ માટે આવો એન્સાક્લોપીડિયા – ગ્રંથ કેમ ના બની શકે? કે જેમાંથી દુનિયાનો કોઈ પણ માનવી કચ્છ વિશે જાણવા માંગતો હોય તો માત્ર એક જ 'ગ્રંથ' માંથી મળી રહે.**

કચ્છના સર્વાંગી વિકાસ માટે હજુ ઘણું કરવાનું છે. તેથી કચ્છના ચોક્કસ લેખકોને કચ્છના પ્રાણ પ્રશ્નો માટે, વિદેશ પહોંચતા આપણા વર્તમાનપત્રો દ્વારા લેખો લખાવીને હિંદી ભાષામાં કચ્છના વિકાસના લેખો લખાવડાવીને વિદેશ મોકલવા જોઈએ. અરે, દાતાઓની મદદથી જ્યાં સુધી કચ્છના પ્રાણપ્રશ્નોની વિગતો વિદેશના લોકો વિદેશ વસતા કચ્છી ભાઈ-બહેનો પાસે ના પહોંચે ત્યાં સુધી એ લોકોની મદદ-સેવા-જ્ઞાન - વિચારો - આઈડિયા - બુધ્ધિ કચ્છને કેમ મળશે? માત્ર ગુજરાતી ભાષાની કાગારોળ વિદેશમાં ક્યાં વંચાય છે? કોણ વાંચે છે? છટાદાર અંગ્રેજી બોલતાં કચ્છી યુવાનો તૈયાર કરવાની જરૂર છે. માત્ર ગુજરાતીમાં નહીં પણ કચ્છીઓએ અંગ્રેજીમાં રડતા શીખવું જરૂરી છે.

***ચંદ્રવદન મહેતા 'સારસ' - ભુજ, કચ્છ***

★

## 'કચ્છશ્રુતિ' : વૈજ્ઞાનિક માહિતી વિશેષાંક

શ્રી અશોક મહેતા તથા શ્રી દિનેશ મહેતા દ્વારા પાર પાડવામાં આવેલ ખૂબજ જ અદ્‌ભુત કાર્ય. સખત મહેનત, હાર્ડ વર્ક તથા ખૂબ જ અઘરું કામ તેમ છતાં ખૂબ જ સૌજન્યપૂર્વક કરવામાં આવેલ સુંદર વર્ક. ખૂબ ખૂબ અભિનંદન.

***રાજુ વસા - અમદાવાદ***

★

## 'કચ્છશ્રુતિ' : વૈજ્ઞાનિક માહિતી વિશેષાંક

'કચ્છશ્રુતિ'નો અષાઢી બીજ વિશેષાંક માહિતીનો ભંડાર છે. આ અંક સાચવી રાખવા જેવો છે.

***અશ્વિન ઝિંઝુવાડિયા - મુંદ્રા, કચ્છ***

★

## 'કચ્છશ્રુતિ' : વૈજ્ઞાનિક માહિતી વિશેષાંક

'કચ્છશ્રુતિ'ના ૧૫ જુલાઈ, ૨૦૧૯વાળા 'વૈજ્ઞાનિક માહિતી વિશેષાંક' માટે આપને અભિનંદન અને ધન્યવાદ. 'કચ્છશ્રુતિ'ની ૩૩ વર્ષોની કારકિર્દીમાં વિવિધ વિષયો અને પ્રસંગો નિમિત્તે 'કચ્છશ્રુતિ'ના વિશેષાંકો નીકળતા રહ્યા છે, જેમાં મોટાભાગના વાચકોનો સંતોષ મેળવતા રહ્યા છે. પણ આ વૈજ્ઞાનિક માહિતી વિશેષાંકે તો તેના વાચકોને ભારે વૈજ્ઞાનિક જ્ઞાન-શ્રીમંત બનાવ્યા છે.

આ વિશેષાંકના તંત્રીલેખમાં વૈજ્ઞાનિક શોધખોળોના ક્ષેત્રે ભારત દેશનું યોગદાન કેટલું? – એ પ્રશ્નાર્થ અને વિગતો મુખ્ય તંત્રીશ્રીનો હાર્દિક અજંપો અને ઢંકાયેલી હતાશા વ્યક્ત કરે છે. લેખોમાંની વિગતોનું વૈવિધ્ય અને વ્યાપ સુખદ આશ્ચર્ય પ્રેરનારા છે. **જો તેમાં વિજ્ઞાન માટે નોબેલ પ્રાઇઝ મેળવનાર (જગદીશચંદ્ર) જે.સી. બોઝનો પણ ઉલ્લેખ કરાયો હોત તો સમયોચિત બનત.** કેટલાક લેખોમાં નાની - નજીવી ક્ષતિઓ પણ છે. તુલસીભાઈ કંસારા અભ્યાસુ લેખક હોવા છતાં એમણે કરેલાં કેટલાક વિધાનો FACTS આધારીત નથી, પ્રચંડ પ્રોપેગેન્ડા આધારીત છે. ધારાશાસ્ત્રી ધનજીભાઈ ભાનુશાલીના લેખમાં દેશનો સૌથી મોટો જિલ્લો નેફા જણાવ્યો છે તે શરતચૂક છે. લદાખ સૌથી મોટો જિલ્લો છે.

આપણા દેશમાં વિજ્ઞાન, પુરાણો, ધર્મ અને નવા રાષ્ટ્રીયતાની દઝાયેલી ખીચડી રાજકીય બદહેતુએ છૂટા હાથે પીરસાઈ રહી છે. **વૈજ્ઞાનિક નક્કર ઇતિહાસ અને ભ્રમ (MYTH)નો પર્દાફાશ જો 'કચ્છશ્રુતિ' હિંમતભેર કરશે તો નવી પેઢીની ઉત્તમ સેવા બનશે.**

***પ્રવીણચંદ્ર શાહ - તક્કા, પનવેલ***

*ભૂલ એનાથી જ થાય છે કે જે સારું કરવા ઇચ્છે છે, બાકી કંઈ નહીં કરવાવાળા તો ભૂલો જ શોધ્યા કરતા હોય છે.*

## 'કચ્છશ્રુતિ' : વૈજ્ઞાનિક માહિતી વિશેષાંક

જુલાઈ મહિનાનો કચ્છશ્રુતિનો વૈજ્ઞાનિક માહિતી વિશેષાંક મળ્યો - વાંચ્યો. બહુ આનંદ થયો. ખૂબ જ સુંદર અને હંમેશ માટે સાચવી રાખવા જેવો વિશેષાંક વાંચી - આપને તથા આપની ટીમને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. અંકમાં રજૂ થયેલી વિવિધ વૈજ્ઞાનિક માહિતીને વ્યવસ્થિત રીતે એકઠી કરી, તેનું સંકલન કરવાનું કાર્ય ખૂબ જ પરિશ્રમ અને નિષ્ઠા માંગી લે છે. અલગ અલગ વિષયોની વૈજ્ઞાનિક માહિતી એકઠી કરવાનું કાર્ય એ બહુ અઘરું છે.

આ અગાઉ પણ ઓક્ટોબર-૨૦૧૮ના દીપોત્સવી વિશેષાંકમાં પણ ખૂબ જ સુંદર અને ઉપયોગી માહિતીનો ભંડાર રજૂ થયો છે. આ દીપોત્સવી વિશેષાંક પણ કાયમ માટે સાચવી રાખવા જેવો અંક બન્યો છે અને તેમાં રજૂ થયેલી વિવિધ વિષયોની માહિતીના કારણે એક યાદગાર ગ્રંથ બન્યો છે. આ બંને વિશેષાંકોની પ્રસિધ્ધિ માટે આપને તથા આપની ટીમને ખૂબ ખૂબ અભિનંદન સાથે શુભેચ્છા પાઠવું છું. આ બંને વિશેષાંકોએ 'કચ્છશ્રુતિ'નું ગૌરવ વધાર્યું છે.

બીજી એક ખાસ વાત. આપણા કચ્છને નર્મદાના પાણી પ્રશ્ને આપના તરફથી 'કચ્છશ્રુતિ' દ્વારા જે સતત રજૂઆતો થઈ રહી છે અને કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલના મંચ ઉપરથી આ પ્રશ્ને જે અભિયાન ચાલી રહ્યું છે તે માટે પણ આપને શુભેચ્છા પાઠવું છું. આપના આ પ્રશ્ને સતત પ્રયત્નો આપની કચ્છ પ્રત્યેની — વતન પ્રત્યેની લાગણી દર્શાવે છે. કચ્છની જીવાદોરી જેવા આ પ્રશ્ન માટે કચ્છનું હિત જેમના હૈયે છે તે બધાનો સાથ, સહયોગ અને શુભેચ્છા આપને તથા કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલને મળતા રહે તેવી પ્રાર્થના. આપણા માનનિય મુખ્યમંત્રીશ્રી તથા માનનિય પ્રધાનમંત્રીશ્રીને કચ્છ પ્રત્યે ખૂબ જ લાગણી અને સંવેદના છે, છતાં કચ્છને કેમ અન્યાય થઈ રહ્યો છે તે સમજાતું નથી.

આપને ફરીથી ધન્યવાદ.

*ચંદુલાલ સી. શાહ - અંજાર, કચ્છ*
*મો. ૯૯૭૯૬ ૬૮૧૬૮*

★

## 'કચ્છશ્રુતિ' : વૈજ્ઞાનિક માહિતી વિશેષાંક

'કચ્છશ્રુતિ'નો અષાઢી બીજનો વૈજ્ઞાનિક માહિતી વિશેષાંક વાંચી આફરીન પોકારી જવાયું. સંપાદકોની મહેનત અને જહેમતને સલામ. પશુ - પક્ષી - ફૂલ - ઝાડ - માનવ શરીર - પૃથ્વી - ઈતિહાસ વગેરે વિષયો પરની માહિતી કાબિલે દાદ છે. વૈજ્ઞાનિક શોધોના શોધક મોટાભાગે વિદેશીઓ જ છે. ભારતીયોનું પ્રદાન આ ક્ષેત્રે કેમ ઓછું છે?

આ ઉપરાંત તુલસીદાસ કંસારાનો લેખ વૈદિક સમયનાં વિજ્ઞાનીઓ - ઋષિઓ તથા ધનજી ભાનુશાલીનો લેખ કચ્છી ભાષાનો વિશ્વસ્તરે વ્યાપ સ—રસ રહ્યા. કાવ્યો પણ ગમ્યા. ફરી ફરી અભિનંદન.

*અરવિંદ સોમૈયા - નખત્રાણા*

★

## 'કચ્છશ્રુતિ' : જુલાઈ-૨૦૧૯ અંક પ્રતિભાવ

'કચ્છશ્રુતિ'નો જુલાઈનો અંક આજે મળ્યો. વાંચવાનો બાકી છે પણ તમારો તંત્રીલેખ વાંચીને અતિ આનંદ થયો. લોકો દરેક ક્રિયા પ્રક્રિયાને વૈજ્ઞાનિક દૃષ્ટિથી જોતા થાય તે માટેનો તમારો પ્રયાસ પ્રશંસનીય છે. કોઈ પણ ધર્મ કે કોઈ પણ સમાજ ચીલાચાલુ ઘરેડથી ચાલતો રહે અને સમય સાથે પરિવર્તનશીલ ન બની શકે તો એ સમાજ અંતે પતન તરફ ધસી જાય છે. હું તમારી એ વાત સાથે ૧૦૦% સહમત છું કે આધ્યાત્મિકતા અને ધાર્મિકતાનો અતિરેક સમાજને લાંબા સમયે નુકસાનદાયક છે. તેમાં પણ ખાસ કરીને અત્યારના સમયે, જ્યારે આસુરી તાકાતોએ આપણા ધર્મ અને સંસ્કૃતિને નષ્ટ કરવાનું નક્કી જ કરી લીધું છે, ત્યારે પણ આપણે આપણો અભિગમ નહીં બદલીએ તો આવતી સદી પહેલા જ આપણું અસ્તિત્વ અને આપણી હાલત કેવી હશે તેનું ચિત્ર સ્પષ્ટ રીતે નજર સમક્ષ ઊભું છે. હાલના સમયમાં તો આપણે સ્વકલ્યાણ નહીં પણ સ્વરક્ષણ વિશે વિચારવાની જરૂર છે. સમાજને વૈજ્ઞાનિક નજરે જોતા કરવાના તમારા પ્રયાસ માટે તમને અને કચ્છશ્રુતિને મારા હાર્દિક અભિનંદન.

*નરેન્દ્ર પ્રીતમલાલ શાહ*

## ભીતરથી જન્મે છે તે અધ્યાત્મ છે

મોટાભાગના લોકો બોલેલી, સાંભળેલી કે કહેવાયેલી વાતોને પોપટની જેમ ફરી પડઘા પાડે છે, બોલે છે. તેઓ માત્ર કહેવાયેલું કહે છે. આ એમનું જ્ઞાન કે સમજ નથી. ગીતા કહેવાય છે ત્યારે કૃષ્ણના આત્મામાંથી, એમની બુધ્ધિમાંથી જન્મ લેતું આધ્યાત્મ મહત્ત્વનું છે. જ્યારે કશુંક ભીતરથી જન્મે છે ત્યારે એ ધર્મ બને છે, જ્ઞાન બને છે, અધ્યાત્મ બને છે. તેને રીપીટ કરનારા રીપોર્ટીંગ કરે છે, પડઘા પાડે છે. આ પડઘા કે રીપોર્ટીંગ એ 'જ્ઞાન' નથી એ સમજાય તો કદાચ ધર્મનું મહત્ત્વ અને અર્થ સમજાય.

*કાજલ ઓઝા વૈદ્ય*

*જ્ઞાની માણસને સમજાવી શકાય છે, કદાચ અજ્ઞાની માણસને પણ સમજાવી શકાય છે પરંતુ જીદ્દી માણસને સમજાવવું કઠિન છે.*

# કચ્છી નૂતન વર્ષ મિલન સમારંભ અને 'કચ્છશ્રુતિ'ના વૈજ્ઞાનિક માહિતી વિશેષાંકનો વિમોચન સમારોહ

## ગુરુવાર, તા. ૪-૭-૨૦૧૯

શ્રી કચ્છી સમાજ - અમદાવાદનો કચ્છી નૂતન વર્ષ મિલન સમારંભ ગુરુવાર, તા. ૪-૭-૨૦૧૯ના સાંજના ૪.૦૦ વાગ્યા પછી ખૂબ જ ઉત્સાહપૂર્વકના વાતાવરણમાં ટાગોર હોલ ખાતે ઉજવાઈ ગયેલ હતો. આ મિલન સમારંભ અંતર્ગત "સરસ્વતી સન્માન"ના કાર્યક્રમ સમયે ટાગોર હોલ માનવ મહેરામણથી હકડેઠઠ ભરાઈ ગયેલ હતો.

આ કાર્યક્રમમાં અતિથિ વિશેષશ્રી તરીકે નવનીત પબ્લિકેશન્સના શ્રી શાંતિભાઈ ગાલા, શ્રી કચ્છી લેઉઆ પટેલ સમાજના પ્રમુખ શ્રી શિવજીભાઈ માવજીભાઈ શિયાણી તથા શિવમ પેકેજિંગના શ્રી પરબતભાઈ પટેલે ઉપસ્થિત રહી કાર્યક્રમની શોભા વધારેલ હતી.

સરસ્વતી સન્માનના વિવિધ દાતાશ્રીઓ શ્રી હરીશભાઈ રંગવાલા, માતુશ્રી વિમળાબેન શાંતિલાલ શાહ, શ્રી કુણાલ નરેન્દ્ર છગનલાલ શાહ તથા શ્રીમતી મંજુલાબેન હરખચંદ સાવલા વતી શ્રી અશ્વિનભાઈ સાવલા મંચ પર ઉપસ્થિત રહેલ હતા. સાથે સાથે શ્રી કચ્છી સમાજ - અમદાવાદના પ્રમુખ શ્રી અશોકભાઈ મહેતા, માનદ્ મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કર, ઉપપ્રમુખ શ્રી ભરતભાઈ ઓઝા તથા શ્રી ચીમનભાઈ પલણ, ખજાનચી શ્રી અતુલભાઈ સોની, સહમંત્રી શ્રી જેન્તીભાઈ લાકડાવાલા તથા શ્રી દિનેશભાઈ મહેતા અને ટ્રસ્ટી શ્રી મનુભાઈ કોટડિયા પણ મંચ પર બિરાજમાન રહેવા પામેલ હતા.

કાર્યક્રમની શરૂઆત કુ. રાશિ પરમારના સરસ્વતી વંદનાના કાર્યક્રમથી કરવામાં આવેલ હતી. ત્યારબાદ સમાજના પ્રમુખ શ્રી અશોકભાઈ મહેતાએ મંચસ્થ બિરાજમાન અતિથિ વિશેષશ્રીઓ, સરસ્વતી સન્માનના દાતાશ્રીઓ તથા ઉપસ્થિત સહુ કચ્છી પરિવારોને શાબ્દિક સ્વરૂપે આવકાર્યા હતા કે જે સમયે તેઓએ અત્યાર સુધી શ્રી કચ્છી સમાજ - અમદાવાદની ધૂરા સંભાળી સમાજને અત્યાર સુધી પ્રગતિના પંથે લાવનાર દરેક પૂર્વ પ્રમુખશ્રીને યાદ કરેલ હતા અને આ પ્રસંગે અત્યારના કચ્છના પ્રાણપ્રશ્ન નર્મદાના પીવાના, સિંચાઈ માટેના તથા વધારાના પાણી વિશે પ્રવર્તતા અસંતોષની પણ થોડી વાતો કરેલ હતી.

ત્યારબાદ મહેમાનોનું બુકેથી સ્વાગત કરવામાં આવ્યું હતું. અતિથિ વિશેષ શ્રી શાંતિભાઈ ગાલાનું સ્વાગત સમાજના પ્રમુખ શ્રી અશોકભાઈ મહેતાએ, અતિથિ વિશેષ શ્રી શિવજીભાઈ શિયાણીનું સ્વાગત સમાજના માનદ્ મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કરે, અતિથિ વિશેષ શ્રી પરબતભાઈ પટેલનું સ્વાગત સમાજના ઉપપ્રમુખ શ્રી ભરતભાઈ ઓઝાએ, સરસ્વતી સન્માનના પ્રાયોજકના પ્રતિનિધિ શ્રી અશ્વિનભાઈ સાવલાનું સ્વાગત સમાજના ઉપપ્રમુખ શ્રી ચીમનભાઈ પલણે, સરસ્વતી સન્માનના પ્રાયોજક શ્રી કુણાલભાઈ શાહનું સ્વાગત સમાજના સહમંત્રી શ્રી જેન્તીભાઈ લાકડાવાલાએ, સરસ્વતી સન્માનના પ્રાયોજક શ્રી હરીશભાઈ રંગવાલાનું સ્વાગત સમાજના સહમંત્રી શ્રી દિનેશભાઈ મહેતાએ તથા સરસ્વતી સન્માનના પ્રાયોજક માતુશ્રી વિમળાબેન શાંતિલાલ શાહનું સ્વાગત સંસ્થાના ખજાનચી શ્રી અતુલભાઈ સોનીએ કરેલ હતું.

બાદમાં સંસ્થા વિશે વર્ષભરનો અહેવાલ આપતા સંસ્થાના માનદ્ મંત્રીશ્રીએ સંસ્થાની પ્રવૃત્તિઓ જેવી કે સરસ્વતી સન્માન, વિદ્યાર્થી દત્તક યોજના, માસિક મુખપત્ર કચ્છશ્રુતિ, નવરાત્રિ કાર્યક્રમ વગેરેની વિગતવાર માહિતી ઉપસ્થિત માનવ સમુદાયને આપેલ હતી.

ત્યારબાદ સંસ્થાના માસિક મુખપત્ર "કચ્છશ્રુતિ"ના કચ્છી નૂતન વર્ષ વિશેષાંક "વૈજ્ઞાનિક માહિતી વિશેષાંક"નું વિમોચન અતિથિ વિશેષ શ્રી શાંતિભાઈ ગાલાના વરદ્ હસ્તે કરવામાં આવ્યું હતું અને મંચ પર ઉપસ્થિત મહાનુભાવોને તેની એક-એક કોપીનું વિતરણ પણ કરવામાં આવેલ હતું.

ઉપરોક્ત કાર્યવાહી પૂર્ણ થયા બાદ ધોરણ-૧૦થી ઉપરના ૩૪ વિદ્યાર્થીઓનું સર્ટિફીકેટ, શિલ્ડ અને ગીફ્ટ કવરથી મંચ પર એક પછી એક વિદ્યાર્થીને બોલાવીને તેઓનું અભિવાદન કરવામાં આવેલ હતું. ધોરણ-૧૦, ધોરણ-૧૨ (વિજ્ઞાન પ્રવાહ) તથા વિશિષ્ટ પ્રતિભાવાળા વિદ્યાર્થીઓનું સન્માન આ યોજનાના દાતાશ્રી મંજુલાબેન હરખચંદ સાવલાના પ્રતિનિધિ શ્રી અશ્વિનભાઈ સાવલાના વરદ્ હસ્તે કરાવવામાં આવેલ હતું. ધોરણ-૧૨ (સામાન્ય પ્રવાહ)ના વિદ્યાર્થીઓનું સન્માન આ યોજનાના દાતાશ્રી કુણાલ નરેન્દ્ર શાહના

*ઈચ્છા એ ન રાખો કે દરેક વ્યક્તિ તમારા ગુણગાન ગાય, કોશિશ એ કરો કે કોઈ તમારું ખરાબ ના બોલે.*

હસ્તે કરાવવામાં આવેલ હતું. કન્યા શ્રેષ્ઠતા પારિતોષિક, આ યોજનાના દાતા શ્રી હરીશભાઈ રંગવાલાના વરદ્ હસ્તે અર્પણ કરવામાં આવેલ હતા. ઉચ્ચ શિક્ષણમાં ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓના પારિતોષિક આ યોજનાના દાતાશ્રી ધનસુખલાલ વીરજી સંઘવી ચેરિટેબલ ટ્રસ્ટ - ઝરીયાની અનુપસ્થિતિમાં તેમના વતી સમાજના પ્રમુખ શ્રી અશોકભાઈ મહેતાના વરદ્ હસ્તે આપવામાં આવેલ હતા.

ઉપરોક્ત સરસ્વતી સન્માન બાદ અતિથિ વિશેષશ્રીના પદેથી પ્રવચન આપતા શ્રી પરબતભાઈ પટેલે જણાવેલ કે શ્રી કચ્છી સમાજ - અમદાવાદ, વર્ષોથી સામાજિક, સાંસ્કૃતિક તથા શૈક્ષણિક ક્ષેત્રે વિવિધ પ્રવૃત્તિઓ કરતો આવેલ છે. સમાજમાં તેણે પોતાની આગવી છાપ ઊભી કરેલ છે. આપણે સહુએ આ સંસ્થામાં જોડાઈ, તેને પૂરતા પ્રમાણમાં સહયોગ આપવો જોઈએ કે જેથી કરીને આ સંસ્થા ભવિષ્યમાં પણ ઉત્કૃષ્ટ કામોના આયોજન કરતી રહે.

ઉપરોક્ત પ્રવચન બાદ ફરી સરસ્વતી સન્માનના કાર્યક્રમનું આયોજન ગોઠવી દેવામાં આવેલ હતું. આ સમયે ધોરણ-૧ થી ધોરણ-૯ અને ધોરણ-૧૧ના પ્રથમ ત્રણ અવ્વલ નંબરે આવેલ ૪૬ વિદ્યાર્થીઓને સન્માનવામાં આવેલ હતા. ધોરણ-૯ના વિદ્યાર્થીઓના આ યોજનાના પ્રાયોજક શ્રી રમેશભાઈ રવજીભાઈ ધોરાઈ (મુલુંડ - મુંબઈ)ની અનુપસ્થિતિમાં અતિથિ વિશેષ શ્રી શિવજીભાઈ માવજીભાઈ શિયાણીના વરદ્ હસ્તે, ધોરણ-૮ના વિદ્યાર્થીઓનું સન્માન આ યોજનાના પ્રાયોજક માતુશ્રી વિમળાબેન શાંતિલાલ શાહના વરદ્ હસ્તે, ધોરણ-૭ના વિદ્યાર્થીઓનું સન્માન સમાજના ટ્રસ્ટી શ્રી મનુભાઈ કોટડિયાના વરદ્ હસ્તે, ધોરણ-૬ના વિદ્યાર્થીઓનું સન્માન અતિથિ વિશેષ શ્રી પરબતભાઈ શિવજીભાઈ પટેલના વરદ્ હસ્તે, ધોરણ-૫ ના વિદ્યાર્થીઓનું સન્માન સંસ્થાના માનદ્ મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કરના વરદ્ હસ્તે, ધોરણ-૪ના વિદ્યાર્થીઓનું સન્માન સંસ્થાના ઉપપ્રમુખ શ્રી ભરતભાઈ ઓઝાના વરદ્ હસ્તે, ધોરણ-૩ના વિદ્યાર્થીઓનું સન્માન સંસ્થાના ઉપપ્રમુખ શ્રી ચીમનભાઈ પલણના વરદ્ હસ્તે, ધોરણ-૨ના વિદ્યાર્થીઓનું સન્માન સંસ્થાના સહમંત્રી શ્રી જેન્તીભાઈ લાકડાવાલાના વરદ્ હસ્તે તથા ધોરણ-૧ના વિદ્યાર્થીઓનું સન્માન સંસ્થાના સહમંત્રી શ્રી દિનેશભાઈ મહેતાના વરદ્ હસ્તે કરાવવામાં આવેલ હતા. ત્યારબાદ નાના ધોરણના વિદ્યાર્થીઓના ગ્રુપ ફોટા ઉપસ્થિત અતિથિ વિશેષો, હોદ્દેદારો તથા અમદાવાદ સ્થિત વિવિધ કચ્છી ઘટક સમાજોના પ્રમુખશ્રીઓ સાથે પાડવામાં આવેલ હતા.

આ સમયે સંસ્થાના માનદ્ મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કરે આ કાર્યક્રમ સમયે વિવિધ દાતાશ્રીઓના દાનની સરવાણીનું લીસ્ટ મંચ પરથી વાંચી સંભળાવેલ હતું કે જેને તાળીઓના ગડગડાટથી વધાવી લેવામાં આવેલ હતા.

આભારવિધિ મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કરે કરેલ હતી.

મંચ પરના આયોજનની જવાબદારી શ્રી દીપકભાઈ ચૌહાણ, શ્રી સંજયભાઈ રાઠોડ તથા શ્રી મૂકેશભાઈ ચૌહાણ તથા ડી.એન. પોલીટેકનિકના સ્ટાફે સંભાળી લીધેલ હતી. સરસ્વતી યોજનાનું સંપૂર્ણ આયોજન 'સરસ્વતી સન્માન સમિતિ'એ સંભાળી લીધેલ હતું.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન અલ્પાબેન મેહુલ શાહે કરેલ હતું.

અહીં સાંજના સમૂહ ભોજન - કચ્છી ભોજન માટે બે કલાકનો વિશ્રામ લેવામાં આવેલ હતો.

સમૂહ ભોજનના આયોજનની સંપૂર્ણ જવાબદારી શ્રી મનુભાઈ કોટડિયાએ નિભાવેલ હતી. તેમને શ્રી કચ્છી લોહાણા સમાજના યુથ વિભાગ "સેતુ"નો ખૂબ જ સુંદર સાથ અને સહકાર મળેલ હતો. જમણવારમાં ગોળના લાડુ, ભજીયા, પૂરી, શાક, દાળ, ભાત, પાપડ, કચુંબર, છાશ વગેરે રહેવા પામેલ હતા. લગભગ ૭૫૦ વ્યક્તિઓએ આ અતિ સુંદર ભોજનનો લાભ માણેલ હતો. જમણવાર એટલી સરસ રીતે આયોજિત કરવામાં આવેલ હતો કે ત્યાં ક્યારે પણ ગીચતાની ફરિયાદ રહેવા પામેલ ન હતી. વરસાદની શક્યતા હોવાના કારણે પ્લાસ્ટીકના કવરવાળો મંડપ તૈયાર કરવામાં આવેલ હતો.

જમણવારના વિરામ બાદ ફરી સૌ ટાગોર હોલમાં આવી પોતાની સીટ પર ગોઠવાઈ ગયેલ હતા. બરાબર રાત્રે ૮.૩૦ વાગે સમાજના જ યુવા કલાકારો દ્વારા રજૂ કરવામાં આવેલ મનોરંજન કાર્યક્રમની શરૂઆત કરી દેવામાં આવેલ હતી.

મનોરંજન કાર્યક્રમની સંપૂર્ણ જવાબદારી મનોરંજન સમિતિના કન્વીનર શ્રી ભરતભાઈ ઓઝાએ સંભાળી લીધેલ હતી. તેઓશ્રીને જૂહી ધોળકિયા, નેહા મનીષ ખોના, મિત્તલબેન વરુ, છાયાબેન કોટક, જિજ્ઞાસાબેન ધોળુ, લતાબેન કે. પટેલ, પ્રીતિ દીપક ચૌહાણ, નારણભાઈ પટેલ, રેખાબેન વી. પટેલ, વિજય ઠક્કર, મોનીકા ઠક્કર વગેરેનો સુંદર સાથ અને સહકાર સાંપડેલ હતો. તેઓએ ૧૫ જૂનથી ૩ જુલાઈ સુધી પાલડી ખાતે આવેલ શ્રી કચ્છી જૈન ભવનના બેઝમેન્ટમાં, લેવા પટેલ હોસ્ટેલમાં, નરોડામાં મિત્તલબેનના ક્લાસની જગ્યા પર વગેરે સ્થળોએ વિવિધ કાર્યક્રમોની પ્રેક્ટીસ કરેલ હતી. આ બધા સમાજોનો તથા સંસ્થાનોનો પણ સુંદર સહકાર સાંપડેલ હતો.

---

*પાણીથી નહાય તે કપડાં બદલી શકે છે, પણ પરસેવે નહાય તે કિસ્મત બદલી શકે છે.*

મનોરંજન કાર્યક્રમની શરૂઆત જય ઠક્કર દ્વારા ગીટાર પર પ્રસ્તુત રાષ્ટ્રગીતથી કરવામાં આવેલ હતી. ત્યારબાદ રાશિ પરમારનું ગણેશ વંદના રજૂ થયેલ હતું. ત્યારબાદ ક્રમાનુસાર નીચેના કાર્યક્રમો રજૂ કરવામાં આવેલ હતા. (૧) મિત્તલબેન વરુ ગ્રુપ - નરોડા દ્વારા તોડાય મંગલમ્, ગણેશ વંદના તથા અલ્લારીપુ. (૨) શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના કલાકારો દ્વારા રજવાડી ઓઢણી, (૩) જહાન્વી ચંદન દ્વારા શિવ સ્તુતિ, (૪) લેવા પાટીદાર યુવાઓ દ્વારા બોલીવુડ ફ્યુઝન, (૫) દર્શિલ ઠક્કર - કુશલ ઠક્કર દ્વારા કી બોર્ડ પર શાસ્ત્રીય ગીત, (૬) શ્રી શામજીભાઈ કેરાઈ દ્વારા યોગાના વિવિધ આસનોની પ્રસ્તુતિ, (૭) મિત્તલબેન વરુ ગ્રુપ - નરોડા દ્વારા શિવ તાંડવ, (૮) પરી સુનિલભાઈ દાવડા દ્વારા ઘુમ્મર ડાન્સ, (૯) ડૉ. હિમાંશુ શાહ દ્વારા માઉથ ઓર્ગન પર ગીત કે જેના પર શ્રેયા પોટાનું નૃત્ય ડાન્સ, (૧૦) કચ્છી લોહાણા સમાજના બાળકો દ્વારા દેશભક્તિ આધારિત રાષ્ટ્રીય ગીત, (૧૧) કુ. ચિરાંગી પટેલ દ્વારા યોગાની પ્રસ્તુતિ (ખૂબ જ સુંદર શૈલીમાં), (૧૨) મિત્તલબેન વરુ ગ્રુપ - નરોડા દ્વારા ગરબો, (૧૩) કચ્છી જૈન સેવા સમાજના કલાકારો દ્વારા રાજસ્થાની ડાન્સ, (૧૪) શ્રેયા પોટા દ્વારા કથ્થક ડાન્સ, (૧૫) વડનગરા નાગર સમાજ દ્વારા બેઠા ગરબા અને છેલ્લે વાલજી ભટ્ટી અને સાથીદારો દ્વારા કચ્છી ડાયરો રજૂ કરવામાં આવેલ હતો. ત્યારબાદ વાલજી ભટ્ટી અને તેમના કલાકારો દ્વારા કચ્છી રાષ્ટ્રગાન "મુંજી માતૃભૂમિ કે નમન" ગાઈને કાર્યક્રમની પૂર્ણાહૂતિ કરવામાં આવેલ હતી.

કાર્યક્રમ અતિ ઉત્તમ પ્રકારનો રહેવા પામેલ હતો. એક-એક આઈટમની રજૂઆતની સાથે સાથે પ્રેક્ષકગણમાંથી વાહ વાહના ઉદ્‌ગારો સાથે શ્રી કચ્છી સમાજ - અમદાવાદના આ મનોરંજન કાર્યક્રમના આયોજન સામે વિવિધ મહાનુભાવો દ્વારા રૂપિયાની જાહેરાતોનો ધોધ વરસાવવામાં આવેલ હતો કે જે નીચે મુજબ હતો :

| | | |
|---|---|---|
| *રૂા.* | *૨,૦૦૦/-* | *શ્રી ઋષિકેશભાઈ પોટા* |
| *રૂા.* | *૧,૧૦૦/-* | *શ્રી રતિલાલભાઈ સુથાર (હોમ ડિઝાઈન ફર્નિચર)* |
| *રૂા.* | *૧,૧૦૦/-* | *શ્રી સુનિલભાઈ એન. સોની* |
| *રૂા.* | *૧,૧૦૦/-* | *શ્રી જશવંતભાઈ પરમાર* |
| *રૂા.* | *૧,૧૦૦/-* | *શ્રીમતી સવિતાબેન ચૌહાણ* |
| *રૂા.* | *૧,૦૦૦/-* | *શ્રી જયંતીભાઈ લાકડાવાલા* |
| *રૂા.* | *૧,૦૦૦/-* | *શ્રી અતુલભાઈ સોની* |
| *રૂા.* | *૧,૦૦૦/-* | *શ્રી હરસુખભાઈ પટેલ (એચ. પટેલ એન્ડ એસોસિએટ્સ)* |
| *રૂા.* | *૧,૦૦૦/-* | *શ્રી પરબતભાઈ પટેલ (શિવમ પેકેજિંગ)* |
| *રૂા.* | *૧,૦૦૦/-* | *શ્રી નારાયણભાઈ હાલાઈ* |
| *રૂા.* | *૧,૦૦૦/-* | *શ્રી રૂપેશભાઈ ઓઝા* |
| *રૂા.* | *૧,૦૦૦/-* | *સેતુ યુવક મંડળ (શ્રી લોહાણા યુવક મંડળ)* |
| *રૂા.* | *૧,૦૦૦/-* | *શ્રી જગદીશભાઈ ઠક્કર (મીચી ફૂડ્સ)* |
| *રૂા.* | *૧,૦૦૦/-* | *શ્રી મગનભાઈ પટેલ (ધોળુ કન્સ્ટ્રક્શન કું.)* |
| *રૂા.* | *૧,૦૦૦/-* | *શ્રી કમલેશભાઈ શાહ (અમમ માર્કેટિંગ)* |
| *રૂા.* | *૧,૦૦૦/-* | *શ્રી અનિસભાઈ મૈયા* |
| *રૂા.* | *૧,૦૦૦/-* | *શ્રી દિનેશભાઈ પ્રેમચંદ મહેતા* |
| *રૂા.* | *૧,૦૦૦/-* | *શ્રીમતી દક્ષાબેન ધનસુખલાલ શાહ* |
| *રૂા.* | *૧,૦૦૦/-* | *શ્રી ઈશ્વરભાઈ પૂજાણી* |
| *રૂા.* | *૨૦,૪૦૦/-* | |

છેલ્લે, કાર્યક્રમમાં સંપૂર્ણ સહયોગ આપવા બદલ જૂહી ધોળકિયા તથા અલ્પા મેહુલ શાહના જાહેર અભિવાદન બાદ કાર્યક્રમની પૂર્ણાહૂતિ રાત્રે ૧૧.૩૦ વાગે કરવામાં આવેલ હતી.

કાર્યક્રમ દરમિયાન લગભગ ૧૫ જેટલા શ્રી કચ્છી સમાજ - અમદાવાદના સભ્ય અથવા કચ્છશ્રુતિના સભ્યો નોંધાયેલ હતા.

*પ્રભુ હું ક્યાં કહું છું કે તું આંગણ સુધી આવ, આંખ મીંચું, ને બસ પાંપણ સુધી આવ.*

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદ

# કચ્છી નૂતન વર્ષ મિલન સમારંભ અને 'કચ્છશ્રુતિ'ના વૈજ્ઞાનિક માહિતી વિશેષાંકનો વિમોચન સમારોહ




કુ. રાશિ પરમાર – સરસ્વતી વંદના



કાર્યક્રમની શરૂઆતમાં હોલમાં ઉપસ્થિત જનમેદની. પ્રથમ હરોળમાં મહાનુભાવો



અતિથિ વિશેષ શ્રી શાંતિલાલભાઈ ગાલા (ડાબે)નું બુકેથી સન્માન કરતા શ્રી અશોકભાઈ મહેતા



અતિથિ વિશેષ શ્રી શિવજીભાઈ શિયાણી (ડાબે)નું બુકેથી સન્માન કરતા શ્રી હિમાંશુભાઈ ઠક્કર



અતિથિ વિશેષ શ્રી પરબતભાઈ પટેલ(ડાબે)નું બુકેથી સન્માન કરતા શ્રી ભરતભાઈ ઓઝા



સરસ્વતી સન્માનના પ્રાયોજકના પ્રતિનિધિ શ્રી અશ્વિનભાઈ સાવલા (જમણે)નું બુકેથી સન્માન કરતા શ્રી ચીમનભાઈ પલણ



સરસ્વતી સન્માનના પ્રાયોજક શ્રી કુણાલ નરેન્દ્ર શાહ (ડાબે)નું બુકેથી સન્માન કરતા શ્રી જેન્તીભાઈ લાકડાવાલા



સરસ્વતી સન્માનના પ્રાયોજક શ્રી હરીશભાઈ રંગવાલા (ડાબે)નું બુકેથી સન્માન કરતા શ્રી દિનેશભાઈ મહેતા



સરસ્વતી સન્માનના પ્રાયોજક માતુશ્રી વિમળાબેન શાહ (જમણે)નું બુકેથી સન્માન કરતા શ્રી અતુલભાઈ સોની



સંસ્થાનો અહેવાલ આપતા સંસ્થાના માનદ્ મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કર




કચ્છશ્રુતિના 'વૈજ્ઞાનિક માહિતી વિશેષાંક'નું વિમોચન



તેજસ્વી તારલાને સન્માનિત કરતા શ્રી અશ્વિનભાઈ સાવલા (ડાબે)



તેજસ્વી તારલાને સન્માનિત કરતા શ્રી કુણાલ નરેન્દ્રભાઈ શાહ (ડાબે)



કન્યા શ્રેષ્ઠતા પારિતોષિક અર્પણ કરતા શ્રી હરીશભાઈ રંગવાલા



તેજસ્વી વિદ્યાર્થિનીને સન્માનિત કરતા શ્રી અશોકભાઈ મહેતા



ધોરણ-૮ની તેજસ્વી વિદ્યાર્થિનીનું સન્માન કરતા માતુશ્રી વિમળાબેન શાહ



તેજસ્વી વિદ્યાર્થીનું સન્માન કરતા શ્રી શિવજીભાઈ શિયાણી



તેજસ્વી વિદ્યાર્થિનીનું સન્માન કરતા શ્રી પરબતભાઈ પટેલ



તેજસ્વી તારલાને સન્માનિત કરતા શ્રી ભરતભાઈ ઓઝા



તેજસ્વી બાલિકાને સન્માનિત કરતા શ્રી ચીમનભાઈ પલણ



તેજસ્વી તરલિકાને સન્માનિત કરતા શ્રી અતુલભાઈ સોની



તેજસ્વી બાલિકાને સન્માનિત કરતા
શ્રી જેન્તીભાઈ લાકડાવાલા



તેજસ્વી બાલિકાને સન્માનિત કરતા
શ્રી દિનેશભાઈ મહેતા



તેજસ્વી વિદ્યાર્થિનીનું સન્માન કરતા
શ્રી દીપકભાઈ ચૌહાણ



ધોરણ-૧ થી ૯ના તેજસ્વી તારલાઓ સાથે શ્રી કચ્છી સમાજ - અમદાવાદના હોદ્દેદારો, અતિથિ વિશેષશ્રીઓ અને ઉપસ્થિત વિવિધ ઘટક સમાજના પ્રમુખશ્રીઓ



સરસ્વતી સન્માનના સમયે હોલમાં ઉપસ્થિત જનમેદની.



સમૂહ ભોજનના સમયે



સમૂહ ભોજનના સમયે



સમૂહ ભોજનના સમયે



સાંસ્કૃતિક કાર્યક્રમના કલાકારોનો ગ્રૂપ ફોટો



ઉદ્‌ઘોષક શ્રીમતી અલ્પા શાહને સન્માનિત કરતા શ્રી અશોકભાઈ મહેતા. વચ્ચે શ્રી ભરતભાઈ ઓઝા.



કુ. રાશિ પરમાર – ગણેશ વંદના



તોડાય મંગલમ્, ગણેશ વંદના, અલ્લારિપુ – નરોડા ગ્રુપ



રજવાડી ઓઢણી – શ્રી કચ્છી જૈન સેવા સમાજ ગ્રુપ



ગ્રુપ ડાન્સ - શ્રી કચ્છી જૈન સેવા સમાજ ગ્રુપ



શિવ સ્તુતિ - જહાન્વી ચંદન



બોલીવુડ ફ્યુઝન - લેવા પાટીદાર યુવાઓ



યોગા દર્શન - શ્રી શામજીભાઈ કેરાઈ



શિવ તાંડવ – નરોડા ગ્રુપ



ઘૂમ્મર ડાન્સ - પરી સુનિલભાઈ દાવડા



માઉથ ઓર્ગન પર ડૉ. હિમાંશુ શાહ. માઉથ ઓર્ગનની ટ્યુન પર નૃત્ય - શ્રેયા પોટા.



દેશ ભક્તિ આધારિત નૃત્ય ગીત - શ્રી કચ્છી લોહાણા સમાજના બાળકો.



યોગા પરફોર્મન્સ - કુ. ચિરાંગી પટેલ



ગરબો – નરોડા ગ્રુપ



રાજસ્થાની ડાન્સ – શ્રી કચ્છી જૈન સેવા સમાજ ગ્રુપ



કથ્થક ડાન્સ – શ્રેયા પોટા



બેઠા ગરબા – વડનગરા નાગર સમાજ. સાથે ભરતભાઈ ઓઝા.



કચ્છી ડાયરો – વાલજીભાઈ ભટ્ટી ગ્રુપ

# શ્રી કચ્છી સમાજ - અમદાવાદ

## ● સરસ્વતી સન્માન - ૨૦૧૯ના વિદ્યાર્થીઓ ●


વૈદ્ય હયાતી દેવેન્દ્રભાઈ
**M.Phil. in Music**
**71.16%**


શાહ તેજસ પંકજભાઈ
વિશિષ્ટ પ્રતિભા પ્રાપ્ત વિદ્યાર્થી


વોરા નમન આનંદભાઈ
ધોરણ-૫
વિશિષ્ટ પ્રતિભા પ્રાપ્ત વિદ્યાર્થી


પરમાર રાશિ રવીન્દ્રભાઈ
ધોરણ-૬
વિશિષ્ટ પ્રતિભા પ્રાપ્ત વિદ્યાર્થી


ગોગરી સોમિલ પંકજભાઈ
**M.S. (U.S.A.)**
**(Computer Engg.)**


ધોળુ કરણ મોહનલાલ
**M.B.B.S.**


શાહ પ્રિયંકા સુકેતુ
**M.B.B.S.**


શાસ્ત્રી રૂજલ પીયૂષ
**M.B.B.S.**


શાહ તેજસ પંકજભાઈ
**B.Tech. – I.T.**


શેઠ નિસર્ગ કમલેશભાઈ
**M.B.A. (Mktg.)**


જોષી યશ અનિલભાઈ
**M.Com.**


ચૌહાણ હીમા દીપકભાઈ
**B.Com.**


કોરડિયા દિતીશા અમિતકુમાર
**S.S.C. : 98%**
કન્યા શ્રેષ્ઠતા પારિતોષિક


ગોસર કવિશા વિપુલકુમાર
ધોરણ-૧૨ (કોમર્સ) : ૮૦%
કન્યા શ્રેષ્ઠતા પારિતોષિક


પીંડોરિયા આયુષ શશીકાંતભાઈ
ધોરણ-૧૨ (સાયન્સ) : ૯૩.૪૦%
પ્રથમ


પારેખ પ્રક્ષાલ ભાવેશભાઈ
ધોરણ-૧૨ (સાયન્સ) : ૮૪%
દ્વિતીય


શાહ તેજ અમરભાઈ
ધોરણ-૧૨ (સાયન્સ) : ૮૦%
તૃતીય


ગોસર કવિસા વિપુલભાઈ
ધોરણ-૧૨ (કોમર્સ) : ૮૦%
પ્રથમ


સોમપુરા આકાશ હિતેશભાઈ
ધોરણ-૧૨ (કોમર્સ) : ૭૮.૧૩%
દ્વિતીય


ચૌહાણ ડિમ્પલ દીપકભાઈ
ધોરણ-૧૨ (કોમર્સ) : ૭૨.૨૬%
તૃતીય


કોરડિયા દિતીશા અમિતકુમાર
ધોરણ-૧૦ : ૯૮.૦૦%
પ્રથમ


શાહ પાર્થ અમરભાઈ
ધોરણ-૧૦ : ૯૬.૩૦%
દ્વિતીય


શાહ આસ્થા કેતનભાઈ
ધોરણ-૧૦ : ૯૨.૬૦%
તૃતીય

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદ

# કચ્છી નૂતન વર્ષ મિલન સમારોહ
તથા
# "કચ્છશ્રુતિ"ના "વૈજ્ઞાનિક માહિતી વિશેષાંક"નું વિમોચન

### ગુરુવાર, તા. ૪-૭-૨૦૧૯ સમયે વહેલી દાનની સરવાણી

શ્રી કચ્છી સમાજ - અમદાવાદના ટ્રસ્ટ મંડળની અપીલનો સ્વીકાર કરીને જે જે કચ્છી મહાનુભાવોએ દાનની સરવાણીનો ધોધ વહાવેલ છે તે સહુનો શ્રી કચ્છી સમાજ - અમદાવાદ ખૂબ ખૂબ આભાર માને છે અને એ સૌ મહાનુભાવોનું જાહેરમાં અભિવાદન કરે છે.

*વિગતવાર માહિતી નીચે મુજબ છે :*

| | | | |
|---|---|---|---|
| ★ | શ્રી શાંતિલાલભાઈ ગાલા | નવનીત પબ્લિકેશન્સ લિમિટેડ | રૂા. ૧,૦૦,૦૦૦/- |
| ★ | શ્રી ચીમનભાઈ પલણ | રાધાવલ્લભ ગ્રૂપ | રૂા. ૪૧,૦૦૦/- |
| ★ | શ્રી શાંતિલાલભાઈ સાવલા | દીપ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ | રૂા. ૩૧,૦૦૦/- |
| ★ | શ્રી આર. કે. પટેલ | હાઈકોર્ટ ઍડવોકેટ | રૂા. ૩૧,૦૦૦/- |
| ★ | શ્રી હરીશભાઈ રંગવાલા | હર્ષા એન્જિનિયર્સ | રૂા. ૨૫,૦૦૦/- |
| ★ | સ્વ. શ્રી નાનુભાઈ વેલજીભાઈ મજીઠિયા પરિવાર | બાગબાન ગ્રૂપ | રૂા. ૨૫,૦૦૦/- |
| ★ | શ્રી કીર્તિભાઈ બારૂ | કતીરા કન્સ્ટ્રક્શન કું. | રૂા. ૨૫,૦૦૦/- |
| ★ | શ્રી મનુભાઈ શાહ | ગૂર્જર પબ્લિકેશન્સ | રૂા. ૧૫,૦૦૦/- |
| ★ | શ્રી જગદીશભાઈ ઠક્કર | મીચી ફૂડ | રૂા. ૧૧,૦૦૦/- |
| ★ | શ્રી શિવજીભાઈ માવજીભાઈ શિયાણી | પ્રમુખશ્રી, શ્રી કચ્છી લેવા પટેલ સમાજ | રૂા. ૧૧,૦૦૦/- |
| ★ | શ્રી સુરેશભાઈ ધોળુ | હાઈકોર્ટ ઍડવોકેટ | રૂા. ૧૧,૦૦૦/- |
| ★ | શ્રી કરશનભાઈ નારણભાઈ પટેલ | | રૂા. ૫,૦૦૦/- |
| | | | કુલ રૂા. ૩,૩૧,૦૦૦/- |

**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**

*તમારી હરીફાઈ કરનારા, તમારા કામની કોપી કરી શકે,*
*પરંતુ તમારી ક્ષમતા, આવડત અને સંસ્કારીતાની કોપી તો નહીં જ કરી શકે.*

*વિચાર ગમે તેટલો સુંદર હોય, પણ આચાર વિના નકામો છે.*

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદ

## 'કચ્છશ્રુતિ' – વૈજ્ઞાનિક માહિતી વિશેષાંક : જુલાઈ-૨૦૧૯

'કચ્છશ્રુતિ'નો અષાઢી બીજ – કચ્છી નૂતન વર્ષ નિમિત્તેનો અંક "વૈજ્ઞાનિક માહિતી વિશેષાંક" તરીકે પ્રકાશિત કરવામાં આવેલ હતો. આ અંકના પ્રસારણના સમયે અમને અનેક મહાનુભાવોનો સાથ અને સહકાર સાંપડેલ હતો. તેમના સૌજન્ય વગર કદાચ આ અંક બહાર પાડવાનું શક્ય ના બની શકત. દરેક મહાનુભાવે સૌજન્યના રૂા. ૫,૦૦૦/- આપી આ અંકને પ્રસારિત કરવામાં ખૂબ જ સુંદર સહયોગ આપેલ છે. અત્રેથી અમે એ દરેક મહાનુભાવોનો આભાર માનીએ છીએ અને શ્રી કચ્છી સમાજ - અમદાવાદ પ્રત્યે આ પ્રકારની હૂંફની ભાવના વ્યક્ત કરતા રહે એવી અભ્યર્થના વ્યક્ત કરીએ છીએ.

*મહાનુભાવોની યાદી નીચે મુજબ છે :*

| | |
|---|---|
| ★ શ્રી અશોકભાઈ ધોળકિયા | ગોપાલ ગ્લાસ વર્ક્સ લિમિટેડ |
| ★ શ્રી કે.આર. શાહ | યુનિક રીટ્રેડ્સ પ્રા.લિ. |
| ★ માતુશ્રી પાર્વતીબેન ત્રિકમદાસ ભાનુશાળી | એક શુભેચ્છક |
| ★ શ્રી વિનીતભાઈ મજીઠિયા | કર્ણાવતી કોમ્પ્યુટર |
| ★ શ્રી મહેન્દ્રભાઈ મોતીલાલ વસા | નિવૃત્ત બેંક ઓફિસર |
| ★ CA શ્રી હરસુખભાઈ વિશ્રામભાઈ પટેલ | એચ. પટેલ એન્ડ એસોસિએટ્સ |
| ★ શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ | ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય |
| ★ શ્રી પ્રાણલાલ નરભેરામ સોની | નિવૃત્ત વ્યાપારી અને સમાજસેવક |
| ★ શ્રી અનિલ રામજી હરિયા | આકાશ ઓઈલ એક્સ્પ્લોઝર સર્વિસ / દેવલ ડેવલોપર્સ |
| ★ શ્રી કાંતિભાઈ લાલજીભાઈ પટેલ | સ્વસ્તિક ટીમ્બર માર્ટ |
| ★ શ્રી ચીમનભાઈ વી. પલણ | બોનાફાઈડ બ્રોકર્સ |
| ★ શ્રી કમલેશભાઈ મનુભાઈ શાહ | અમમ માર્કેટિંગ |
| ★ શ્રીમતી રેખાબેન વિનોદભાઈ પટેલ | કારોબારી સભ્ય |
| ★ CA વી. આર. ગોપાણી | વી. આર. ગોપાણી એન્ડ કું. |
| ★ શ્રી નીતિન ધનજી ગાલા | એસ. નીતિનકુમાર એન્ડ કું. |
| ★ શ્રી હીરજીભાઈ જેઠાભાઈ પટેલ | સરસ્વતી ટીમ્બર માર્ટ |
| ★ શ્રી દામજીભાઈ પ્રેમજીભાઈ નીસર | એકતા ચિક્કી |
| ★ જી.બી. પટેલ / નીરલ પટેલ | આર.એન.પી.જી. એન્ડ કું. |
| ★ શ્રી ચંદ્રકાંત કેશવજી ગડા | બ્લ્યુ સ્ટાર ઈન્ડિયા |
| ★ શ્રી ચિત્રસેન રવજી શાહ | ચિ. પ્રિયંકા સુકેતુ શાહ ફાઈનલ MBBSમાં ઉત્તીર્ણ થયા નિમિત્તે |

**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદ

## • સરસ્વતી સન્માનના વિદ્યાર્થીઓ •

### વર્ષ ૨૦૧૯માં ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓની યાદી

**• વિશિષ્ટ પ્રતિભા પ્રાપ્ત વિદ્યાર્થીઓ**

| | | | |
|---|---|---|---|
| ૧. | વૈદ્ય હયાતી દેવેન્દ્રભાઈ | ૭૧.૧૬% | M.Phil. in Music |
| ૨. | શાહ તેજસ પંકજભાઈ | | (૧) સ્કીટ પરફોર્મન્સ માટે કોલેજમાં પ્રથમ. (૨) કૉલેજમાં સ્કીટ અને માઈમનું ડાયરેક્શન કર્યું. (૩) વિદ્યાડન અને જીઓના સ્લમ વિસ્તારમાં વિદ્યાર્થીઓને ભણાવવામાં જન જાગૃતિ ઍવોર્ડ મેળવ્યો. |
| ૩. | વોરા નમન આનંદભાઈ | ધોરણ-૫ | શીટો ર્‍યુ કરાટે - સ્ટેટ લેવલ કોમ્પિટીશન-૨૦૧૯માં ત્રીજા ક્રમાંકે |
| ૪. | પરમાર રાશિ રવીન્દ્રભાઈ | ધોરણ-૬ | કોમ્પ્યુટર ઓલિમ્પિયાડ પરીક્ષામાં ગોલ્ડ મેડલ |

**• સાયન્સ અને એન્જિનિયરીંગ માસ્ટર્સ તથા ડૉક્ટર્સ**

| | | |
|---|---|---|
| ૧. | ગોગરી સોમિલ પંકજભાઈ | M.Sc. – કોમ્પ્યુટર એન્જિનિયરીંગ |
| ૨. | ધોળુ કરણ મોહનલાલ | M.B.B.S. |
| ૩. | શાહ પ્રિયંકા સુકેતુ | M.B.B.S. |
| ૪. | શાસ્ત્રી રૂજલ પીયૂષ | M.B.B.S. |

**• સાયન્સ અને એન્જિનિયરીંગ ગ્રેજ્યુએટ્સ**

| | | |
|---|---|---|
| ૧. | શાહ તેજસ પંકજભાઈ | B.Tech. – Information Technology |

**• કોમર્સમાં માસ્ટર્સની ડિગ્રી**

| | | |
|---|---|---|
| ૧. | શેઠ નિસર્ગ કમલેશભાઈ | M.B.A. (Marketing) |
| ૨. | જોષી યશ અનિલભાઈ | M.Com. |

**• કોમર્સમાં બેચલર્સ ડિગ્રી**

| | | |
|---|---|---|
| ૧. | ચૌહાણ હીમા દીપકભાઈ | B.Com. |

**• કન્યા શ્રેષ્ઠતા પારિતોષિક**

| | | | |
|---|---|---|---|
| ૧. | કોરડિયા દિતીશા અમિતકુમાર | ૯૮% | ધોરણ-૧૦ |
| ૨. | ગોસર કવિશા વિપુલકુમાર | ૮૦% | ધોરણ-૧૨ (કોમર્સ) |

*બધા દુઃખ દૂર થયા પછી મન પ્રસન્ન થશે એ ભ્રમ છે, હકીકત એ છે કે, મન પ્રસન્ન રહેશે તો બધા દુઃખ દૂર થઈ જશે.*

*ધીરજ એક એવો રસ્તો છે, જે માણસને એની તાકાત બતાવે છે.*

### ધોરણ-૧૨ (વિજ્ઞાન પ્રવાહ)

| | | |
|---|---|---|
| પ્રથમ | પિંડોરિયા આયુશ શશીકાંતભાઈ | ૯૩.૪૦% |
| દ્વિતીય | પારેખ પ્રક્ષાલ ભાવેશભાઈ | ૮૪.૦૦% |
| તૃતીય | શાહ તેજ અમરભાઈ | ૮૦.૦૦% |

### ધોરણ-૧૨ (સામાન્ય પ્રવાહ)

| | | |
|---|---|---|
| પ્રથમ | ગોસર કવિસા વિપુલભાઈ | ૮૦.૦૦% |
| દ્વિતીય | સોમપુરા આકાશ હિતેશભાઈ | ૭૮.૧૩% |
| તૃતીય | ચૌહાણ ડિમ્પલ દીપકભાઈ | ૭૨.૨૬% |

### ધોરણ-૧૦

| | | |
|---|---|---|
| પ્રથમ | કોરડિયા દિતિશા અમિતકુમાર | ૯૮.૦૦% |
| દ્વિતીય | શાહ પાર્થ અમરભાઈ | ૯૬.૩૦% |
| તૃતીય | શાહ આસ્થા કેતનભાઈ | ૯૨.૬૦% |

### ધોરણ-૧૧

| | | |
|---|---|---|
| પ્રથમ | સંઘવી હર્ષ પંકજભાઈ | ૮૭.૭૩% |
| દ્વિતીય | ચૌહાણ ઊર્વિ રમેશભાઈ | ૮૫.૬૦% |
| તૃતીય | શાહ ખુશ્બૂ પરેશભાઈ | ૮૩.૨૮% |

### ધોરણ-૯

| | | |
|---|---|---|
| પ્રથમ | કાકરેચા નિશિકા મનીષભાઈ | ૯૪.૩૦% |
| દ્વિતીય | ઠક્કર હિતાર્થ ચેતનભાઈ | ૯૨.૧૪% |
| તૃતીય | ઠક્કર દિવ્યાંગ તેજસભાઈ | ૮૯.૪૩% |

### ધોરણ-૮

| | | |
|---|---|---|
| પ્રથમ | શાહ તિયા મૂકેશભાઈ | ૯૪.૩૩% |
| દ્વિતીય | પટેલ ઋતુ જયેશકુમાર | ૯૪.૦૬% |
| તૃતીય | શાહ કરીશ્મા આકાશભાઈ | ૮૨.૬૫% |

### ધોરણ-૭

| | | |
|---|---|---|
| પ્રથમ | પિંડોરિયા આંચલ શશીકાંતભાઈ | ૯૩.૦૦% |
| દ્વિતીય | પટેલ દક્ષ જીવરાજભાઈ | ૯૦.૦૦% |
| તૃતીય | પટેલ મિત લક્ષ્મણભાઈ | ૮૭.૦૦% |

### ધોરણ-૬

| | | |
|---|---|---|
| પ્રથમ | ચૌહાણ તન્વી અમિતકુમાર | ૯૨.૨૮% |
| દ્વિતીય | પરમાર રાશિ રવિન્દ્રભાઈ | ૮૨.૬૭% |

### ધોરણ-૫

| | | |
|---|---|---|
| પ્રથમ | વોરા કાશ્વી જલધી | ૯૭.૦૦% |
| પ્રથમ | પટેલ ધ્રુવી જીવરાજભાઈ | ૯૭.૦૦% |
| દ્વિતીય | પટેલ ભવ્ય જયેશકુમાર | ૯૬.૫૭% |
| તૃતીય | પટેલ દેવસ્ય ભૂપેન્દ્રભાઈ | ૯૫.૭૧% |

### ધોરણ-૪

| | | |
|---|---|---|
| પ્રથમ | શાહ ભવ્યા તપનભાઈ | A-2 |
| દ્વિતીય | શાહ કેયુર પરેશભાઈ | A-1 |
| દ્વિતીય | ગાંધી મોનીલ મનીષભાઈ | A-1 |
| તૃતીય | નાગડા ફેરી રાહુલભાઈ | A+ |

### ધોરણ-૩

| | | |
|---|---|---|
| પ્રથમ | વોરા દેવેશી આદિત્યભાઈ | ૯૩.૦૦% |
| દ્વિતીય | શાહ તૃષા ભાવેશભાઈ | ૮૦.૬૭% |
| તૃતીય | ગડા સ્તુતિ વિશાલભાઈ | ૭૩.૬૩% |

### ધોરણ-૨

| | | |
|---|---|---|
| પ્રથમ | ત્રિપાઠી પ્રથમ આનંદભાઈ | ૯૬.૬૭% |
| દ્વિતીય | મહેતા મેઘ દર્શનભાઈ | ૯૬.૫૦% |
| તૃતીય | ઠક્કર પવનભાઈ ઉમેશભાઈ | ૯૩.૦૦% |

### ધોરણ-૧

| | | |
|---|---|---|
| પ્રથમ | રાઠોડ નિરાલી ઉમેશભાઈ | ૮૯.૦૦% |
| દ્વિતીય | પટેલ તત્ત્વા મનભાઈ | A+ |

વર્ષ ૨૦૧૯ની પરીક્ષામાં ઉત્તીર્ણ થઈ સમાજમાં અવ્વલ નંબરે આવેલા ઉપરોક્ત તેજસ્વી તારલાઓને તેમના અભ્યાસકીય જીવનમાં અને ત્યારબાદના જીવનમાં ઝળહળતી સફળતા મળે તેવી અભિલાષા.

અન્ય ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓ પોતાની ભાવિ કારકિર્દી તેટલી જ સફળ બનાવે તેવી શુભેચ્છા.

જે વિદ્યાર્થીઓ ચાલુ વર્ષ દરમિયાન ઉત્તીર્ણ થવામાં સફળ રહી શક્યા નથી – જો કે તેમની સંખ્યા માત્ર જૂજ જ રહેવા પામેલ હશે – તેવા વિદ્યાર્થીઓ માટે પણ ભાવિ અફાટ રહેવા પામેલ છે. તેઓ પણ કોઈને કોઈ ક્ષેત્રે ઝળકી ઉઠશે તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવે છે.

**દીપક ચૌહાણ**

*કન્વીનર - સરસ્વતી સન્માન સમિતિ, શ્રી કચ્છી સમાજ - અમદાવાદ*

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદ

### કચ્છી નૂતન વર્ષના મનોરંજન કાર્યક્રમ બાદ કાર્યક્રમના કલાકારો સાથે મિલન સમારંભ

અષાઢી બીજ નિમિત્તે યોજાયેલા કાર્યક્રમમાં ભાગ લેનાર કલાકારો તેમજ જેમણે વોલન્ટીયર્સ તરીકે સેવાઓ આપેલ હતી એમનું એક 'ગેટ-ટુ ગેધર' શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા તા. ૧૩-૭-૨૦૧૯, શનિવારના રોજ સાંજે ૭ વાગે, શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના બેઝમેન્ટ હોલ ખાતે યોજવામાં આવેલ હતું.

આ ગેટ ટુ ગેધર કાર્યક્રમમાં સૌ કલાકારો તેમજ કાર્યકરો સહિત ૭૫ જેટલી સંખ્યામાં ઉત્સાહ સાથે હાજર રહ્યા હતા અને કાર્યક્રમની સફળતા માટે એકબીજાનું અભિવાદન કરેલ હતું.

કાર્યક્રમ દરમિયાન જે કંઇ આઈટમો રજૂ થઈ તે બાબતે ચર્ચાઓ કરેલ હતી અને આગામી સમયમાં ફરીથી આવો કોઇ કાર્યક્રમ યોજાય એવી સૌ કોઈની લાગણી હતી.

સાંસ્કૃતિક કાર્યક્રમમાં જે કલાકારોએ ભાગ લીધો એમનું એક કચ્છી કલ્ચરલ ગ્રુપ બનાવવાનું અને ભવિષ્યમાં કોઈ કોમ્પિટીશન સ્વરૂપે કાર્યક્રમ કરવાની સૌએ ઇચ્છા વ્યક્ત કરી હતી.

આ બાબતે ઘણી વિસ્તૃત ચર્ચાઓ થયેલ હતી.

કાર્યક્રમનું વિડીયો રેકોર્ડિંગ તેમજ ફોટોગ્રાફસનું સ્ક્રીન પર ડિસ્પ્લે જોવા માટેની ખાસ વ્યવસ્થા શ્રી મનુભાઈ કોટડિયાએ કરેલ હતી. સૌ આ રેકોર્ડિંગ જોઈને આનંદિત થયેલ હતા.

આ ગેટ ટુ ગેધર કાર્યક્રમમાં શ્રી કચ્છી સમાજ વતી સર્વશ્રી અતુલ સોની, મનુભાઈ કોટડિયા, દિનેશભાઈ મહેતા, સંજય રાઠોડ, મૂકેશ ચૌહાણ વિ. હાજર રહેલ હતા. નાદુરસ્ત તબિયતના કારણે પ્રમુખ શ્રી અશોકભાઈ મહેતાની અનુપસ્થિતિમાં પ્રમુખ સ્થાન સમાજના ઉપપ્રમુખ તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમના કન્વીનર શ્રી ભરત ઓઝાએ સંભાળેલ હતું.

કાર્યક્રમ બાદ અલ્પાહારનો આનંદ લઇને સૌ છૂટા પડ્યા હતા.

*ઉદય અને અસ્ત નામના આ બે જે કિનારા છે, એની વચમાં જે પ્રવાહ વહે છે તે જ સાચું જીવન છે. નદીનો કિનારો ત્યાં સુધી જ છે કે જ્યાં સુધી તે વહે છે. એમાંથી જ્યારે જળ સૂકાઈ જાય છે ત્યારે કિનારા એની મેળે અદૃશ્ય થઈ જાય છે.*

## ગુજરાત ચેમ્બર ઑફ કોમર્સની સેક્રેટરિયલ સંશોધન સમિતિના પ્રમુખપદે શ્રી કચ્છી સમાજ - અમદાવાદના પૂર્વ પ્રમુખ શ્રી કૈલાસદાન ગઢવીની વરણી



ગુજરાત ચેમ્બર ઑફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝની બોર્ડ મિટીંગ તાજેતરમાં જ મળેલ હતી. જેમાં વિવિધ ક્ષેત્રોમાં સેવા અને સહકાર પૂરા પાડવા માટે ૨૪ જેટલી સમિતિઓની રચના કરવામાં આવેલ હતી. ઉપરોક્ત સમિતિમાંની સેક્રેટરિયલ સંશોધન અને વિશ્લેષણ સમિતિના પ્રમુખ તરીકે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ **કૈલાસદાન કરણીદાન ગઢવી**ની વરણી કરવામાં આવેલ હતી.

શ્રી કૈલાસદાન ગઢવી વર્ષ ૨૦૧૨-૧૩થી વર્ષ ૨૦૧૩-૧૪ દરમિયાન બે વર્ષ સુધી શ્રી કચ્છી સમાજ - અમદાવાદના પ્રમુખપદે બિરાજી ચૂકેલ છે. તેમના સમયમાં કચ્છી નૂતન વર્ષ નિમિત્તે ઓસમાણ મીરનો ડાયરો, વિદ્યાર્થીઓ માટે કારકિર્દી માર્ગદર્શન સેમિનાર તથા અદાણી પોર્ટની મુલાકાત જેવા લોકપ્રિય કાર્યક્રમો યોજાયેલ હતા.

શ્રી કૈલાસદાન ગઢવી કોંગ્રેસ પક્ષના અખિલ ભારતીય વ્યવસાય કોંગ્રેસના ગુજરાત એકમના પ્રમુખ છે અને ઉદ્યોગ જગતની સમસ્યાઓના ઉકેલ તથા વિકાસનો બહોળો અનુભવ ધરાવે છે.

તેઓ કોંગ્રેસ પક્ષના પ્રવક્તા તરીકે પણ સેવા બજાવી રહ્યા છે.

શ્રી કૈલાસદાન ગઢવી તેમના જીવનમાં આગળ ને આગળ વધી દેશની અને ગુજરાત પ્રદેશની અહર્નિશ સેવા બજાવતા રહે તેવી શ્રી કચ્છી સમાજ - અમદાવાદ તેમને શુભેચ્છા પાઠવે છે.

*સંબંધોની ક્યારેય પરીક્ષા ન લેશો,*
*સામેવાળા નાપાસ થશે તો તમે દુઃખી થશો.*

# શ્રી કચ્છી સમાજ - અમદાવાદ

## ટ્રસ્ટ મંડળની મીટિંગની હાજરી

તા. ૧૬-૯-૨૦૧૮ના વાર્ષિક સામાન્ય સભા મળેલ હતી. ત્યારબાદ વર્ષ દરમિયાન ટ્રસ્ટ મંડળની ૬ મીટિંગ મળેલ હતી. આ મીટિંગોમાં ઉપસ્થિત રહેલ ટ્રસ્ટીશ્રીઓની હાજરી નીચે મુજબ રહેવા પામેલ છે.

| ક્રમ | ટ્રસ્ટીશ્રીનું નામ | હાજરી |
|---|---|---|
| ૧. | શ્રી અશોકભાઈ સાકરચંદ મહેતા | ૬ |
| ૨. | શ્રી ભરતભાઈ વસંતરાય ઓઝા | ૪ |
| ૩. | શ્રી મનુભાઈ વિઠ્ઠલદાસ કોટડિયા | ૪ |
| ૪. | શ્રી મેઘજીભાઈ કુંવરજીભાઈ ખેતાણી | ૦ |
| ૫. | શ્રી હિમાંશુભાઈ ભાઈલાલભાઈ ઠક્કર | ૪ |
| ૬. | શ્રી અતુલભાઈ શંકરલાલ સોની | ૨ |
| ૭. | શ્રી મનસુખભાઈ વશરામભાઈ પટેલ | ૦ |
| ૮. | શ્રી કૈલાસદાન કરણીદાન ગઢવી | ૦ |
| ૯. | શ્રી જગદીશભાઈ રવજીભાઈ ઠક્કર | ૪ |
| ૧૦. | શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ | ૦ |
| ૧૧. | શ્રી હરીશભાઈ રણજીતભાઈ રંગવાલા | ૦ |
| ૧૨. | શ્રી અશોક રઘુરામ ઠક્કર | ૦ |
| ૧૩. | શ્રી કૃણાલ નરેન્દ્ર છગનલાલ શાહ | ૦ |
| ૧૪. | શ્રી નરસિંહભાઈ નારાયણભાઈ ટેલ | ૦ |
| ૧૫. | શ્રી શાંતિલાલ મૂળજી સાવલા | ૦ |
| ૧૬. | શ્રી દક્ષેશ નવીનચંદ્ર સંઘવી | ૩ |
| ૧૭. | શ્રી દિનેશભાઈ રતિલાલ મહેતા (આમંત્રિત) | ૧ |
| ૧૮. | શ્રી ઘનશ્યામભાઈ પ્રેમજીભાઈ ઠક્કર (આમંત્રિત) | ૨ |

*ઓસ્ટ્રેલિયા સામેની ટેસ્ટ મેચમાં ભારતની હાર નિશ્ચિત મનાતી હતી. ભારત જંગી દેવા સાથે ફૉલોઓન થઈને તેંડુલકર સહિતની ટોચની વિકેટો ગુમાવી ચૂક્યું હતું. ક્રિકેટ વિશ્વના ચાહક કે વિવેચકને ભારત જીતે તે તો ઠીક, મેચ ડ્રો ખેંચી શકે તેવી પણ આશા નહોતી.*

*માત્ર ક્રિઝ પરના ભારતના બે બેટ્સમેનો રાહુલ દ્રવિડ અને વી. એસ. લક્ષ્મણે એકબીજાને કોલ આપ્યો કે આપણે જીતી શકીએ તેમ છીએ. 'વ્હાય નોટ ગીવ ધ બેસ્ટ.' બંનેની જ આત્મશ્રધ્ધાએ રંગ રાખ્યો. રેસ્ટ ઈઝ ધ હિસ્ટ્રી...*

## કારોબારી સમિતિની મીટિંગની હાજરી

તા. ૧૬-૯-૨૦૧૮ના વાર્ષિક સામાન્ય સભા મળેલ હતી. ત્યારબાદ વર્ષ દરમિયાન કારોબારી સમિતિની ૪ મીટિંગ મળેલ હતી. આ મીટિંગોમાં ઉપસ્થિત રહેલ કારોબારી સભ્યોની હાજરી નીચે મુજબ રહેવા પામેલ છે.

| ક્રમ | સભ્યશ્રીનું નામ | હાજરી |
|---|---|---|
| ૧. | શ્રી અશોકભાઈ સાકરચંદ મહેતા | ૪ |
| ૨. | શ્રી ભરતભાઈ વસંતરાય ઓઝા | ૨ |
| ૩. | શ્રી મનુભાઈ વિઠ્ઠલદાસ કોટડિયા | ૨ |
| ૪. | શ્રી મેઘજીભાઈ કુંવરજીભાઈ ખેતાણી | ૦ |
| ૫. | શ્રી હિમાંશુભાઈ ભાઈલાલભાઈ ઠક્કર | ૩ |
| ૬. | શ્રી જયંતીભાઈ કરમશીભાઈ લાકડાવાલા | ૦ |
| ૭. | શ્રી દિનેશભાઈ રતિલાલ મહેતા | ૩ |
| ૮. | શ્રી અતુલભાઈ શંકરલાલ સોની | ૦ |
| ૯. | શ્રી પરબતભાઈ શિવજીભાઈ પટેલ | ૦ |
| ૧૦. | શ્રી રજનીકાંત ધરમશી પારેખ | ૩ |
| ૧૧. | શ્રી સંજયભાઈ કલ્યાણજી રાઠોડ | ૩ |
| ૧૨. | શ્રી દીપક નાનાલાલ ચૌહાણ | ૩ |
| ૧૩. | શ્રી હીરેન ચીમનલાલ પલણ | ૨ |
| ૧૪. | શ્રી શશીકાંત કરશનભાઈ પીંડોરિયા | ૧ |
| ૧૫. | શ્રી ચિત્રસેન રવજી શાહ | ૧ |
| ૧૬. | શ્રી જયમીન જેઠાલાલ સોની | ૦ |
| ૧૭. | શ્રી અમિતભાઈ ભવાનજીભાઈ સુરાણી | ૦ |
| ૧૮. | શ્રીમતી રેખાબેન વિનોદભાઈ પટેલ | ૨ |
| ૧૯. | શ્રી વાડીલાલ રામજી પંચાલ | ૦ |
| ૨૦. | શ્રી બચુભાઈ હીરજીભાઈ રાંભિયા | ૦ |
| ૨૧. | શ્રી અશોકભાઈ અંબરીશ ધોળકિયા | ૧ |
| ૨૨. | શ્રી હસમુખભાઈ ખીમજીભાઈ મહેતા | ૨ |
| ૨૩. | શ્રી ચીમનભાઈ વી. પલણ | ૧ |
| ૨૪. | શ્રી ઘનશ્યામભાઈ પ્રેમજીભાઈ ઠક્કર (આમંત્રિત) | ૧ |
| ૨૫. | શ્રીમતી શીલ્પિબેન પ્રકાશભાઈ શાહ (આમંત્રિત) | ૧ |

*ધીમે ધીમે વૃદ્ધિ પામી તું વૃદ્ધ થા,*
*કાં પછી સર્વસ્વ ત્યાગી તું બુદ્ધ થા!*

*પોતાનાં દરેક અનુભવથી શીખતા રહો કેમકે તમારી જિંદગીમાં ફેરફાર તમારા સિવાય દુનિયાની કોઈ વ્યક્તિ નહીં કરી શકે.*

## અવસાન નોંધ

- **મંગળવાર, તા. ૨-૭-૨૦૧૯**
  **માતુશ્રી દમયંતીબેન ઇન્દ્રજીત શાહ (અમદાવાદ - મુંદ્રા)** તે ડૉ. કેતન શાહના માતુશ્રીનું દુઃખદ અવસાન થયેલ છે.
- **શુક્રવાર, તા. ૧૯-૭-૨૦૧૯**
  **શ્રીમતી ઈંદીરાબેન સુરેશચંદ્ર મહેતા**નું દુઃખદ અવસાન થયેલ છે.
- **શનિવાર, તા. ૨૭-૭-૨૦૧૯**
  **પ્રફુલ્લ કલ્યાણજી રવજી છેડા (અમદાવાદ – નાની ખાખર)** (ઉં.વ.-૬૧)નું દુઃખદ અવસાન થયેલ છે.

***પરમ કૃપાળુ પરમાત્મા સદ્‌ગતોના આત્માને શાંતિ અર્પે તેવી પ્રાર્થના.***

## ખુશીએ ફ્રી માં ૭૦૦ વિદ્યાર્થીઓને ગોળા ખવડાવ્યા



**ખુશી જીતકુમાર શાહ**

કચ્છ માંડવીની એક દીકરી ખુશીએ તાજેતરમાં જ અમદાવાદ ખાતે ધોરણ ૧૨ પાસ કરી કૉલેજમાં એડમિશન લીધું. ઉનાળાના વેકેશન દરમિયાન જ્યાં ત્યાં સમય પસાર ના કરતાં, માનસી સર્કલ પર કોઈ એક દુકાનના ઓટલે તેની અન્ય બહેનપણીઓ સાથે રહી "ગોલાવાલી"ના નામથી બરફના ગોળાનું દરરોજ સાંજના - રાત્રિના સમયે વિતરણ કાર્ય કરેલ હતું. દરરોજ લગભગ ૫૦ ગોળાનું વિતરણ કરવામાં આવતું.

ત્યારબાદ "બેટી બચાઓ"ના ટાઈટલ હેઠળ તા. ૧૦-૭-૨૦૧૯ના રોજ સુજાન ખંભાતા સાથે રહી તેની બહેનપણીઓ સાથે સરસપુરની એક મ્યુનિસિપલ શાળામાં ૭૦૦ જેટલા વિદ્યાર્થીઓને ફ્રી માં ગોળા ખવડાવ્યા હતા. તેના આ કાર્યનું ગિરનાર ટી.વી. ન્યુઝમાં કવરેજ કરવામાં આવેલ હતું.

ખૂબ ખૂબ અભિનંદન કચ્છ માંડવીની ખુશી જીતકુમાર શાહને.

*દરેક સમસ્યાનો છેલ્લો રસ્તો માફી જ છે,*
*ક્યાંક આપી દો અને ક્યાંય માંગી લો.*

## પૂર્વ મુખ્યમંત્રી શ્રી સુરેશચંદ્ર મહેતાના ધર્મપત્નીનું અવસાન



પૂર્વ મુખ્યમંત્રી અને કચ્છના રાજકીય આગેવાન માંડવીના શ્રી સુરેશચંદ્ર મહેતાના ધર્મપત્ની ઈંદિરાબેનનું શુક્રવાર, તા. ૧૯-૭-૨૦૧૯ના રોજ ગાંધીનગર ખાતે દુઃખદ અવસાન થયેલ છે. ૭૯ વર્ષના ઈંદિરાબેનને કેન્સરની બીમારી હતી અને છેલ્લા એક મહિનાથી તેઓ હોસ્પિટલમાં સારવાર હેઠળ હતા. તેમને છેલ્લા ત્રણ વર્ષથી કેન્સરની બીમારી હતી અને છેલ્લે તેમણે બેંગ્લોરમાં ઑપરેશન કરાવેલ હતું. સ્વર્ગસ્થની ઇચ્છા અનુસાર તેમના અંતિમ સંસ્કાર માંડવી મધ્યે શનિવાર તા. ૨૦-૭-૨૦૧૯ના રોજ સવારે કરાવવામાં આવેલ હતા. તેમની પ્રાર્થના સભા માંડવી ખાતે તા. ૨૨-૭-૨૦૧૯ના રોજ અને ગાંધીનગર ખાતે તા. ૨૫-૭-૨૦૧૯ના રોજ રાખવામાં આવેલ હતી.

સદ્‌ગત ઈંદિરાબેનને કચ્છના અનેક રાજકીય અને સામાજિક આગેવાનોએ ભાવપૂર્ણ અંજલી અર્પેલ હતી. તેમના નિધનથી તેમના હિતેચ્છુઓએ એક વાત્સલ્યપૂર્ણ છત્રછાયા ગુમાવેલ છે. સ્વ. ઈંદિરાબેનનો સ્વભાવ સરળ અને સાલસ હતો. શ્રી સુરેશચંદ્ર મહેતા સતત રાજ્ય સરકારમાં અગ્રીમ હરોળના નેતા રહ્યા, પ્રધાન મંડળમાં કેબિનેટ મંત્રી અને મુખ્યમંત્રી પદે પહોંચ્યા પણ ઈંદિરાબેન તો હંમેશાં સરળ અને સાલસ જ રહ્યા. તેમને રાજકારણ ક્યારેય પણ સ્પર્શ્યુ ન હતું. ઘરે આવતા કાર્યકરોના સારા-માઠા પ્રસંગોમાં ઈંદિરાબેન અચૂક તેમને ત્યાં પહોંચી જતા અને જ્યાં જરૂરત પડે ત્યાં તેઓ મદદરૂપ પણ બનતા. શ્રી સુરેશચંદ્ર મહેતા જ્યારે ભાજપમાં જાહેર જીવનમાં સક્રિય હતા ત્યારે તેમને ત્યાં માંડવી કે ગાંધીનગર આવતા કાર્યકરોની ઈંદિરાબેન સારી રીતે મહેમાનગતિ કરતા. કચ્છના જૂની પેઢીના જનસંઘના કાર્યકરો તથા ભાજપના કાર્યકરોને હંમેશાં તેમની યાદ રહેશે. શ્રી સુરેશચંદ્ર મહેતાની સફળ રાજકીય કારકિર્દી પાછળ સ્વ. ઈંદિરાબેન મહેતાનું મહત્ત્વનું યોગદાન રહેવા પામેલ છે.

***શ્રી પ્રસંગે શ્રી કચ્છી સમાજ - અમદાવાદ સ્વર્ગસ્થના આત્માને શાંતિ મળે તેવી પરમ કૃપાળુ પરમાત્મા પાસે પ્રાર્થના કરે છે.***

*ઉંમરથી માન જરૂર મળે પણ આદર તો વ્યવહારથી જ મળે.*


खईके पान महकवाला
महक गया,
मस्त मूड हमारा
MICHI'S
Candies & Toffees
Maha Masti
MICHI'S
Pan Mahek
₹ 1/-
PER PIECE
सब' मस्त है!
SUGAR BOILED CONFECTIONERY
MichisTreats
JRJ FOODS PVT. LTD.
MANUFACTURER & MARKETER OF CONFECTIONERY PRODUCTS
Plant & Registered Office :
Plot Nos.: 314/315, Phase 1, GIDC - Chhatral, Taluka - Kalol,
Dist. - Gandhinagar 382 729. Gujarat, India.
+91 2764 234400 / 11 / 12
info@jrjfoods.com
jrjfoods.com

# "દિવ્ય ભાસ્કર"ની કોફી ટેબલ બુકમાં અમદાવાદ સ્થિત કચ્છી ઉદ્યોગપતિને સ્થાન



**શ્રી રાજુભાઈ શાહ**



**શ્રી હરીશભાઈ રંગવાલા**

અમદાવાદ, મુંબઈ, ભુજ વગેરે શહેરોમાંથી દરરોજ પ્રસારિત થતું ગુજરાતી દૈનિક "દિવ્ય ભાસ્કર" દર વર્ષે નામી અને અગ્રતાક્રમે આવતા પ્રોમિનન્ટ ઈન્ડસ્ટ્રીઆલિસ્ટ તથા ઈન્ડસ્ટ્રીઝની માહિતી આપતી કોફી ટેબલ બુક પ્રસારિત કરે છે. જેમાં તેઓ ગુજરાતભરના અગ્રગણ્ય ઉદ્યોગપતિઓની માહિતીનો સમાવેશ કરે છે. વર્ષ ૨૦૧૯ માટે તેઓએ તાજેતરમાં જ આવી કોફી ટેબલ બુક પ્રસારિત કરેલ છે કે જેમાં દરેક કચ્છીને ગૌરવ ઉપજે તેવા કચ્છી ડાયરેક્ટર શ્રી હરીશભાઈ રંગવાલાની બેરીંગના કેજીસ બનાવતી "હર્ષા એન્જિનિયર્સ લિમિટેડ"નો પણ સમાવેશ કરવામાં આવેલ છે.

શ્રી હરીશભાઈ રંગવાલા તથા શ્રી રાજુભાઈ શાહે સાથે રહીને "હર્ષા એન્જિનિયરીંગ કંપની"ની સ્થાપના વર્ષ ૧૯૭૦માં ગુજરાત વ્યાપારી મહામંડળની વસાહત, ઓઢવ, અમદાવાદ ખાતે કરેલ હતી. આ કંપનીમાં તેઓએ વિવિધ પ્રકારની બેરીંગના કેજીસ બનાવવાનો વ્યવસાય શરૂ કરેલ હતો. એ સમયે તેમના ઉદ્યોગની શરૂઆત હોવાથી મોરબીની એન્જિનિયરીંગ કૉલેજમાંથી એન્જિનિયરીંગની પદવી મેળવનાર આ ડિગ્રીધારીઓ દરેક કામ ખંતપૂર્વક જાતે કરતા. આપણામાંથી ઘણા લોકોએ એ સમયે તેઓશ્રીને સ્કુટર પર આવન-જાવન કરતા જોયેલ હશે. તેઓએ શરૂઆતથી જ એક સિદ્ધાંત બનાવી રાખેલ હતો કે તેઓ જે પ્રોડક્ટ બનાવે, તેની ગુણવત્તા ખૂબ જ ઉચ્ચ ધોરણની હોવી જોઈએ. તેથી ગુણવત્તા જાળવવામાં બાંધછોડને તેઓએ કોઈ અવકાશ રહેવા દીધેલ ન હતો, કે જે સિદ્ધાંત તેમને ભવિષ્યમાં ખૂબ જ ઉપયોગી થયેલ હતો.

ઉચ્ચ ગુણવત્તાની પ્રોડક્ટના કારણે જોતજોતામાં તેમનો વ્યવસાય જામવા લાગ્યો. બેરીંગ બનાવતી અનેક નામી કંપનીઓના ઓર્ડર તેમના પર આવવા લાગ્યા.

દિવસો જતા તેમને ઓઢવની જગ્યા નાની પડવા લાગી. તેઓએ શીફ્ટ થઈને ચાંગોદરની વિશાળ જગ્યામાં પોતાની એન્જિનિયરીંગ સ્કીલવાળી પ્રોડક્શન આઈટમના કામનો આરંભ કરી દીધો. દિવસો જતા આ જગ્યા પણ ઓછી પડવા લાગી. તેથી એ જ વિસ્તારના 'મોરૈયા'માં અન્ય ફેક્ટરીની પણ શરૂઆત કરી.

તેમની પ્રોડક્ટની ઉચ્ચ ગુણવત્તાના કારણે તેમને વિદેશના ઓર્ડર પણ આવવા લાગ્યા. તેથી તેઓએ પોતાની ત્રીજી ફેક્ટરી ચાઈના ખાતે શરૂ કરી. ઈન્ડિયાથી યુરોપ માલ ડિસ્પેચ કરવાના ટ્રાન્ઝીટ પીરીયડમાં પંદર દિવસ નીકળી જતા હોવાથી અને આ વ્યવસાયમાં તેમાં વધુ ઝડપ લાવવાના હેતુથી તેઓશ્રીએ વધુ એક ફેક્ટરી રૂમાનિયામાં પણ સ્થાપિત કરી.

આજે તેઓ ૧૨૦૦ વ્યક્તિઓનો સ્ટાફ ભારતમાં, ૨૦૦ વ્યક્તિઓનો સ્ટાફ ચાઈનામાં અને ૨૨૦ વ્યક્તિઓનો સ્ટાફ રૂમાનિયાની ફેક્ટરીમાં ધરાવે છે. તેમનું વાર્ષિક ટર્ન ઓવર રૂપિયા ૭૫૦ કરોડથી પણ વધુ થઈ જવા પામેલ છે.

શ્રી રાજુભાઈ શાહ તથા શ્રી હરીશભાઈ રંગવાલાની ઉંમર ૭૦ વર્ષની આસપાસ પહોંચી ગયેલ હોવાથી તેમની બીજી પેઢી એટલે શ્રી વિશાલ, શ્રી પિલાક તથા શ્રી મુંજાલ પણ આ કંપનીમાં ડાયરેક્ટર તરીકે જોડાઈ પિતાશ્રીના ધંધાને "છે તેના કરતા પણ વધારે રાહે" આગળ ધપાવવા કટીબધ્ધ છે.

શ્રી હરીશભાઈ રંગવાલાની એન્જિનિયરીંગ ઔદ્યોગિક ક્ષેત્રે પ્રગતિ નિહાળીને કોઈ પણ કચ્છી ગર્વ લઈ શકે તેવી પરિસ્થિતિનું નિર્માણ થઈ ચૂકેલ છે.

શ્રી હરીશભાઈ રંગવાલા વર્ષોથી શ્રી કચ્છી સમાજ - અમદાવાદના ટ્રસ્ટીપદે બિરાજમાન છે. તેમને નત મસ્તકે વંદન કરીએ.

---

*જો પોતાનાથી નજીક રહેવું હોય તો મૌન રહેવું; અને પોતાનાને નજીક લાવવા હોય તો મનમાં ન લેવું.*

# અન્ય સંસ્થાઓના સમાચાર

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વાર્ષિક સામાન્ય સભા રવિવાર, તા. ૧૪-૭-૨૦૧૯ના રોજ મળેલ હતી કે જેમાં ક્રમાનુસાર છૂટા થતાં ટ્રસ્ટ બોર્ડ અને કારોબારી સભ્યોની ચૂંટણી કરવામાં આવેલ હતી. આ ચૂંટણીના પરિણામો નીચે મુજબ આવેલ હતા.

**દાતા ટ્રસ્ટી**

૧. શ્રી હસમુખભાઈ ઉગરચંદ ગઢેચા
૨. શ્રી રાજુભાઈ છોટુભાઈ ગાલા
૩. શ્રી આશિષ ધીરુભાઈ શાહ

***નોંધ*** : દાતા ગ્રૂપમાંથી આ ત્રણે ટ્રસ્ટીઓ બિનહરીફ ચૂંટાયેલા જાહેર થયા હતા.

**માનદ્ ટ્રસ્ટી**

૧. શ્રી રજનીકાંત ધરમશી પારેખ
૨. શ્રી પીયૂષ રવિલાલ પારેખ

**સ્વજન ટ્રસ્ટી**

૧. શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર

**કારોબારી સભ્યો**

૧. શ્રીમતી અમીબેન નીતિનભાઈ શાહ
૨. શ્રીમતી સુલુબેન જલદીપ શાહ
૩. શ્રી પીયૂષ હીરજી સાવલા
૪. શ્રી ચૈતન્ય બચુભાઈ રાંભિયા
૫. શ્રી નીતિન ભોગીલાલ શાહ
૬. શ્રી લક્ષ્મીચંદ શામજી વીરા

ત્યારબાદ રવિવાર, તા. ૨૧-૭-૨૦૧૯ના રોજ ટ્રસ્ટ મંડળ અને કારોબારી સમિતિની મીટિંગ મળેલ હતી કે જ્યારે વર્ષ ૨૦૧૯-૨૦ માટે નીચે મુજબના હોદ્દેદારોની વરણી કરવામાં આવેલ હતી.

| | |
|---|---|
| શ્રી પ્રતાપ નારાણજી દંડ | મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ |
| શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ | ઉપપ્રમુખ-૧ |
| શ્રી શાંતિલાલ મુળજી સાવલા | ઉપપ્રમુખ-૨ |
| શ્રી પ્રદીપ સૂરજલાલ મહેતા | માનદ્ મંત્રી |
| શ્રી ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) | ખજાનચી |
| શ્રી રોહિત શાંતિલાલ સંઘવી | સહમંત્રી |
| શ્રી રજનીકાંત ધરમશી પારેખ | સહ ખજાનચી |

ડૉ. હિતેન્દ્ર મોહનલાલ શાહ તથા શ્રી ગીરીશ હીરજી પાસુ શાહને કો-ઓપ્ટ ટ્રસ્ટીઓ તરીકે તેમજ શ્રી નિરંજન પૂનમચંદ મૈશેરી તથા શ્રી દેવેશ દિલીપ દંડને કો-ઓપ્ટ કારોબારી સભ્યો તરીકે લેવામાં આવેલ હતા.

## મોમ્બાસાના કચ્છી દાતા ત્રણસો દીકરીના પાલક પિતા બન્યા

કચ્છથી અમદાવાદ ઉચ્ચ અભ્યાસ માટે આવતી ચોવીસીની કન્યાઓ માટે 'સુરક્ષિત' સુવિધાનો અભાવ હતો અને અંદાજે ૩૦૦થી વધુ દીકરીને ના પાડવી પડે તેમ હતી અને ભણવા માંગતી કન્યાઓના ભવિષ્ય સામે પ્રશ્નાર્થ મૂકાય તેમ હતો, **તેવા સંજોગોમાં આવી ૩૦૦ દીકરીના પાલક પિતાની ભૂમિકામાં એકલવીર તરીકે કચ્છ ફોટડીના મોમ્બાસા સ્થિત હસુભાઈ ભુડિયાએ ૨૩ કરોડનું દાન આપ્યું હતું.** તા. ૧૪-૭ના રોજ આ અદ્યતન છાત્રાલય ખૂલ્લું મૂકવા સાથે ચોવીસીના લેઉઆ પટેલોએ શિક્ષણ ક્ષેત્રે વધુ એક સીમાચિહ્ન સર કર્યું હતું.

'વેલીબેન કાનજી ભુડિયા કન્યા-કુમાર સેવા સદન' નામકરણ સાથેના છાત્રાલયનું ઉદ્ઘાટન દાતા પરિવારના પ્રતિનિધિ શ્રી દીપકભાઈ સેંઘાણીના હસ્તે કરાયું ત્યારે વિદ્વાન સંત શાસ્ત્રી જ્ઞાનસ્વરૂપદાસજી સ્વામી, ભુજ મંદિરના આચાર્ય સૂર્યપ્રકાશ જી.કે., અક્ષરવિહારી સ્વામી, પ્રભુજીવન સ્વામી આદિ સંતો ઉપસ્થિત રહ્યા હતા.

શાસ્ત્રી શૌનકમુનિ સ્વામીએ વાસ્તુપૂજન વિધિ કરાવી હતી. શાસ્ત્રી સૂર્યપ્રકાશદાસજીએ સામાજિક સૂત્રધારોના પરોપકારી કતૃત્વને સાધુવાદ પાઠવ્યો હતો. તો વિદ્યાર્થીકાળના સંસ્મરણોને શબ્દ આપતાં છાત્ર-છાત્રાઓને સંમયિત જીવનની શીખ આપી હતી. દાતા પરિવારની સખાવતો અને હસમુખભાઈ ભુડિયાને ઊંચા ગજાના ઈન્સાન ગણાવ્યા હતા.

ભુજ સમાજના મોભી અરજણભાઈ પીંડોરિયાએ છાત્રોને શીખ આપી હતી. અમદાવાદ સમાજના પ્રમુખ શિવજીભાઈ માવજી શિયાણીએ સમાજના શિક્ષણ પ્રકલ્પમાં વિશ્વવાસી જ્ઞાતિજનો મજબૂત સાથ આપે એવી લાગણીભરી અપીલ કરી

*કર્તવ્ય નિભાવવાની તાકાત હોય તો જ, અધિકાર મેળવવાની આશા રાખો.*

હતી. તેમણે સર્જનનું શ્રેય વેલીબેન ભુડિયા પરિવારને આપતાં કેશવલાલભાઈને સગૌરવ યાદ કર્યા હતા. દીર્ઘ વિચાર સાથે નવા બાંધકામો કરવાની ભલામણ કરતાં ભુજ સમાજના એજ્યુ. મેડિ. ટ્રસ્ટ અધ્યક્ષ ગોપાલભાઈ ગોરસિયાએ જ્યારે સમગ્ર છણાવટ મંત્રી કેશરાભાઈ પીંડોરિયાએ કરતાં અમદાવાદ ટીમ સમાજની જાગૃતિ, મહેનત, તત્પરતાને બિરદાવ્યા હતા.

શબ્દ સંકલન કરશન રામજી ભુડિયા, આભાર ઉપપ્રમુખ મેઘજીભાઈ ખેતાણીએ માન્યો હતો. છાત્રાલયના દાન માટે દાતા અને દીકરીઓ વચ્ચે સેતુ બનનારા જખણિયાના ઈશ્વરભાઈ હીરજી પૂંજાણીનું વિશેષ સન્માન કરાયું હતું. અમદાવાદ સમાજના મંત્રી કરશનભાઈ કાનજી રાઘવાણી, રવિભાઈ શામજી રાઘવાણી, કરશન પટેલ, નારાણભાઈ કરશન હાલાઈ, નલિનભાઈ ધનજી પાંચાણી, રવજી જાદવજી પટેલના નેતૃત્વમાં સ્થાનિક યુવક-યુવતીઓ, છાત્ર-છાત્રાઓએ સહિયારી જહેમતથી કાર્યક્રમ સફળ બનાવ્યો હતો. **જાણીતા કાર્ડિયોલોજિસ્ટ ડો. ધીરેન શાહ, ડો. મિલન ચગ સહિત વિવિધ દવાખાનાના પ્રતિનિધિ, પોલીસ સબ ઇન્સ્પેક્ટર કુ. ચૌધરી સહિતના આમંત્રિતો જોડાયા હતા.**

ભુજ સમાજ વતી પ્રમુખ વેલજીભાઈ પીંડોરિયા, મંત્રી ગોપાલ ભીમજી પટેલ, સહમંત્રી રમાબેન વરસાણી, દેવજીભાઈ જાદવજી છાભડિયા (સ્વામિ. ટ્રાવેલ્સ), પૂર્વમંત્રી રામજી સેંઘાણી, યુવક સંઘ પ્રમુખ મનજી પીંડોરિયા, ઉપપ્રમુખ લક્ષ્મણ રાઘવાણી, મંત્રી ગોવિંદ હાલાઈ, સહમંત્રી કંચન વરસાણી, ખજાનચી વિનોદ માવજી પીંડોરિયા, ખીમજીભાઈ છભાડિયા, માંડવીના હીરજી પૂંજાણી, વાલજીભાઈ હાલાઈ, ભુજ સમાજ ટ્રસ્ટી શિવજી છભાડિયા, વિશ્રામભાઈ કેરાઇ, માંડવી લેવા પટેલ યુવક સંઘના જાગૃત પ્રમુખ વીરજીભાઈ છાભડિયા સહિતના વિવિધ કેન્દ્રોના આગેવાનો હાજર રહ્યા હતા. અમદાવાદ સમાજના સ્થાપકો પૈકીના માવજી રૂડા પાંચાણી, શિવજીભાઈ શિયાણી અને પટેલ ટૂર્સવાળા મેઘજીભાઈ ખેતાણીની દૂરંદેશીને વધાવાઈ હતી.

## 'કચ્છ શક્તિ' દ્વારા ૨૦ નેશનલ એવોર્ડનું વિતરણ

*કચ્છ હવે પછાત નથી, વિકસિત થવા જઈ રહ્યું છે.*

***- વિનોદ ચાવડા***

'કચ્છ શક્તિ' દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ અષાઢી બીજ - કચ્છી નવા વર્ષની ઉજવણી નિમિત્તે યોજાયેલા સમારોહમાં કચ્છના સાંસદ વિનોદ ચાવડાએ જણાવ્યું હતું કે કચ્છ હવે પછાત નથી, દરેક રીતે પ્રગતિની હરણફાળ ભરી છે. હવે કચ્છ વિકસિત પ્રદેશ થવા જઇ રહ્યુ છે.

તા. ૪-૭-૨૦૧૯ના રોજ મુંબઈના દાદરના યોગી સભાગૃહમાં કચ્છી અસ્મિતાની આગવી ઓળખ સમા ૨૦ જેટલા કચ્છ-શક્તિ નેશનલ એવોર્ડ - ૨૦૧૯નું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વિનોદભાઈ ચાવડાએ કહ્યું હતું કે વર્ષ ૨૦૦૧ના ભૂકંપ પછી કચ્છની કાયાપલટ થઈ છે. ગામડાંઓમાં સુવિધાઓ વિકસી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની કચ્છ પ્રત્યેની વિશેષ લાગણીના કારણે નર્મદાના પાણી આવ્યા છે. તેમણે ઉમેર્યું કે મુંબઇમાં નવા વર્ષની ઉજવણી દ્વારા મુંબઈમાં નવી પેઢીએ કચ્છ સાથે જોડવાનું કામ થાય છે, જેનો મને આનંદ છે. એ માટે હેમરાજ શાહને ખાસ અભિનંદન આપું છું અને દર અષાઢી બીજની ઉજવણીમાં હું મુંબઈમાં હાજર રહીશ.

આ પ્રસંગે અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહેલા બોમ્બે સ્ટોક એક્ષચેન્જના એમ.ડી. અને સી.ઈ.ઓ. આશિષકુમાર ચૌહાણે શિક્ષણ પર ભાર મૂકતા જણાવ્યું કે છોકરાઓને ભણાવવા જોઈએ. કચ્છીઓમાં છોકરાઓને થોડું ભણાવી દુકાને બેસાડી દેવાનો ટ્રેન્ડ છે. હવે શિક્ષણનું મહત્ત્વ વધ્યું છે, તેને અનુસરવું જોઈએ.

પોતે કચ્છના ભાણેજ છે તેનું ગૌરવ લેતાં આશિષકુમારે જણાવ્યું કે હું નાનો હતો ત્યારે ગ્રાન્ટ રોડની બજારમાં જતો. ત્યારે કચ્છી વેપારીઓ મને 'કચ્છના ભાણેજ' તરીકે ઓળખતા અને સંબોધન કરતા.

કચ્છ શક્તિના પ્રમુખ હેમરાજ શાહે જણાવ્યું કે કચ્છ શક્તિ તરફથી કચ્છી નવા વર્ષની ઉજવણી સળંગ ૩૯ વર્ષથી થાય છે. જુદા જુદા ક્ષેત્રમાં નામાંકિત કચ્છીઓને શોધીને મંચ પર લાવવા અને તેમને કચ્છ શક્તિ એવોર્ડથી નવાજવામાં આવે છે. પછી એ કચ્છી કચ્છમાં રહેતો હોય, મુંબઈમાં કે વિદેશમાં રહેતો હોય.

મુંબઈ સ્થિત કચ્છીઓની નવી પેઢી કચ્છથી વિમુખ ન થાય એ જોવા વડીલોને વિનંતી કરી હતી અને જણાવ્યું કે નવી પેઢીએ વરસમાં એકવાર તો વતનમાં જવું જોઈએ. જેથી કચ્છની સંસ્કૃતિ, કચ્છી ખોરાક અને કચ્છી પરંપરાથી વાકેફ રહેવાય.

આ વખતે કચ્છી કોયલ ગીતા રબારી અને અશોક બારોટે ભજન, લોકગીતોની મધુર કંઠે રજૂઆત કરી હતી. ચિત્રલેખા અને કચ્છ શક્તિ આયોજિત વાર્તા હરીફાઈના વિજેતાઓને પારિતોષિકો અપાયા હતા. કુલ ૩૦ ઇનામો અપાયા હતા. જેમાં પ્રથમ ઈનામ રૂા. ૧૧,૦૦૦/- ગિરીમા ઘારેખાન (પૂના), દ્વિતીય ઈનામ રૂા. ૭,૦૦૦/- સંધ્યા ભટ્ટ (બારડોલી) અને તૃતીય ઈનામ રૂા. ૫,૦૦૦/- નીતિન ત્રિવેદી (ભાવનગર) ઉપરાંત રૂા. ૧,૦૦૦/-ના ૨૭ આશ્વાસન ઈનામો અપાયા હતા.

સમારોહનું સંચાલન કવિ મૂકેશ જોશીએ કર્યું હતું. એવોર્ડ

વિજેતાઓ વતી કુર્નુલ - આંધ્ર પ્રદેશના કચ્છરત્ન એવોર્ડ વિજેતા કાંતિલાલ હેમચંદ શાહે પ્રતિભાવ આપ્યો હતો. બાબુભાઈ મેઘજી શાહ અને ડૉ. નાગજી રીટા ઉપસ્થિત રહ્યા હતા.

## SEMINAR ON "2 YEARS OF GOODS AND SERVICES TAX (GST) - AN OVERVIEW"

તા. ૨૫-૦૭-૨૦૧૯ને ગુરૂવારના રોજ ગાંધીધામ ખાતે ફોકિયા (ફેડરેશન ઑફ ઇન્ડસ્ટ્રીઝ એસોસિએશન્સ) અને સી.જી.એસ.ટી. કમિશનરેટ અને સ્ટેટ જી.એસ.ટી.ના સંયુક્ત ઉપક્રમે "2 Years of Goods and Service Tax (GST) – An Overview" પર એક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

માલસામાન અને સેવાઓના પુરવઠા પર જી.એસ.ટી. એકમાત્ર કર છે, જે ઉત્પાદકથી ગ્રાહક સુધી છે અને તા. ૦૧-૦૭-૨૦૧૭થી અમલમાં આવેલ છે. જી.એસ.ટી.ના બે વર્ષ પૂર્ણ થયા તેના વિહંગાવલોકન માટે તથા જી.એસ.ટી.નો પ્રતિસાદ જાણવા અને તેના ઉકેલ માટે આ સેમિનારનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.

સેમિનારમાં શ્રી પ્રમોદ વસાવે, કમિશનર, સી.જી.એસ.ટી. કમિશનરેટ - કચ્છ એ કી-નોટ સ્પીચ આપી હતી અને જણાવ્યું હતું કે ૫૫ કરોડથી વધુ ઇ-વે બીલ દેશમાં જનરેટ થયા છે. જેનાથી લાગી રહ્યું છે કે પરિસ્થિતિ થાળે પડી રહી છે અને સાથોસાથે તેમણે GSTR-9 વાર્ષિક રીટર્ન સમયસર ભરવા સૌને અનુરોધ કર્યો હતો.

શ્રી ઝાકીર હુસેન, જોઈન્ટ કમિશનર, સી.જી.એસ.ટી.એ પોતાના વક્તવ્યમાં જણાવ્યું કે અગાઉની સરખામણીમાં જી.એસ.ટી. કરદાતાઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયેલ છે અને જો કોઈ ક્ષતિ આ ત્રણેય રીટર્ન્સ ભરવામાં રહી ગઈ હોય તો તેને સુધારવાની તક આપવામાં આવે છે. સી.જી.એસ.ટી.ના આસિસ્ટન્ટ કમિશનર શ્રી શશીકાંત શર્માએ જણાવ્યું કે કચ્છમાંથી ૩૦૦૦ કરોડનો જી.એસ.ટી. ભરાયેલ છે અને તેની સામે આશરે ૧૦% જેટલા કરચોરીના વ્યવહારો શોધી કાઢ્યા છે. તેથી તેમણે સાચા અર્થમાં કરદાતા બનવા માટે અપીલ કરી હતી. શ્રી ભૂપેન્દ્ર શ્રીમાળી, ડે.કમિશનર, રાજ્ય જી.એસ.ટી. વિભાગ દ્વારા, સ્ટાફની અછત હોવાથી કરદાતાઓને સહકાર આપવા જણાવવામાં આવ્યું હતું.

શ્રી દિનેશ બિરલા, ફાઈનાન્સ કન્ટ્રોલર, અદાણી પોર્ટ અને SEZ, મુંદ્રાએ વન-નેશન, વન-ટેક્સનો બે વર્ષની યાત્રાનો વિસ્તૃત અહેવાલ આપેલ હતો અને જી.એસ.ટી. આવતા SEZ ધારાનો ટકરાવ દૂર કરવા તંત્રને અનુરોધ કર્યો હતો. શ્રી પારસમલ જૈન, પ્રેસિડેન્ટ ઇન ડાયરેક્ટ ટેક્ષ, વેલસ્પન ગ્રુપ, મુંબઈએ જી.એસ.ટી.ના નીતિ નિયમોના અમલીકરણમાં આવતી મુશ્કેલીઓ, ટેક્ષ બેનીફીટ યોજનાની અધૂરાશો, ટેક્ષ સ્લેબ વગેરે પ્રશ્નો અંગે વિસ્તૃત વર્ણન કર્યું હતું.

ફોકિયાના એમ.ડી. શ્રી નિમિષ ફડકેએ પોતાના વક્તવ્યમાં જણાવ્યું કે જી.એસ.ટી.ના પ્રશ્નોનો સ્વીકાર થઈ રહ્યો છે તે ખૂબ સારી વાત છે અને કચ્છના મોટા, મધ્યમ અને લઘુ ઉદ્યોગોને જો કોઈ પ્રશ્નો હોય તો તેમણે ફોકિયાને મોકલવા અનુરોધ કર્યો હતો.

ફોકિયાના ડિરેક્ટર્સ શ્રી તલકશીભાઈ નંદુ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ સેમિનારમાં ૫૦થી વધારે ઉદ્યોગોના ૧૫૦ જેટલા પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા.

## ભચાઉમાં નિર્માણ પામ્યું દયા, કરુણા અને મૈત્રીનું મહાતીર્થ – શ્રી કનકસૂરિ અહિંસાધામ

### તા. ૬ અને ૭ જુલાઈ, ૨૦૧૯ના ઉજવાઇ ગયો ભવ્યાતિભવ્ય ઉદ્‌ઘાટન સમારોહ



*પ.પૂ. આચાર્યશ્રી કનકસૂરીજી મહારાજ સાહેબ*

ભારતીય સંસ્કૃતિમાં કિડીને કિડીયારૂ, પંખીને ચણ, કૂતરાને રોટલા, ગાયને ઘાસ નાખવાના સંસ્કાર બાળકને જન્મથી જ આપવામાં આવે છે. તેમાંય જૈન ધર્મની કુળદેવી જ જીવદયા ગણાય છે.

ભચાઉ એટલે કચ્છનો પ્રવેશદ્વાર. આજથી લગભગ ૫ દાયકા પહેલાં જીવદયાનાં કાર્યની શુભ શરૂઆત ભચાઉના પરમ ઉપકારી પ.પૂ.આચાર્ય ભગવંત શ્રીમદ્‌ વિજય કનકસૂરિશ્વરજી મ.સા.ની પ્રેરણાથી થઈ હતી. શ્રી જીવદયા મંડળ - ભચાઉની વિધિવત સ્થાપના અધ્યાત્મયોગી ગુરૂદેવ પ.પૂ.આ.દેવ શ્રીમદ્‌ વિજય કલાપૂર્ણસૂરીશ્વરજી મ.સા.ના એક જાહેર પ્રવચનની પ્રેરણાથી શ્રી વીસા શ્રીમાળી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ દ્વારા સંવત ૨૦૨૮, કારતક વદ-૯, તા. ૧૧-૧૧-૧૯૭૧ના રોજ કરવામાં આવી હતી.

*એકઠા તો બધા થાય છે, પરંતુ એક કેટલા થઈ શકે છે?*



નૂતન સંકુલ

આ સંસ્થાની સ્થાપનામાં શ્રી શ્વેતાંબર મૂર્તિપૂજક વીસા શ્રીમાળી જૈન સંઘ - ભચાઉના વડીલોના દૂરંદર્શી વિચારોથી જીવદયાના આ મંગલ કાર્યનું નાનું છોડ આજે મોટું વટવૃક્ષ બની લહેરાઈ રહ્યું છે. અબોલ જીવોનું સુંદર મજાનું આશ્રય સ્થાન ભચાઉ શહેરને ગૌરવ અપાવી રહ્યું છે.

આ સંસ્થાની પ્રવૃત્તિઓનો વ્યાપ વધતા ધીમે ધીમે નૂતન સંકુલની જરૂરિયાત ઊભી થઈ. સંસ્થાના સૌ હોદ્દેદારો અને જીવદયા પ્રેમીઓ આ બાબતે સતત ચિંતિત હતા અને એક આયોજનબધ્ધ સંકુલના નિર્માણની રૂપરેખાના મંડાણ થયા. આ કાર્યને પરમ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજયકલાપ્રભસૂરિશ્વરજી તથા શ્રીમદ્ વિજય કલ્પતરૂસૂરીશ્વરજી મ.સા. સમક્ષ રજૂ કરવામાં આવ્યું અને પૂજ્યશ્રીએ મંગલ આશિર્વાદ આપી એક ભવ્ય નિર્માણનો જાણે પ્રારંભ કરાવ્યો અને ત્યારબાદ સમગ્ર ગુજરાતનાં શ્રેષ્ઠ જીવદયા સંસ્થા પૈકીની એક બને તેવો સંન્નિષ્ઠ પ્રયાસ હતો.

## શ્રી કનકસૂરી અહિંસાધામ નૂતન સંકુલની વિશેષતાઓ

- પૂજ્ય કનકસૂરીશ્વરજી મ.સા.ની અત્યાર સુધીની સૌથી ઊંચી પ્રતિમા.
- આઈ.સી.યુ. તથા ઑપરેશન થિયેટર જેવા અત્યાધુનિક સાધનો સાથેની પશુ હોસ્પિટલ.
- ૨૪ કલાક પશુ ડૉક્ટર્સની સેવા ઉપલબ્ધ.
- નયનરમ્ય પશુ આવાસ ગૃહ.
- પશુ-પંખીઓની કુદરતી દિનચર્યાને ધ્યાનમાં રાખીને બનાવેલ પશુ આવાસ સંકુલ.
- પશુઓ નવકાર મંત્રથી લઇ ધાર્મિક સ્તવનો સાંભળી શકે તેવી અત્યાધુનિક સાઉન્ડ સિસ્ટમ.
- કચ્છી શિલ્પ કારીગરોએ બનાવેલ શિલ્પ સ્થાપત્ય.
- આધુનિક ઢબે મેનેજમેન્ટ થઈ શકે તે માટે અત્યાધુનિક કાર્યાલય.
- કચ્છની મુખ્ય નર્મદા કેનાલની સમીપે.
- પક્ષીઓ માટેનાં વિશેષ પક્ષીઘર.
- પશુઓને સ્નાન કરાવવા વૈજ્ઞાનિક પધ્ધતિથી તૈયાર કરેલ એનિમલ સ્વિમિંગ પૂલ. જેમાં જંતુનાશક પાણીથી પશુઓને નવડાવ્યા બાદ સ્વચ્છ પાણીથી નવડાવવામાં આવે છે.
- ઘાયલ થયેલાં પશુ પક્ષીઓને યોગ્ય સારવાર બાદ આરામ મળે તે હેતુથી વિકસાવેલાં પશુ આરામ ગૃહ.
- ઘાસનાં સંગ્રહ માટે વિશાળ ગોડાઉન. જેના દ્વારા ત્રણ વર્ષ સુધીનો ઘાસનો સ્ટોક કરી શકાય છે.
- મુલાકાતે આવેલ મહેમાનો માટે મહેમાન કક્ષ.
- બાળકોના આનંદ કિલ્લોલ માટે શિશુ વાટીકા (જીવદયા મૈત્રી ગાર્ડન).
- સ્ટાફ માટે તથા પશુ સેવકો માટે અદ્યતન સુવિધા સાથેના ક્વાર્ટર્સ.
- નગર પાલિકાના સૌજન્યથી બાજુમાં બનેલ તળાવ 'મિનિ રીવરફ્રન્ટ' જેવું બની રહેશે.
- ભવિષ્યમાં સંકુલની અંદર હોર્સ રાઇડિંગ, કેમલ રાઇડિંગ અને એલિફન્ટ રાઇડિંગનું પણ આયોજન છે. જે ભચાઉની જનતા માટે હરવા ફરવાનું સુંદર સ્થળ બની રહેશે.
- પ્રધાનમંત્રી સ્વચ્છ ભારત મિશનને અનુલક્ષીને દરેક જગ્યાએ સ્વચ્છતાને પ્રાધાન્ય આપવામાં આવે છે.
- બાળકો - વડીલો પોતાનો જન્મદિવસ સંસ્થામાં પધારી, ઉજવી શકે તે માટે "જન્મદિન ઉજવણી કુટીર"ની વ્યવસ્થા કરવાનું ચાલુ છે.
- જીવદયા મૈત્રી ભાવ થિયેટરનું કામ ચાલુ છે. જેમાં જીવદયા મૈત્રી કરૂણા, અહિંસાને લગતી વિડીયો ક્લીપો મુલાકાતીઓને બતાવવામાં આવશે.

## કનકસૂરી અહિંસાધામની વર્તમાન પ્રવૃત્તિઓ

- કતલખાને જતા જીવોને બચાવી અને નિઃસ્વાર્થભાવે અભયદાન આપીને જીવન પર્યંત આશ્રય આપવામાં આવે છે. અને ઘેટા બકરાનાં બચ્ચા ૨૫૦થી વધુ સંખ્યામાં ઉછરી રહ્યા છે.
- ૧૭૦૦ જેટલા પશુઓ અહીં વસવાટ કરે છે. નાના બાળકોની જેમ ૨૦૦થી વધારે જીવોને દૂધ પીવડાવવામાં આવે છે.

*ચહેરાની ચમક અને મકાનની ઊંચાઈ પર ન જાવ, ઘરના વડીલો જો હસતા મળે તો સમજી લેવું કે આ ઘરે અમીરી છે.*

- નેશનલ હાઈવે તથા રેલવે લાઈન ભચાઉ તેમજ આજુબાજુના ૫૦ કિ.મી. સુધીના વિસ્તારોમાંથી એક્સિડેન્ટ થયેલા જીવોને લઇ આવીને સારવાર કરવામાં આવે છે.
- અશક્ત, બીમાર, લૂલા લંગડા, લાચાર, મૂંગા પશુઓની સેવા સારવાર માટે નિયમિત દરરોજ આવતા કાયમી ડૉક્ટરો ઉપલબ્ધ છે.
- બીમાર અને અશક્ત જીવોની સ્પેશિયલ ડોક્ટરોની ઈનહાઉસ ટીમ દ્વારા ચેક-અપ કરવામાં આવે છે અને સારસંભાળ તથા સુંદર માવજત કરવામાં આવે છે.
- મા વગરના વાછરડા - વાછરડીના બચ્ચા, નીલગાય, બિલાડીના બચ્ચા, ગધેડા, ઘોડી, રોઝના બચ્ચા અને ગલૂડિયાં, ઊંટના બચ્ચા, વાંદરાના બચ્ચા, કબુતર, કુંજ, સસલા, કૂકડા, શાહમૃગ, મોર વગેરે રાખવામાં આવે છે. અત્યારે ૧૫૦થી વધુ સસલાઓ આશરો લઈ રહ્યા છે.
- કિડીથી લઈને હાથી સુધી કોઈપણ તકલીફવાળા જીવને નિઃશુલ્ક રીતે સેવા આપી દવા તથા સારવાર કરવામાં આવે છે. તથા જ્યાં સુધી સંપૂર્ણ રીતે સ્વસ્થ ના થાય ત્યાં સુધી સંસ્થામાં જ રાખવામાં આવે છે.
- પેટમાં પ્લાસ્ટિક તથા અન્ય રોગોવાળી તેમજ ગર્ભવતી હોય તેવી ગાયો દરરોજ અહીં સેવા ચાકરી મેળવે છે તેમજ શીંગડાના કેન્સરનાં ઑપરેશન તથા સોનોગ્રાફી કરીને લોખંડ (ધાતુ) જેવા બરડ પદાર્થોને ઑપરેશન દ્વારા બહાર કાઢવામાં આવે છે.
- રખડતા ઢોરો તથા કૂતરાઓએ ફાડેલા વાછરડાના વધુ સંખ્યામાં કેસો અત્રે આવે છે, જેની નિઃશુલ્ક સેવા કરવામાં આવે છે.
- પર્યુષણ તેમજ દિવાળી પર્વના દિવસોમાં સ્થાનિકમાં કતલખાના બંધ રખાવીએ છીએ.
- તકલીફવાળા પક્ષીઓને અહીં દવા કરી સાચવવામાં આવે છે. જેમાં કબુતર - મોર મુખ્ય છે.
- અહિંસાના ઉદ્દેશથી કતલખાને કપાતા કૂકડા - મરઘાને કોઈ દાતાના સહયોગથી છોડાવીને અહીં નવજીવન આપવામાં આવે છે.
- દરરોજ કિડીને કિડીયારૂ, પંખીઓને ચણ અને કૂતરાને રોટલા આપવામાં આવે છે.
- સુંદર ચબુતરો, ગોદામ, શેડ, સ્ટાફ ક્વાર્ટર્સ, પાણીનાં અવાડા, પાણીની ટાંકી વગેરે અદ્યતન સગવડો કરવામાં આવેલ છે.
- યુવાનો અને પીઢ વ્યક્તિઓના માર્ગદર્શન હેઠળ અહીં પૂરા સંકુલની દેખરેખ રાખવામાં આવે છે.

આ સંસ્થા સાથે સક્રિય ટ્રસ્ટમંડળ ઉપરાંત અલગ-અલગ ગામ અને શહેરોમાં ૫૦થી વધુ કાર્યકર્તાઓ જોડાયેલા છે. જેઓ દાતાશ્રીઓ સાથે સંપર્ક કરી જીવદયાની સરવાણી સતત ચાલુ રાખે છે.

આ સંસ્થાના નૂતન સંકુલનો ભવ્ય લોકાર્પણ મહોત્સવ તા. ૬ અને ૭ જુલાઈ, શનિ-રવિવારે ભચાઉ (કચ્છ) મધ્યે ઉજવાઈ ગયો છે. જેમાં વાગડ સમુદાયનાં તપ. પ્રભાવિકા સાધ્વીજી પ.પૂ. હંસકીર્તિશ્રીજી મ.સા. આદિ ઠાણાએ નિશ્રા પ્રદાન કરી હતી તથા ઉદ્ઘાટનની પૂર્વ સંધ્યાએ કચ્છના કોકીલકંઠી ગાયીકા ગીતાબેન રબારીના ભવ્ય લોક ડાયરાનું આયોજન કરેલ હતું અને તા. ૭ જુલાઈના ઉદ્ઘાટન સમારોહમાં મુખ્ય અતિથિ વિશેષ તરીકે શ્રેષ્ઠીવર્ય શ્રી સંવેગભાઈ લાલભાઈ શાહ (પ્રમુખશ્રી ભારતભરમાં જૈન સંઘોની પ્રતિનિધિ સંસ્થા શેઠશ્રી આણંદજી કલ્યાણજી પેઢી) સંમતિ દર્શાવી હતી પણ નાદુરસ્ત તબિયતના કારણે હાજરી આપી શકેલ નહીં. તથા કુમારપાળભાઈ વી. શાહ જેને અનેક સૂરી રાજનાં કૃપાપાત્ર શાસનરત્ન તથા શ્રી કલ્પેશભાઈ શાહ જે સરસેનાધિપતિ, શ્રી જૈન એલર્ટ ગ્રુપ ઓફ ઇન્ડિયા અને શ્રી વીરેન્દ્રસિંહ જાડેજા (ગૌપ્રેમી, ધારાસભ્યશ્રી, માંડવી-મુંદ્રા વિધાનસભા) અને શ્રી વિનોદભાઈ લખમશીભાઈ ચાવડા (સાંસદશ્રી, કચ્છ - મોરબી લોકસભા) અને શ્રીમતી માલતીબેન મહેશ્વરી (ધારાસભ્ય, ગાંધીધામ ભચાઉ મત વિસ્તાર) આદિ સામાજિક, રાજકીય અને ઉદ્યોગ જગતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. તેમજ સમગ્ર કાર્યક્રમનું જીવંત પ્રસારણ લોકલ ન્યુઝ ચેનલ દ્વારા કરવામાં આવ્યું હતું. શ્રી કનકસૂરી અહિંસાધામના લોકાર્પણ પ્રસંગે શ્રી અમદાવાદ પાંજરાપોળ સંસ્થા તરફથી રૂા. ૧,૦૮,૦૦,૦૦૦/- (રૂપિયા એક કરોડ આઠ લાખ) જેટલી માતબર રકમનું દાન જાહેર કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અતિથિ વિશેષશ્રી કલ્પેશભાઈ શાહ દ્વારા પ્રાસંગિક પ્રવચન આપવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સંસ્થાને પોતાની અમૂલ્ય સંપત્તિનું દાન આપનાર દાતાશ્રીઓનો ભવ્ય સત્કાર અને સન્માન સમારોહ યોજવામાં આવેલ તથા આ પ્રસંગને સફળ બનાવવા સંસ્થાના ટ્રસ્ટ બોર્ડ અને સૌ કાર્યકરોએ જહેમત ઉઠાવી હતી.

***અહેવાલ : ભરત એ.ડી. મહેતા***
***ટ્રસ્ટીશ્રી, શ્રી કનકસૂરી અહિંસાધામ - ભચાઉ***

*સ્નાન હો ઘરમાં કે પછી હો ગંગા તટે,*
*છે શરત એ જ કે તું ભીતરથી શુદ્ધ થા!*

*તમારી પ્રતિષ્ઠાની બરાબર સંભાળ રાખો, કારણકે એ તમારા કરતાં લાંબું જીવવાની છે.*

## ભુજમાં છૂટ છે

અહીં ગાયોને ઢીંક મારવી છૂટ છે
કૂતરાઓને પાછળ દોડવાની છૂટ છે

ક્યાંક ગટરના ખાબોચિયામાં
પગ ભીના થાય છે
ચાલતા ચાલતા ખાડામાં
ગબડી પડાય છે

ગમે ત્યાં વાહનો ઊભા રાખવાની છૂટ છે
ક્યાં ચાલવું ક્યાં બેસવું
એ ચારે તરફ બેસી ગયા છે
સબ ભૂમિ ગોપાલ કી
એમ બધા પેસી ગયા છે

ગમે ત્યાં થાંભલા ખોડવાની છૂટ છે
ખાલી પડેલું તળાવ છે
સૂકાઈ ગયેલી વાવ છે
અને એવો થયો ચમત્કાર કે
આવી ગઈ નવી નાવ છે.

નિતનવા કર અહીં લાદવાની છૂટ છે
અહીં ગાયોને ઢીંક મારવાની છૂટ છે.

*રજનીકાંત ઓઝા - ભુજ*

## અવિશ્વાસુ ભક્ત

પત્થર માનો છો તમે શું પ્રભુને? શ્રી હરિને તમે કેવા જાણ્યા
મૂર્તિમાંહી પ્રગટ રહ્યા છો તમો શાને રહો છો અજાણ્યા.

પાડા પાસે પારાયણ કરાવે એવા સંતો કદી તમે ભાળ્યા?
તમારી આપત્તિઓના અનેક પ્રસંગો જીવતરમાં કોણે ટાળ્યા?

તમારા આ અંતર શત્રુઓને શું શ્રીહરિએ નથી માર્યા?
ઉપકારો અનેક તમ પર છે પ્રભુના, શ્રી હરિને શાને વિસાર્યા?

*પ્રા. સૂર્યકાંત ભટ્ટ - ભુજ*

## ....માતની બોલ

ક્રોધની નહીં શાંતની બોલ,
ભાષા તું તારા પ્રાંતની બોલ.
બોલ ના ભલે બીજા કોઈની,
જય તું ભારત માતની બોલ.

*અરવિંદ સોમૈયા - નખત્રાણા, કચ્છ*

## દીવાદાંડી

અંધાર ઘેરી રાતમાં ભૂલી પડી'તી રસ્તામાં,
મળશે ચોક્કસ માર્ગ સાચો, વિશ્વાસ એવો અતૂટ હૃદયમાં!

ધૈર્યની પરીક્ષા હરદમ લેતાં, કુવિચારો વાળું માંડી,
એટલામાં ઇનામ સ્વરૂપે દેખાય ઉત્તરમયી દીવાદાંડી!

હોય ગમે તે સ્વરૂપ - વસ્તુ, વ્યક્તિ કે વિચાર,
હે પ્રભુ! તારી હાજરી અનુભવું હું દરેકવાર!

રાહ જુએ આ મન મારું, ક્યારે આવશે નવો વળાંક?
ક્યાં નવીન રૂપમાં આવીને, કરશો ફરી પવિત્ર મેળાપ?

*કૃતિ ડી. ઠક્કર - ગાંધીધામ*
*મો. ૯૦૯૯૭ ૯૯૬૬૬*

## 'અજબ સવાલના રમૂજી જવાબ'ના જવાબો

૧. બીજે દિવસે અપવાસ
૨. ફિટનેસનો રોલ મોડેલ
૩. પતિનું લાઈસન્સ
૪. એક દિવસનો શહેનશાહ
૫. ટ્યુશનનો પૂજારી
૬. સમયની બાદબાકી કરતું યંત્ર
૭. ખુશીનો છેલ્લો દિવસ
૮. હુકમ પાળવાની કરો તૈયારી
૯. ખાતર વિનાનો પાક
૧૦. ફિગરના ઠેકાણા નથી ને ચુસ્ત કપડા
૧૧. વાળની મીટિંગ
૧૨. વહુનો ચોકીદાર
૧૩. ભૂતડી જેવી
૧૪. ઊંઘતા ટેલિફોન
૧૫. પેટમાં કરે બગાડો
૧૬. પરફેક્ટ ફિગરની લાગી લગન
૧૭. શું એ જાણે અંગ્રેજીના જાણકાર
૧૮. ચશ્મા રાખવાનું સ્ટેન્ડ
૧૯. ડે ઉજવવા ફેશન વર્લ્ડ
૨૦. દરેક ઝાડ, છાપરાનો માલિક
૨૧. પાપ ધોવાનો રસ્તો
૨૨. રાત્રિનો સંગીતકાર
૨૩. પેટમાં કરે દોડાદોડી
૨૪. પંખીઓની ધર્મશાળા
૨૫. સિધ્ધહસ્તના પ્રયોગો
૨૬. ઘરમાં કોઈ ભાવ પૂછે નહીં અને બહાર પોતે શું એ બિઝી હોય જાણે
૨૭. ગણેશ પાસે જવાનો એન્ટ્રીપાસ
૨૮. ભાડે લીધેલી પાંખો
૨૯. કલિયુગનું મંદિર
૩૦. રોગનું પ્રવેશદ્વાર
૩૧. ફ્રી ઓફ મનોરંજન
૩૨. ગમે તેવો કચરો નાખવાની પેટી
૩૩. સ્ત્રીની પ્રયોગશાળા
૩૪. બ્રેક વિનાની મોટર
૩૫. શબ્દોની જાળ ગૂંથતો કરોળિયો
૩૬. કલ્પનાનું કારખાનું
૩૭. જાણે રોબો જોઈ લો
૩૮. માઈક પોતાના બાપનું જાણે
૩૯. જાણે મુઠ્ઠી ઊંચેરો માનવી
૪૦. ૪-૫ જાતના થર કરીને બનાવેલું સુંદર મુખડું
૪૧. પોતાનું એટીટ્યુડ દેખાડવાનો અવસર
૪૨. વ્યર્થ કોશિશ કરતી માનુનીઓ
૪૩. એકાઉન્ટમાં હોય ૫૦૦ રૂપિયા ને બ્રાન્ડેડ આઈટમનું શોપીંગ કરવાનો દેખાવ.
૪૪. સામેથી જઈને ઈંગ્લિશના ૪-૫ વાક્યો છોકરીઓ પર ઠોકી માર.
૪૫. જો કોઈ હડફેટમાં આવી ગઈ તો એની સાત પેઢીની ચર્ચા ચાલુ.
૪૬. રાત્રે ગરમ પાણીની થેલીનો પગમાં શેક કરે ને એરોબિક્સના સ્ટેપ શીખવા ક્લાસમાં જાય...
૪૭. રસોડામાં વંદા ક્રિકેટરની ટીમ બનાવીને રમે ને પોતે ક્લિન ક્લીનની ટીપ્સ આપે બોલો...
૪૮. પૂજા પણ થાય અને ઓપરેશનથી કોથળી પણ કઢાય.
૪૯. આગલા દિવસના સમાચારની આપ-લે કરવાનો મસ્ત મોકો.
૫૦. બગીચાઓમાં ફરે છે કે હોલમાં હાલે છે?
૫૧. શું યે જાણે ગામની કાયાપલટ કરનારો... પેલા તારી કાયા સામે તો જો...!
૫૨. પરફેક્ટ મમ્મી સાબિત કરવાનો મોકો.
૫૩. વાતો કરે હિમેશ રેશમિયાની અને બેફિકરે મૂવીની અને પોતાના કોઈ ઠેકાણા ન હોય.
૫૪. આખો દિ સીસોટી વગાડે પણ ઘરમાં બાયડી પાસે સિસોટી બંધ.
૫૫. હોય કંઈક અને દેખાડે કંઈક.

*સલાહ નહીં, સાથ જ મહત્ત્વનો છે; બાકી, ખબર તો બધાને પડે છે કે શું કરવું અને શું ન કરવું.*




**sharpex**®

forest & garden solutions

# ઝાડ હોય કે ડાળ,
# શાર્પેક્સ કરે શ્રેષ્ઠ દેખભાળ !

**શાર્પેક્સની શ્રેષ્ઠ ક્વૉલિટીની ડાળી કાપવાની કાતરોથી આંબો, બોર, લિંબૂની ડાળીઓ ખૂબ સરળતાથી અને ઝડપી કાપાય છે. જેના સારા કટીંગ અને ફીનીશીંગ સાથે ઝાડમાં સડો, જીવડા થવાની અથવા ફૂગ લાગવાની સમસ્યા રહેતી નથી.**

**શાર્પેક્સના આધુનિક મશીનોથી નિલગિરિ, સુબાબુલ અને મીલીયા દુબિયાના ઝાડ ૧૦૦ ગણી ઝડપથી કાપી શકાય છે.**

**નકામી ડાળીમાંથી સરળતાથી ખાતર બનાવતા ચીપર, શ્રેડર અને ઝડપથી ખાડા ખોદવાના મશીનો પણ ઉપલબ્ધ.**



બ્રાંચ કટર




પેટ્રોલ ચેઈન સો



TRITON

ગ્રીન વેસ્ટ શ્રેડર

**શોરૂમ :** શાર્પેક્સ શોપ, 105, આરોહી કોમ્પ્લેક્સ, વર્લ્ડ ઑફ ટાઈટનની ઉપર, રસરંજનની પાસે, વિજય ચાર રસ્તા, અમદાવાદ.

**ફેક્ટરી :** પ્લોટ નં 1-5, એલ ટાઈપ એસ્ટેટ, જી.આઈ.ડી.સી, ઓઢવ,અમદાવાદ, 382 415, ગુજરાત. Toll-free: **1800-313-3303 | +91-9998333933**

શબ્દોની સંતાકૂકડી

# અજબ સવાલના રમૂજી જવાબ



ભાવના એ. ઝવેરી

**૧.** નીચે આપેલા ક્લુના તમારી દૃષ્ટિએ રમૂજી જવાબ અથવાઅજબ-ગજબ જવાબ આપો. (સમય : ૧૦ મિનિટ)

*ઉદા. :* ભેંસ – દૂધ આપતી ફેક્ટરી

**ક્લુ**

૧. ઊંધિયા પાર્ટી
૨. હીરો
૩. સિંદૂર
૪. વરરાજા
૫. વિદ્યાર્થી
૬. મોબાઇલ
૭. લગ્ન દિન
૮. બૅચલર પાર્ટી
૯. દાઢી
૧૦. લેગીંગ્સ - શોર્ટ કૂર્તિ
૧૧. અંબોડો
૧૨. સસરા
૧૩. ખુલ્લા વાળ
૧૪. બગાસું
૧૫. રગડો - પૂરી
૧૬. હીરોઇન
૧૭. વૉટ્સ ઍપ
૧૮. નાક
૧૯. કૉલેજ
૨૦. વાંદરો
૨૧. પસ્તાવો
૨૨. મચ્છર
૨૩. છોલે પૂરી
૨૪. વૃક્ષ
૨૫. બ્યુટી પાર્લર
૨૬. મોબાઈલ કાન પર
૨૭. ઉંદર
૨૮. ચશ્મા
૨૯. થિયેટર
૩૦. હોટેલ
૩૧. ઝઘડો
૩૨. પેટ
૩૩. રસોડું
૩૪. મન
૩૫. વકીલ
૩૬. કવિ
૩૭. જીમ ટ્રેઇનર
૩૮. પોલીટિશિયન
૩૯. કૂતરો પાળવો
૪૦. ચહેરાનું સૌંદર્ય
૪૧. કિટી પાર્ટી
૪૨. લેડીઝ જીમ
૪૩. ક્રેડિટ કાર્ડ
૪૪. હેન્ડસમ છોકરો
૪૫. મહિલા મંડળ
૪૬. ઍરોબિક્સ
૪૭. કિચન ક્વીન
૪૮. ગાય
૪૯. મોર્નિંગ વૉકર્સ
૫૦. લેડીઝ - મોર્નિંગ વૉકર્સ
૫૧. સોશિયલ વર્કર
૫૨. બાળકોનું વેકેશન
૫૩. પ્રેમમાં ભંગાણ
૫૪. ટ્રાફિક હવાલદાર
૫૫. ફેસબુક

**૨.** આ ગેમ બીજી રીતે પણ રમાડી શકાય. ક્લુના નામની એક-એક ચિઠ્ઠી બનાવી નાખો. બધાને એક એક ચિઠ્ઠી આપો. વારાફરતી ચિઠ્ઠીમાં જે શબ્દ નીકળે તેના અજબ - રમૂજી જવાબ આપવાના. જે વધારે સરસ જવાબ આપે તે વિનર.

**3.** આ ગેમ પાસિંગ બોલની જેમ પણ રમી શકાય.

બાઉલમાં ચિઠ્ઠી રાખી દો. જેના હાથમાં બોલ રહે તેને બાઉલમાંથી ચિઠ્ઠી ઉપાડી જે શબ્દ નીકળે તેના પરથી અજીબ વાક્ય બનાવીને બોલે. ત્યારબાદ તે નીકળી જાય.

આ ગેમમાં રમૂજ પણ થાય, ટાઈમ પાસ થાય અને પિકનિકમાં રમવાની મજા આવે.

*(જવાબો આ જ અંકમાં અન્યત્ર આપેલા છે.)*


## શ્રી કચ્છી સમાજ - અમદાવાદના બેંક ખાતામાં રકમ જમા કરાવવા અંગે

| | | |
|---|---|---|
| નામ / Name | : | શ્રી કચ્છી સમાજ – અમદાવાદ / **Shri Kacchhi Samaj – Ahmedabad.** |
| બેંક | : | ભારતીય સ્ટેટ બેંક, પાલડી, અમદાવાદ. |
| **Bank** | : | **State Bank of India, Paldi, Ahmedabad (05306)** |
| **A/C No. :** | : | **10011315039 • IFS Code : SBIN0005306 SWIFT** |

સમાજ કાર્યાલય વોટ્સઅપ નંબર : ૯૬૦૧૨ ૭૫૦૭૮

# શબ્દ શોધ : ૮૬

મો. ૯૪૨૬૬ ૬૦૪૧૨

● પ્રદીપ જોશી - આદિપુર ●

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ■ | ૨ | | ૩ | | ૪ | ■ | ૫ |
| ૬ | ૭ | | ■ | | ■ | ૮ | ૯ | |
| ૧૦ | | ■ | ૧૧ | | ૧૨ | ■ | ૧૩ | |
| ■ | ૧૪ | | | ■ | ૧૫ | | | ■ |
| ૧૬ | | ■ | ૧૭ | ૧૮ | | ■ | ૧૯ | ૨૦ |
| | ■ | ૨૧ | ■ | | ■ | ૨૨ | ■ | |
| ૨૩ | | | ■ | | ■ | ૨૪ | | |
| | ■ | ■ | ૨૫ | | ૨૬ | ■ | ■ | |
| ૨૭ | | ■ | ૨૮ | | | ■ | ૨૯ | |

## આડી ચાવીઓ

૨. ૧૫મી ઓગસ્ટ (૫)
૬. અવતારી પુરુષ, ઈશુ ખ્રિસ્ત (૩)
૮. ભાર, બોજ (૩)
૧૦. મમ્મીના પપ્પા (૨)
૧૧. "આજે કઈ _____ છે?" (૩)
૧૩. રક્તવાહિની (૨)
૧૪. ઉત્તર ભારતના એક મધ્યકાલીન સંત (૩)
૧૫. સર્વ કાંઈ, સઘળું (૩)
૧૬. મમ્મીની બહેન (૨)
૧૭. સોગંદ (૩)
૧૯. ચા દૂધ વગેરે પર બાઝતી પોપડી (૨)
૨૩. ગુજરાતનું એક બંદર (૩)
૨૪. નદી (૩)
૨૫. ભારતનું એક રાજ્ય (૩)
૨૭. કડવું, અપ્રિય (૨)
૨૮. વીણાના સાત માંનો પાંચમો તાર (૩)
૨૯. આકાશ, આસમાન (૨)

## ઊભી ચાવીઓ

૧. પ્રસિધ્ધિ, કીર્તિ (૩)
૨. વેદીમાં હોમ કરતી વેળા બોલાતો ઉદ્‌ગાર (૨)
૩. ત્રણ અક્ષરોવાળું (૩)
૪. "ન બોલ્યામાં નવ _____" (૨)
૫. સુથારનું એક ઓજાર (૩)
૭. દંડની એક પ્રકારની કસરત (૪)
૯. લોકોનો અભિપ્રાય (૪)
૧૧. એ નામનો પૌરાણિક માન્યતા પ્રમાણેનો એક દાનવ (૩)
૧૨. ખલાસ, પૂરું (૩)
૧૬. રાહ બતાવનારું (૫)
૧૮. પરમાત્મા, પરમેશ્વર (૫)
૨૦. જ્યાં ત્યાં ભટકતું (૫)
૨૧. મરણ પાછળની રોક્કળ (૨)
૨૨. એક ચોપગું પ્રાણી (૨)
૨૫. દર, કોતર, રાફડો (૨)
૨૬. રેણુ, ધૂળ (૨)

## શબ્દશોધ : ૮૫નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ખ | ■ | ર | જ | નિ | ના | થ | ■ | અ |
| ત | મ | સ | ■ | ર્મ | ■ | ર | હે | મ |
| મ | હા | ■ | ખ | લા | સ | ■ | વા | ર |
| ■ | સા | ■ | ન | સી | બ | ■ | નિ | ■ |
| ના | ગ | ■ | ક | તા | ર | ■ | ય | મ |
| ગ | ર | મ | ■ | ર | ■ | સી | ત | મ |
| ર | ■ | સ્ત | ■ | મ | ■ | તા | ■ | રા |
| ■ | શો | ■ | મ | ન | ન | ■ | ર | ■ |
| હ | ર | ક | ત | ■ | વી | ર | જા | યો |

## ચંદ્રયાન મિશનમાં કચ્છી વૈજ્ઞાનિકોનું નોંધનીય પ્રદાન

ભારતીય અંતરીક્ષ અનુસંધાન ઈસરો દ્વારા શ્રી હરિકોટા ખાતેથી સફળતાપૂર્વક ચંદ્ર તરફ મોકલવામાં આવેલ ચંદ્રયાનના નિર્માણમાં કચ્છી વૈજ્ઞાનિકોનું પણ મહત્ત્વનું પ્રદાન રહ્યું હોવાનું જાણવા મળે છે.

મૂળે ભુજના અને ઈસરોમાં વૈજ્ઞાનિક તરીકે ફરજ બજાવતા અનુપભાઈ વોરા, પરેશભાઈ વૈદ્ય તથા યશેષ રાણાનું ચંદ્રયાન નિર્માણમાં યોગદાન રહ્યું છે. ચંદ્રયાન ચંદ્ર પર પહોંચે ત્યાં સુધી અને એ પછી પૃથ્વી પર પોતાના સંદેશાઓ સફળતાપૂર્વક મોકલી શકે તે માટેના સેન્સર્સ બનાવવાની મહત્ત્વની કામગીરીમાં અનુપભાઈ વોરા તથા પરેશભાઈ વૈદ્યનું પ્રદાન રહ્યું છે. તો યશેષભાઈ રાણા પ્રોજેક્ટના પ્લાનિંગમાં સંકળાયેલા રહ્યા હતા.

*માણસને ઓળખવો હોય તો ખાલી એટલું કહી દો કે હું તકલીફમાં છું.*

# શ્રી કચ્છી સમાજ - અમદાવાદનો દૈનિક અહેવાલ

## જૂન / જુલાઈ / ઓગસ્ટ - ૨૦૧૯

★ **સોમવાર, તા. ૨૪-૬-૨૦૧૯**

- કચ્છી નૂતન વર્ષ મિલન સમારંભના અનુસંધાને શ્રી અશોક મહેતા, શ્રી ભરતભાઈ ઓઝા, શ્રી જગદીશભાઈ ઠક્કર, શ્રી અતુલભાઈ સોની વગેરેએ જરૂરી ડોનેશન્સ માટે શ્રી શાંતિલાલભાઈ ગાલા, શ્રી સુરેશભાઈ પટેલ, શ્રી આર.કે. પટેલ, શ્રી કરશનભાઈ પટેલ તથા શ્રી જયમીનભાઈ સોનીની મુલાકાત લઈ, જરૂરી ડોનેશન્સના વચનો મેળવેલ હતા.

★ **શુક્રવાર, તા. ૨૮-૬-૨૦૧૯**

- કચ્છી નૂતન વર્ષ મિલન સમારંભના કાર્યક્રમ માટે અગાઉ નક્કી કરવામાં આવેલ શ્રી કૌશિકભાઈ પટેલના સમાચાર આવ્યા કે તેમના અન્ય રોકાણોના કારણે તેઓ તા. ૪-૭-૨૦૧૯ના કાર્યક્રમમાં અતિથિ વિશેષશ્રી તરીકે ઉપસ્થિત રહી શકશે નહીં.

★ **સોમવાર, તા. ૧-૭-૨૦૧૯**

- શ્રી મનુભાઈ કોટડિયા, શ્રી દીપકભાઈ ચૌહાણ તથા શ્રી દિનેશભાઈ મહેતા આજે સમાજ પર એકત્રિત થયા હતા અને સરસ્વતી સન્માનના શિલ્ડ, કવર, સર્ટીફિકેટ વગેરે બાબતે ફાઈનલ નિર્ણયો લીધેલ હતા.

★ **મંગળવાર, તા. ૨-૭-૨૦૧૯**

- તા. ૪-૭-૨૦૧૯ના કાર્યક્રમ માટે આજે સાંજના કાર્યકરોની એક મીટિંગ બોલાવવામાં આવેલ હતી કે જેમાં પંદરેક જેટલા કાર્યકરો ઉપસ્થિત રહેલ હતા. નોંધણી કાઉન્ટર, સ્ટેજ પરની વ્યવસ્થા, સરસ્વતી સન્માનની પ્રક્રિયા, કચ્છશ્રુતિ વિશેષાંકનું વિમોચન, જમણવાર, મંડપ, મનોરંજન કાર્યક્રમ વગેરે બાબતે છણાવટપૂર્વક ચર્ચા કરી જરૂરી નિર્ણયો લેવામાં આવેલ હતા.

★ **બુધવાર, તા. ૩-૭-૨૦૧૯**

- તા. ૪-૭-૨૦૧૯ના મિલન સમારંભના અનુસંધાને એન્કર શ્રીમતી અલ્પાબેન શાહ, શ્રી હિમાંશુભાઈ ઠક્કર, શ્રી સંજય રાઠોડ, શ્રી કનુભાઈ પટેલ વગેરેએ પોતાની જવાબદારી સમજી, આવતીકાલની કાર્યવાહીને ફાઈનલ ઑપ આપેલ હતો.

★ **ગુરુવાર, તા. ૪-૭-૨૦૧૯**

- આજે ટાગોર હોલ પર કચ્છી નૂતન વર્ષ મિલન સમારંભ ઉજવવામાં આવ્યો. કાર્યક્રમની શરૂઆત ૫ વાગે થઈ શકી. સમાજના હોદ્દેદારો, અતિથિ વિશેષશ્રીઓ તથા સરસ્વતી સન્માનના દાતાશ્રીઓ મંચ પર બિરાજમાન હતા. કચ્છશ્રુતિ જુલાઈ-૨૦૧૯ 'વૈજ્ઞાનિક માહિતી વિશેષાંક'નું વિમોચન શ્રી શાંતિલાલભાઈ ગાલાના વરદ્ હસ્તે કરાવવામાં આવેલ હતું. લગભગ ૮૦ જેટલા તેજસ્વી વિદ્યાર્થીઓને મંચ પર બોલાવી તેમને ઍવોર્ડ, સર્ટીફિકેટ, ગીફ્ટ કવર વગેરે એનાયત કરવામાં આવેલ હતા. સાંજના ૬ થી ૮માં સૌએ કચ્છી ભોજનની સમૂહ મિજબાની માણેલ હતી. ત્યારબાદ સમાજના જ બાળકો તથા યુવા કલાકારો દ્વારા રજૂ કરવામાં આવેલ રંગારંગ કાર્યક્રમે સમારંભમાં રંગત લાવી દીધેલ હતી. રાત્રે ૧૧ વાગે કાર્યક્રમની પૂર્ણાહૂતિ થયેલ હતી. કાર્યક્રમના અનુસંધાને સારું એવું ફંડ એકત્રિત થયેલ હતું.

★ **બુધવાર, તા. ૧૭-૭-૨૦૧૯**

- (૧) શ્રી ધનસુખલાલ વીરજી સંઘવી ચેરિ. ટ્રસ્ટ - ઝરિયા, (૨) દીપ ફાઉન્ડેશન તથા (૩) મેઘજીભાઈ ખેતાણીને પત્રો લખવામાં આવ્યા.

★ **ગુરુવાર, તા. ૧૮-૭-૨૦૧૯**

- ગુરુવાર, તા. ૪-૭-૨૦૧૯ના કાર્યક્રમના અનુસંધાને આર્થિક અથવા અન્ય રીતે સહકાર આપનાર દરેક મહાનુભાવને આભાર માનતા પત્રો લખવામાં આવ્યા.

★ **શનિવાર, તા. ૨૦-૭-૨૦૧૯**

- સ્પાન નોન ટ્રેડિંગ એસોસિએશન દ્વારા આજે સ્પાન બિલ્ડિંગમાં બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન ગોઠવવામાં આવેલ હતું. બ્લડની ૪૨ બોટલ એકત્રિત કરી શકાઈ.
- આજરોજ શ્રી અશોક મહેતા, શ્રી મનુભાઈ કોટડિયા તથા શ્રી અતુલભાઈ સોનીએ શ્રી દિનેશ મહેતા સાથે 'કચ્છશ્રુતિ'ના પ્રસારણ બાબતે ચર્ચા કરેલ હતી.

★ **બુધવાર, તા. ૨૪-૭-૨૦૧૯**

- આજરોજ શ્રી અતુલભાઈ સોની, શ્રી મનુભાઈ કોટડિયા

*રંગોથી સાવધાન રહો કે ના રહો, રંગ બદલનાર લોકોથી સાવધાન રહેજો.*

અને શ્રી કૈલાસદાન ગઢવી, શ્રી અતુલભાઈ સોનીની ઑફિસ પર મળેલ હતા. પોતાના પર કાર્યભાર વધુ હોવાના કારણે શ્રી કચ્છી સમાજ - અમદાવાદના વર્ષ ૨૦૧૮-૧૯ના હિસાબો પણ ઑડિટ કરવાનું તેમનાથી શક્ય બની શકશે નહીં તેવું શ્રી કૈલાસદાન ગઢવીએ જણાવેલ હતું. મીટિંગના અંતે શ્રી કચ્છી સમાજ - અમદાવાદે અન્ય કોઈ સી.એ. કંપની પાસેથી પોતાના હિસાબો ઑડિટ કરાવવાના રહેશે તેવું નક્કી કરવામાં આવેલ હતું. સ્પાન ટ્રેડ સેન્ટરમાં ઑફિસ ધરાવતા સી.એ. નીરવ કાપડિયાને આ ઑડિટીંગ કામ સુપ્રત કરવાનું તેમની સાથે નક્કી કરવામાં આવ્યું.

★ **ગુરુવાર, તા. ૨૫-૭-૨૦૧૯**

- શ્રી અશોક મહેતા, શ્રી ભરતભાઈ ઓઝા, શ્રી અતુલભાઈ સોની તથા શ્રી દિનેશભાઈ મહેતા આજે સાંજના સ્વ. ઇંદિરાબેન સુરેશચંદ્ર મહેતાની પ્રાર્થના સભામાં ગાંધીનગર જઇ આવેલ હતા. શ્રી કૈલાસદાન ગઢવી, શ્રી ચિત્રસેન શાહ વગેરે પણ ત્યાં ઉપસ્થિત રહેલ હતા.

★ **શુક્રવાર, તા. ૨૬-૭-૨૦૧૯**

- શ્રી કચ્છી સમાજ - અમદાવાદના ટ્રસ્ટીશ્રીઓની તથા કારોબારી સભ્યશ્રીઓની વર્ષ ૨૦૧૮-૧૯ની હાજરીની નોંધ તૈયાર કરવામાં આવી.

★ **સોમવાર, તા. ૨૯-૭-૨૦૧૯**

- સી.એ. નીરવભાઈ કાપડિયાના સ્ટાફે શ્રી કચ્છી સમાજ - અમદાવાદના વર્ષ ૨૦૧૮-૧૯ના હિસાબોનું ઑડિટ કાર્ય આજથી શરૂ કરી દીધેલ છે.

★ **મંગળવાર, તા. ૩૦-૭-૨૦૧૯**

- સી.એ. નીરવભાઈ કાપડિયાએ છેલ્લા ૪ વર્ષથી ઇન્કમટેક્ષ ઑફિસની શ્રી કચ્છી સમાજ - અમદાવાદ પર આવતી નોટીસો અંગે ધ્યાન દોરેલ હતું.

★ **બુધવાર, તા. ૩૧-૭-૨૦૧૯**

- જન વ્યવહાર ઠપ્પ થઇ જાય તેવો સીઝનનો આજે પહેલો વરસાદ હતો કે જ્યારે લગભગ પૂરા અમદાવાદમાં પાણી ભરાઈ ગયેલ હતા. લગભગ ૪ ઇંચ વરસાદ પડેલ હતો.

★ **ગુરુવાર, તા. ૧-૮-૨૦૧૯**

- આજરોજ સમાજની ઑફિસ પર શ્રી અશોક મહેતા, શ્રી અતુલભાઈ સોની, એકાઉન્ટન્ટ શ્રી રાજુભાઈ શાહ તથા સી.એ. નીરવ કાપડિયા એકત્રિત થયેલ હતા. શ્રી નીરવ કાપડિયાએ ઇન્કમટેક્ષની આવેલ નોટીસો બાબત વિગતવાર માહિતી આપેલ હતી. જૂના સી.એ. શ્રી સુધીરભાઈ શાહ પાસેથી જરૂરી પેપર્સ મંગાવવાનું નક્કી કરવામાં આવ્યું. ત્યારબાદની કાર્યવાહી શ્રી નીરવ કાપડિયા આગળ ચલાવશે તેવી વિચારણા કરવામાં આવી. વર્ષ ૨૦૧૮-૧૯ના હિસાબો ઑડિટ કરીને એકાદ અઠવાડિયામાં તેનો રીપોર્ટ શ્રી નીરવ કાપડિયા સુપ્રત કરી દેશે તેવું પણ નક્કી કરવામાં આવ્યું.

★ **શુક્રવાર, તા. ૨-૮-૨૦૧૯**

- ગુજરાત વેપારી મહામંડળની એક સમિતિમાં શ્રી કૈલાસદાન ગઢવીની પ્રમુખ તરીકેની વરણીના સમાચાર તથા 'દિવ્ય ભાસ્કરે' પ્રસારિત કરેલ કેફે કોફી ટેબલ બુકમાં શ્રી હરીશભાઈ રંગવાલાની હર્ષા એન્જિનિયર્સનો સમાવેશ કરવામાં આવ્યો, તેવા સમાચાર મળતા તેની વિગતો મંગાવવામાં આવી.
- આજરોજ શ્રી મનુભાઈ કોટડિયાએ કેટલીક જગ્યાએ બાકી રહેતી ઉઘરાણી માટે જરૂરી ફોન કરેલ હતા.

*જેટલા ખરાબ અનુભવો, એટલું જ મજબૂત વ્યક્તિત્વ.*

**Mr. Prafulchandra Tank**
M. : +91 98250 53258

**Mr. Kishan P. Tank**
M. : +91 99258 11599

K C I **KARMA**
**CHEMICAL INDUSTRIES**

**Manufacturer of : BASIC DYES**
**RHODAMINE B 540%**
Basic Violet 10 & Other Qualities
**BASIC RHODAMINE B BASE**
BASIC DYES FOR
**Paper, Textile Printing & Leather**

● **FACTORY** ●
67/6, Phase-1, G.I.D.C. Vatva, Ahmedabad-382 445. Ph. : (079) 25890110

● **RESIDENCE** ●
21-22/D, Ramkrishna Society, Nr. Aavkar Hall, Maninagar,Ahmedabad-380 008.
Ph.: (079) 25462812
E-mail : karmachemical@gmail.com
tankishan5115@gmail.com

## જૈન ધર્મનું ગુણવત્તા સભર સાહિત્ય

**પંડિત સુખલાલજી**

| | |
|---|---|
| સમાજ, ધર્મ અને સંસ્કૃતિ | 130 |
| જૈન ધર્મ અને દર્શન | 200 |
| પરિશીલન | 150 |
| દાર્શનિક ચિંતન | 155 |
| અર્ધ્ય | 100 |
| અનેકાંત ચિંતન | 180 |

**રતિલાલ દી. દેસાઈ**

| | |
|---|---|
| અમૃત સમીપે | 360 |
| જિનમાર્ગનું જતન | 280 |
| જિનમાર્ગનું અનુશીલન | 300 |
| શ્રી ભદ્રેશ્વર વસઈ મહાતીર્થ | 30 |

**રોહિત શાહ**

| | |
|---|---|
| મારા મહાવીર, તારા મહાવીર | 60 |
| શ્રાવક ધર્મનું શિખર : વેયાવચ્ચ | 40 |
| મિચ્છા મિ દુક્કડમ્ | 50 |

**આચાર્ય વાત્સલ્યદીપસૂરિ**

| | |
|---|---|
| જૈન સજ્ઝાય અને મર્મ | 70 |
| સુખ તમારી પ્રતીક્ષા કરે છે | 30 |
| અક્ષર અને અસ્તિત્વ | 100 |
| ભગવાન મહાવીરની આગમવાણી | 40 |
| યોગનિષ્ઠ આચાર્યશ્રીની આતમવાણી | 50 |
| પ્રભાવના | 12 |
| Jain Dharma | 100 |
| જૈનોપનિષદ | 65 |
| શ્રી જૈન મહાવીર ગીતા : એક દર્શન | 350 |
| અષ્ટપ્રકારી પૂજા | 60 |

## જૈન ધર્મનાં અન્ય પ્રકાશનો

| | | |
|---|---|---|
| સંગિતી | પં. બેચરદાસ દોશી | 180 |
| પરમનો સ્પર્શ | કુમારપાળ દેસાઈ | 250 |
| માધુરી | પં. દલસુખભાઈ માલવણિયા | 150 |
| અવધૂત આનંદઘન પદલહરી | માવજી કે. સાવલા | 110 |
| જૈનધર્મ ગાઓ : જીવનમર્મ પાઓ | દોલતભાઈ દેસાઈ | 25 |
| જૈન રામાયણ | મુનિ તરુણવિજય | 35 |
| જૈનત્વને ચરણે | હિમાંશુ શાહ | 70 |
| મધ્યકાલીન પદ્યકૃતિ વિમર્શ (ફાગુ, બારમાસી, ચોવીસી) | અભય દોશી | 500 |
| જૈન રાસવિમર્શ | અભય દોશી | 600 |
| જૈન સાહિત્યના અક્ષર-આરાધકો (19મી અને 20મી સદી) | માલતી શાહ | 700 |
| શ્રી પાર્શ્વ પ્રભુનાં પ્રાચીન તીર્થો | વિમલકુમાર મો. ધામી | 130 |

## વસાવવા જેવાં વૈવિધ્યપૂર્ણ પુસ્તકો




શ્રાવક ધર્મનું શિખર : વૈયાવચ્ચ

કિંમત : 40



મિચ્છા મિ દુક્કડમ્

કિંમત : 50




જૈન સજ્ઝાય અને મર્મ

કિંમત : 70




ભગવાન મહાવીરની આગમવાણી

કિંમત : 40




Jain Dharma

કિંમત : 100




જૈનોપનિષદ

કિંમત : 65

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

### ગૂર્જર સાહિત્યભવન

રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ - 380 001

ફોન : 079-22144663.

e-mail : goorjar@yahoo.com

### ગૂર્જર સાહિત્ય પ્રકાશન

102, લેન્ડમાર્ક બિલ્ડિંગ, ટાઈટેનિયમ સિટીસેન્ટર પાસે, સીમા હૉલની સામે,

100 ફૂટ રોડ, પ્રહ્લાદનગર, અમદાવાદ-15 ફોન : 26934340, મો. 9825268759

ઈમેલ : gurjarprakashan@gmail.com

CIMS

# સીમ્સ હોસ્પિટલ

વિશ્વાસ




ગુજરાતની પ્રથમ પ્રાઈવેટ હોસ્પિટલ
જેમાં ફુલી ડિજીટીલાઈઝ્ડ આઈસીયુઓ અને
ઓપરેશન થીયેટર,
૨ સીટી સ્કેન, ૧ એમઆરઆઈ અને
૩ કાર્ડિયાક કેથલેબ સુવિધાઓથી ઉપલબ્ધ

- પશ્ચિમ ભારતમાં સર્વ પ્રથમ : દર્દીઓની સચોટ, ઝડપી અને સારામાં સારી સારસંભાળ માટે સંપૂર્ણપણે "ડિજિટલ હોસ્પિટલ"
- GE Centricity® સોફ્ટવેર દ્વારા ઇમેજિંગ અને સંપૂર્ણ ચોકસાઇથી નિદાન. • સંપૂર્ણપણે ડિજિટલાઇઝ્ડ આઇસીયુ અને ઓપરેશન થિયેટર્સ.

## મલ્ટી-સુપર સ્પેશિયાલીટી હોસ્પિટલ સંપૂર્ણ સારવાર એક જ સ્થળ પર

- એનેસ્થેસિયાલોજીસ્ટ
- આર્થ્રોસ્કોપી અને સ્પોર્ટ મેડિસીન
- બ્લડ બેંક
- પિડિયાટ્રીક બોર્ન મેરો ટ્રાન્સપ્લાન્ટ
- કાર્ડિયોલોજી
- કાર્ડિયો થોરાસિક સર્જરી
- સીટી કોરોનરી એન્જીયો
- કોસ્મેટોલોજી
- ક્રિટિકલ કેર
- ડેન્ટીસ્ટ્રી
- ડર્મેટોલોજી
- એન્ડોક્રાઈનોલોજી
- ઈએનટી
- ફેમિલી મેડિસીન
- ફીટલ મેડિસીન
- ગેસ્ટ્રોએન્ટ્રોલોજી
- ગેસ્ટ્રો એન્ડ ઈન્ટેસ્ટીનલ સર્જરી
- જનરલ સર્જરી
- જેનેટિક્સ
- ગાયનેકોલોજી, ઓબ્સ્ટેટ્રીક એન્ડ આઈવીએફ
- હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ
- હાઈ રીસ્ક પ્રેગ્નેન્સી યુનિટ
- હિમેટો - ઓન્કોલોજી
- ઈન્ફેક્શન એન્ડ આઈસીએફ ડિસીઝ
- ઈન્ટરનલ મેડિસીન
- જોઈન્ટ રીપ્લેસમેન્ટ સર્જરી
- લેપ્રોસ્કોપીક સર્જરી
- લંગ ટ્રાન્સપ્લાન્ટ
- નિયોનેટોલોજી એન્ડ પીડિયાટ્રીક્સ
- નેફ્રોલોજી
- ન્યુરોલોજી
- ન્યુરો સર્જરી
- ઓબેસીટી મેનેજમેન્ટ
- ઓન્કોલોજી એન્ડ ઓન્કો સર્જરી
- ઓપ્થેલ્મોલોજી
- ઓર્થોપેડીક્સ
- ઓન્કોલોજી
- પેઈન ક્લિનીક
- પેથોલોજી એન્ડ માઈક્રોબાયોલોજી
- પીડિયાટ્રીક સર્જરી
- ફિઝીયોથેરાપી એન્ડ રી-હેબીલીટેશન
- પ્રિવેન્ટીવ હેલ્થ ચેકઅપ
- પલ્મોનોલોજી
- રેડિયોલોજી
- રેડિયેશન થેરાપી
- રીનલ ટ્રાન્સપ્લાન્ટ
- રુમેટોલોજી
- સ્લીપ મેડિસીન
- સ્પાઈન સર્જરી
- ટ્રોમા કેર
- યુરોલોજી
- વાસ્ક્યુલર સર્જરી



ગુજરાતનું એક માત્ર હોસ્પિટલ
જ્યાં સફળતા પૂર્વક હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ
કરવામાં આવ્યા છે.

ગુજરાતનું એક માત્ર હોસ્પિટલ
જ્યાં સફળતા પૂર્વક
ટ્રાન્સકેથેટેર એઓર્ટિક વાલ્વ ઈમ્પ્લાન્ટેશન પ્રોગ્રામ દ્વારા
5 TAVI (ટ્રાન્સ એઓર્ટિક વાલ્વ ઈમ્પ્લાન્ટેશન)
ટૂંક સમયમાં કરવામાં આવ્યા છે.

ભારતની એક માત્ર હોસ્પિટલ જે નીચેના ૭ સર્ટિફિકેટથી સન્માનિત છે

JCI (USA) | NABH | NABH EH | NABL | ACT | GreenOT

24 x 7 મેડીકલ હેલ્પલાઈન : +91-70 69 00 00 00

CIMS® Care Institute of Medical Sciences

શુકન મોલ નજીક, ઓફ સાયન્સ સીટી રોડ,
સોલા, અમદાવાદ - 380060.
ફોન : +91-79-2771 2771-72, ફેક્સ : +91-79-2771 2770
ઈમેલ : info@cims.org | www.cims.org

એમ્બ્યુલન્સ : +91-98244 50000 | ઈમરજન્સી : +91-97234 50000

www.facebook.com/cimshospitals

www.cims.org

CIMS Hospital India App on:


PRECISION
IN BEARING CAGES
PERFECTION
IN AUTOMOTIVE COMPONENTS
BRASS
CAGES
STEEL
CAGES
DEEP GROOVE CAGES
TAPER ROLLER CAGES
SPHERICAL ROLLER CAGES
CYLINDRICAL ROLLER CAGES
ANGULAR CONTACT CAGES
THRUST ROLLER CAGES
POLYAMIDE
CAGES
DEEP GROOVE CAGES
ANGULAR CONTACT CAGES
TAPER ROLLER CAGES
CYLINDRICAL ROLLER CAGES
STAMPED
COMPONENTS
AUTOMOTIVE INDUSTRY
BEARING & SEALING
ELECTRICAL & APPLIANCE INDUSRTY
SPECIAL APPLICATION
DEFECT FREE PRODUCTS THROUGH TPM CULTURE
CUSTOMER DELIGHT | EMPLOYEE EMPOWERMENT | INNOVATION
INDIA
Harsha Engineers Ltd.
Sarkhej-Bavla Road, PO Changodar, Ahmedabad-382213, Gujarat.
Phone. +91 2717 618200 E-mail: marketing@harshaengineers.com
CHINA
Harsha Engineering
Components (Changshu) Co., Ltd.
Building 25, Magiao Industrial Square,
Changshu Economic Development Zone,
Changshu, Jiangsu, PR China.
Phone: +86-0512-52264781
E-mail: mktg@harshaengineers.cn.com
ROMANIA
Harsha Engineers SRL
Str. Hermann Oberth nr.23 Hala 4
Ghimbav 507075 Brasov Romnania
Phone: +40372779900
E-mail: romaniamktg@harshaengineers.com
HARSHA
ENGINEERS
www.harshaengineers.com

REGD. NO. GAMC/1028/2018-20 VALID UPTO 31-12-2020 • R.N.I. 46515/87
PUBLISHED ON 10TH OF EVERY MONTH • POSTED AT P.S.O. AHMEDABAD ON 15TH OF EVERY MONTH

## ધી ભુજ મર્કેન્ટાઈલ કો-ઓપ. બેન્ક લિ.

મીઠાખળી છ રસ્તા, નવરંગપુરા, અમદાવાદ. Tel. 26400969 (M) 70432 16674

**બેંકની વિવિધ સગવડો**

- FDR વ્યાજ upto 8.60% @ with monthly Interest.
- C/A (ચાલુ ખાતા) Flexi Deposit માં વ્યાજ 5.50% @
- S/B (બચત ખાતા) Flexi Deposit માં વ્યાજ 6.00% @
- RTGS / NEFT / DD / IBC Cheque Book Charges : Nil
- ATM Card ■ Lockers ■ Free SMS Alert
- રૂા. ૨.૫૦ કરોડ સુધીની તાત્કાલિક લોન સ્કીમ – No Process Fees
- રૂા. ૧૦ લાખ સુધીની લોન/ CCમાં મોર્ટગેજ ખર્ચ : NIL

બેંકના રોકડ કામકાજનો સમય : સવારે ૧૦ થી સાંજે ૬

## RADHA VALLABH GROUP

Bonafide Brokers | Nelco Agency
Aryan Agency | Jaya Marketing

A-410, City Center, Opp. Idgah Police Chowky,
Prem Darwaja Road, Ahmedabad.
Phone : 22124412, 22120234, 22160418 (Resi.) 22865419
Web : www.bonafidebrokers.com

Chamanbhai : M. 99250 70719
Nileshbhai : M. 98250 70719
Amitkumar : M. 98790 24849
Hirenkumar : M. 98799 97777



## DEEP Industries Limited

Oil & Gas Exploration
Production & Services

- EXPLORATION AND PRODUCTION OF OIL AND GAS BLOCKS
- EXPLORATION AND PRODUCTION OF COAL BED METHANE
- NATURAL GAS COMPRESSION SERVICES
- OIL & GAS PROCESSING EQUIPMENT
- WORK OVER AND DRILLING RIGS
- HIGH PRESSURE MOBILE AIR COMPRESSION
- NATURAL GAS BASED POWER GENERATION
- GAS DEHYDRATION UNIT

CONTACT DETAILS
Deep Industries Limited
Address : 12A & 14, Abhi Shree Corporate Park, Ambli Bopal Road, Ambli, Ahmedabad-380 058, Gujarat, INDIA.
Phone # : +91-2717-298510 Fax # : +91-2717-298520
Website : www.deepindustries.com E-mail : info@deepindustries.com

MEET RUDANI
+91 9726066655

MILAP PATEL
+91 9737524821

RII

## RUDANI
INNOVATION INDUSTRIES

INDUSTRIES AUTOMATION • SPM MACHINES
WATERJET CUTTING MACHINE
LED TUBELIGHT & BULB MANUFACTURING MACHINE
Which Establish your Ideas & Dreams into the Reality...

47, Amba Estate, Vatva-Mehmdabad Highway, Nr. S. P. Ring Road Circle, Vatva, Ahmedabad-382445 • Web. : www.rudaniinnovation.com
Email : sales@rudaniinnovation.com
purchase@rudaniinnovation.com

Modular Kitchens | European Style Wardrobes | Pantry

SUJAKO



## SILICON®
ZERO MAINTENANCE LAMINATE



**RANGE**
- Romantic Veneer
- Zero Maintenance Laminate
- Plyboards
- Engineered Prelam Particle Board
- Doors

**Customer Care:** 09376327182, 09375021100
**Email:** info@silicon-group.com; coordinator@silicon-group.com
**Web.:** www.silicon-group.com

## Patel Tours & Travels®
CENTRALISE NO. : (079) 2681 8788, 88661 55888



AHMEDABAD / ANJAR / BARODA
BHUJ / GANDHIDHAM / MUNDRA
JAMNAGAR / JUNAGADH / MUMBAI
PUNE / RAJKOT / SURAT



BUS AVAILABLE HIRE :
A.C. NON A.C. 3X2 & VOLVO 2X2 BUS
(A.C., NON A.C. SLEEPER)

PARCEL SERVICE AVAILABLE ALL ROUTE
PAY & TO PAY
E-mail : patelinn@yahoo.com
Online Booking: www.ptttbus.in

BUILDERS WE PRESENT

SHILP
shivalik
& Many More...

BUY • SALE • RENT • INVEST
RESIDENT, COMMERCIAL, LAND
48, 4th Floor, Amrapali Axon,
Nr. Bopal Ring Road, Bopal, Ahmedabad-380058.
Mo : +91 98795 32139 +91 98700 63481
E : primeproperty123@yahoo.com

## PRIME PROPERTY
- Inspection of Property
- Evaluate Property
- Pricing of Property
- Goodwill of Developer
- Validation of Document
- Time of Delivery
- Tenant Screening
- Ultimate Properties

Printed & Published by Shri Ashok Mehta, President, Shri Kutchhi Samaj - Ahmedabad on behalf of Shri Kutchhi Samaj - Ahmedabad. • Printed at : Vinayak Offset, Dudheshwar, Ahmedabad.
Published at : Shri Kutchhi Samaj Karyalaya, 905, Span Trade Centre, Opp. Kocharab Ashram Ellisbridge, Ahmedabad-380 006.
Editor : Shri Ashok Mehta • Price : Rs. 18.00 • Lifetime Subscription : Rs. 1500/- (15 Years)